RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 24-09-2026 I VOL : 12 I Issue : 189 I Page : 8 I Price : 1.00/-

સુવિચાર

જીવન નાનું છે, તેને ફરિયાદોમાં નહીં પરંતુ ખુશીઓમાં જીવો.

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3



વાહ ભાઇ પ્રવીણ પારગી! આદિવાસી સમાજમાં ભાગલા પાડવાના 'ષડયંત્ર' પર...

4



સત્તાની તાકાત કે ન્યાયનું વસ્ત્રાહરણ? વડાપ્રધાન બનવાના...

6



ઈન્ટિમેટ સીન દરમિયાન હું ઘણી ગભરાઈ ગઈ હતી : કનિકા માન

7



એશિયન ગેમ્સ- ભારતીય મહિલા હોકી ટીમની સતત ત્રીજી જીત

## અનેક રાજ્યોમાં ફરી ચૂંટણીની માંગ કરવામાં આવી

# SIR વિવાદ વકર્યો: વિપક્ષે કરી મુખ્ય ચૂંટણી કમિશનરની ધરપકડની માંગ

### કોંગ્રેસ, AAP, TMC સહિત વિપક્ષના નેતાઓએ CECના રાજીનામા અને ધરપકડની માંગ કરી



નવી દિલ્હી

ચૂંટણી પંચ દ્વારા હાથ ધરાયેલી મતદાર યાદી સુધારણા પ્રક્રિયા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન(SIR) અને પંચની આંતરિક કામગીરીને લઈને પ્રકાશિત થયેલા એક અહેવાલ બાદ દેશના રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, તૃણમૂલ કોંગ્રેસ(TMC) સહિતના વિપક્ષના અનેક નેતાઓએ અલગ-અલગ માગણીઓ સાથે મુખ્ય ચૂંટણી કમિશનર(CEC) સામે મોરચો માંડી તેમના રાજીનામા, ધરપકડ અને તાજેતરની ચૂંટણીઓ રદ કરવાની આકરી માગણી કરી છે. બીજી તરફ, ભારતીય જનતા પાર્ટીએ આ તમામ આક્ષેપોને જનાદેશ ગુમાવી ચૂકેલા પક્ષોની હતાશા ગણાવીને ફગાવી દીધા છે, જ્યારે ચૂંટણી પંચે પોતાના તમામ નિર્ણયો સર્વસંમતિ અને નિયમો અનુસાર લેવાયા હોવાની સ્પષ્ટતા કરી છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે એ કેન્દ્ર સરકાર અને વડાપ્રધાન પર સીધા પ્રહારો કરતાં જણાવ્યું કે, વિપક્ષ લાંબા સમયથી ચૂંટણી પંચની ભૂમિકા સામે સવાલો ઉઠાવી રહ્યો હતો અને હવે પંચની અંદરથી જ તેની પુષ્ટિ થઈ ગઈ છે. તેમણે દાવો કર્યો કે, SIRના પ્રથમ ત્રણ તબક્કામાં 31 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી 13.8 કરોડ નામો ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી બાકાત કરી દેવાયા છે. 24 એપ્રિલ 2026ના રોજ 73 વિપક્ષી સાંસદો દ્વારા સીઈસીને હટાવવા માટે રાજ્યસભામાં નોટિસ અપાઈ હોવાનો ઉલ્લેખ કરતાં તેમણે વડાપ્રધાન પાસેથી જવાબ માંગ્યો હતો. કોંગ્રેસના વરિષ્ઠ વકીલ અને સાંસદ અભિષેક મનુ સિંઘવીએ પત્રકાર પરિષદમાં આક્ષેપ કર્યો કે, ભાજપે લોકશાહીની હત્યા કરવાનું કાર્યાલય ખોલી નાખ્યું છે.

## 'જ્ઞાનેશ કુમાર દેશના દુશ્મન છે...', CJP લીડર અભિજિત દીપકેના પ્રહાર

### આશુતોષ રાંકાએ કહ્યું - લોકતંત્રને બરબાદ કરનારામાં ટોચ પર નામ આવશે

નવી દિલ્હી

કોકરોચ જનતા પાર્ટીના (CJP) પ્રમુખ અભિજિત દીપકેએ દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે વિરોધ શરૂ કર્યો છે. ચૂંટણી પંચમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પર મતભેદ હોવાના દાવા સાથેના એક રિપોર્ટ બાદ દીપકેએ સીઈસી જ્ઞાનેશ કુમાર પર હુમલો કરતા કહ્યું હતું કે, તેઓ દેશના દુશ્મન છે. દીપકેએ કહ્યું કે, તેઓ ચૂંટણી નથી કરાવી રહ્યા, પરંતુ તેની પટકથા લખી રહ્યા છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, ચૂંટણી કમિશનર ડૉ. સુખબીર સિંહ સંધુ અને ડૉ. વિવેક જોશીએ SIR પ્રક્રિયા દરમિયાન 10 મહિનામાં કુલ 14 વખત ઔપચારિક રીતે વાંધો ઉઠાવ્યો હતો. દાવો કરવામાં આવ્યો છે કે, વાંધાને ધ્યાને ન રાખીને કેટલાક નિર્ણયો લાગુ કરવામાં આવ્યા હતા. આ રિપોર્ટ પબ્લિશ થતાં જ કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, સમાજવાદી પાર્ટી સહિત કેટલાક વિપક્ષી પક્ષો સહિત સીજેપી નેતાઓએ પહેલેથી જ રડારમાં રહેલા સીઈસી જ્ઞાનેશ કુમાર પર પ્રહાર શરૂ કર્યા છે. અભિજિત દીપકેએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું છે કે, 'જ્ઞાનેશ કુમાર ભારતના દુશ્મન છે. કથિત રીતે 12 કરોડથી વધુ નામ વોટર લિસ્ટમાંથી હટાવી દીધા છે.

## ચૂંટણી પંચ સમજ્યા વિચાર્યા વગર નોટિસ મોકલી રહ્યું છે : સુપ્રીમ

નવી દિલ્હી

દિલ્હીમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) પ્રક્રિયા હેઠળ લોકોને સમજી વિચાર્યા વગર નોટિસ મોકલવામાં આવી રહી છે અને પંચે કેટલીક વધારાની સુરક્ષાત્મક વ્યવસ્થાઓ વિશે વિચારવું જોઈએ તેમ સુપ્રીમ કોર્ટે મંગળવારે ચૂંટણી પંચને જણાવ્યું હતું. ચૂંટણી પંચ નોટિસ જારી કરવાના ચોક્કસ કારણોનો પૂરતો ખુલાસો કરવામાં નિષ્ફળ રહ્યું છે, અરજકર્તા મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ જોયમાલ્ય બાગચી અને ન્યાયમૂર્તિ વી મોહનાની બેન્ચે ચૂંટણી પંચને જણાવ્યું હતું કે તાર્કિક વિસંગતતા ઓળખવા માટેનાં આધાર અંગે સ્પષ્ટતાની જરૂર છે.

## ટૂથપેસ્ટ, સાબુ અને શેમ્પૂ પર લાલ-લીલા નિશાન લગાવવું જરૂરી

### જોઈને ખબર પડશે કે પ્રોડક્ટ શાકાહારી છે કે નહીં; નિયમનું ઉલ્લંઘન કરવા પર એક વર્ષની સજા

નવી દિલ્હી

કેન્દ્ર સરકારે ટૂથપેસ્ટ, સાબુ, શેમ્પૂ, કોસ્મેટિક્સ અને અન્ય ટોયલેટરીઝના પેકેટ પર લીલો અથવા લાલ/ભૂરો બિંદુ લગાવવો ફરજિયાત કર્યો છે. શાકાહારી સામગ્રી ધરાવતા પ્રોડક્ટ પર લીલો, જ્યારે માંસાહારી સામગ્રી ધરાવતા પ્રોડક્ટ પર લાલ અથવા ભૂરા રંગનો ડોટ લગાવવો પડશે. આ નિશાન પેકેટના મુખ્ય ડિસ્પ્લે પેનલના ઉપરના ભાગમાં લગાવવામાં આવશે. સરકારે લીગલ મેટ્રોલોજી (પેકેજ્ડ કોમોડિટીઝ) નિયમ, 2011માં સુધારો કરીને આ જોગવાઈ લાગુ કરી છે. 21 સપ્ટેમ્બરે અધિસૂચના જારી થવા સાથે જ નિયમો અમલમાં આવી ગયા. નાળિયેર, ઓલિવ, એલોઅવેરા, શિયા બટર જેવી સામગ્રી છોડમાંથી મળે છે. લૅનોલિન ઘેટાંના ઊનમાંથી અને કોલેજન-જિલેટિન પ્રાણીઓમાંથી મળે છે. ગ્લિસરિન, સ્ટિયેરિક એસિડ અને ફેટી એસિડ છોડ તથા પ્રાણીઓની ચરબી, બંનેમાંથી બને છે. નામ મૂળ પ્રકૃતિ જણાવતું નથી.

આવા સંજોગોમાં, લીલો-લાલ બિંદુ સ્પષ્ટ રીતે માહિતી આપશે. 60 મિલી સુધીના પ્રવાહી અને 30 ગ્રામ સુધીના ઘન પેક પર ઘટકો દર્શાવવામાં આવતા નથી. ત્યાં પણ બિંદુ ઉપયોગી રહેશે.

# મણિનગરના 'કરણ ભટ્ટ'નું કુખ્યાત સામ્રાજ્ય

## બોગસ કોલ સેન્ટરથી કરોડોની બેનામી સંપત્તિ અને સત્તાવાર સંરક્ષણના સવાલો!

અમદાવાદ

અમદાવાદના પોશ વિસ્તાર મણિનગરના હીરાભાઈ ટાવર પાસે રહેતા કરણ ભટ્ટની કરતૂતોએ રાજકારણથી લઈને ગુનાખોરીની દુનિયામાં ભૂકંપ સર્જ્યો છે.

વિદેશી નાગરિકો સાથે ઠગાઈ આચરવાના ગંભીર આરોપો અને બોગસ કોલ સેન્ટરના નેટવર્કે ભાજપ અને પોલીસ તંત્રની કામગીરી સામે મોટા પ્રશ્નાર્થ ચિન્હો ખડા કર્યા છે.

### કોણ છે આ કરણ ભટ્ટ? સામાન્ય શખ્સથી કરોડોનો આસામી બનવાની કહાની

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, સામાન્ય પૃષ્ઠભૂમિમાંથી આવતો કરણ ભટ્ટ ટૂંક સમયમાં જ કરોડો રૂપિયાની બેનામી સંપત્તિનો માલિક બની બેઠો છે. વિદેશી નાગરિકોને પોતાના જાળમાં ફસાવીને બોગસ કોલ સેન્ટર નેટવર્ક દ્વારા કરોડો રૂપિયા ખંખેરનાર આ શખ્સ આજે કાયદાની આંખોમાં ધૂળ નાખીને બેતાજ બાદશાહની જેમ ફરી રહ્યો છે.

આ કૌભાંડોના નાણાંથી માત્ર વિલાસિતીનું જીવન જ નહીં, પરંતુ મોટા પાયે રોકાણ કરીને તે હવે રેસ્ટોરન્ટ માલિક અને બિલ્ડર પણ બની ગયો હોવાના ચોંકાવનારા ખુલાસા થયા છે.

### વિવાદો સાથે જૂનો નાતો: રિવોલ્વર લાઇસન્સ કૌભાંડ અને ટિકિટ કાપવાની કહાની

કરન ભટ્ટનું નામ માત્ર કોલ સેન્ટર કૌભાંડ પૂરતું મર્યાદિત નથી, પરંતુ અગાઉ બોગસ રિવોલ્વર લાઈસન્સ કૌભાંડ માં પણ તેનું નામ જોરશોરથી ચર્ચામાં આવ્યું હતું.

આ ગંભીર મામલે નામ બહાર આવતા જ અને વધતા વિવાદોને ધ્યાનમાં રાખીને કોર્પોરેશનની



ચૂંટણી ટાણે તેની ટિકિટ પણ કાપી લેવામાં આવી હતી.

રિવોલ્વર લાઈસન્સ કૌભાંડ મામલે પોલીસ તપાસ કઈ દિશામાં આગળ વધી રહી છે અને કયા દબાણ હેઠળ તપાસને ઠેબે ચડાવવામાં આવી છે, તે આજે પણ એક મોટો રહસ્ય છે.

### સત્તાના આશીર્વાદ કે રાજકીય છત્રછાયા?

સૌથી મોટો અને સળગતો સવાલ એ છે કે, ભાજપ સાથે સંકળાયેલા આ શખ્સના કૌભાંડો પાછળ ભાજપના કયા મોટા નેતાની સંડોવણી છે? શું કોઈ રાજકીય વગદાર નેતાના આશીર્વાદ વગર આટલું મોટું આંતરરાષ્ટ્રીય કોલ સેન્ટરનું નેટવર્ક ચલાવવું શક્ય છે?

### જ્યારે વિરોધ પક્ષો અને જાગૃત નાગરિકો સવાલો ઉઠાવી રહ્યા છે ત્યારે હવે જોવાનું એ રહેશે કે:

1. બીજેપી હાઈકમાન્ડ આ મામલે શું કડક કાર્યવાહી કરશે કે પછી મામલો થાળે પાડી દેવાશે?

2. શું ED (એનફોર્સમેન્ટ ડિરેક્ટરી) કે CBI દ્વારા આ કરોડોની બેનામી સંપત્તિ અને હવાલકાંડની તપાસ કરવામાં આવશે?

3. ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ આ બાબતે ભ્રષ્ટાચારીઓ સામે શું શિસ્તભંગના કે કડક પગલાં લેશે? કે પછી સત્તાના જોરે આ કેસને પણ દબાવી દેવામાં આવશે?

**અમદાવાદના પોશ વિસ્તાર મણિનગરના હીરાભાઇ ટાવર પાસે રહેતા કરણ ભટ્ટની કરતૂતોએ રાજકારણથી લઇને ગુનાખોરીની દુનિયામાં ભૂકંપ સર્જ્યો છે**

**"પાક્કો ગુજરાત ન્યૂઝ" સીધા સવાલો પૂછે છે કે શું શાસક પક્ષના નેતા હોવાના કારણે કાયદો આ કૌભાંડીઓ સામે આંખ આડા કાન કરશે? ગુજરાતની જનતા જવાબ માંગી રહી છે!**

**આ માનેલા કૌભાંડ અંગે આપ શું માનો છો? શું ભાજપ પ્રદેશ મોરચો આ મામલે કોઇ સંતોષકારક ખુલાસો કરશે?**

## એક નજર...

### ઈશા રિખીનો મોનોકિનીમાં ગ્લેમરસ અવતાર



ઈશા રખીનો દરેક લુક તેની અલગ સ્ટાઈલ દર્શાવે છે. ક્યારેક કોર્સેટ તો ક્યારેક સ્વિમસૂટમાં તેના આ ગ્લેમરસ લુક્સથી બધાનું ધ્યાન આપોઆપ ખેંચાઈ આવે છે. વ્હાઈટ કોર્સેટ સ્ટાઈલ ડ્રેસમાં ઈશા ખૂબ જ બોલ્ડ અને આત્મવિશ્વાસુ લાગી રહી છે. ખુલ્લા વાળ તેની સુંદરતામાં ચાર ચાંદ લગાવી રહ્યા છે. તેના ડ્રેસમાં નેટ ફેબ્રિક અને લેસ વર્ક છે.

## NEWS TRACK

### 'પરમાણુ ઊર્જા અમારો અધિકાર', UNમાં બોલ્યા ઈરાની રાષ્ટ્રપ્રમુખ, અમેરિકન પ્રતિનિધિમંડળે કર્યો વોકઆઉટ

સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA)માં ઈરાનના રાષ્ટ્રપ્રમુખે અમેરિકા અને ઈઝરાયેલ સામે આકરા પ્રહારો કર્યા છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ દ્વારા ઈરાનને આતંકવાદનું સમર્થક ગણાવવા મામલે વળતો પ્રહાર કરતાં ઈરાને સ્પષ્ટ કહ્યું છે કે, ઈરાન પોતે આતંકવાદનો ભોગ બન્યું છે અને પરમાણુ ઊર્જા મેળવવી એ ઈરાનનો મૂળભૂત અધિકાર છે. ઈરાની રાષ્ટ્રપ્રમુખનું ભાષણ શરૂ થતાં જ અમેરિકી પ્રતિનિધિમંડળ સભાખંડ છોડીને બહાર નીકળી ગયું હતું. ઈરાનના રાષ્ટ્રપ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન (Iran President Masoud Pezeshkian)એ અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ (US President Donald Trump)ના નિવેદન સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. ટ્રમ્પે સંયુક્ત રાષ્ટ્રમાં આપેલા ભાષણમાં ઈરાનને આતંકવાદનું મોટું સ્પોન્સર ગણાવી તેના આર્થિક બહિષ્કારની અપીલ કરી હતી તેમજ કરાર ન થવા પર સૈન્ય કાર્યવાહીની ચેતવણી આપી હતી. ટ્રમ્પના આ નિવેદનના જવાબમાં પેઝેશ્કિયાને જણાવ્યું કે, 'ટ્રમ્પે ઈરાનને આતંકવાદી ગણાવ્યું.

### યુક્રેન યુદ્ધ વચ્ચે પોલેન્ડમાં ઘૂસ્યું રશિયન સૈન્ય હેલિકોપ્ટર, યુરોપીયન દેશોમાં વધ્યું ટેન્શન

પોલેન્ડે બુધવારે એક ચોંકાવનારા સમાચાર આપ્યા છે. રશિયન સૈન્ય હેલિકોપ્ટરે ક્ષણભર માટે તેમના હવાઈ ક્ષેત્રમાં ઘૂસણખોરી કરી હતી. આ ઘટના કાલિનિનગ્રાડથી બની હતી, જે રશિયાનો અલગ વિસ્તાર છે. પોલિશ આર્મી ઓપરેશનલ કમાન્ડે જણાવ્યું કે, આ MI-8 હેલિકોપ્ટર માત્ર 42 સેકન્ડ માટે પોલિશ હવાઈ વિસ્તારમાં રહ્યું અને મહત્તમ 300 મીટર અંદર સુધી આવ્યું હતું. ઘટનાનું સ્વરૂપ જોતાં લાગે છે કે, રશિયા ફરી એકવાર પોલેન્ડની હવાઈ સુરક્ષાની તૈયારીઓ ચકાસી રહ્યું છે. રશિયન હેલિકોપ્ટરના ઘૂસ્યા બાદ પોલિશ સેનાએ તાત્કાલિક ફાઈટર જેટ્સ રવાના કર્યા હતા. જમીન પર પણ સુરક્ષા દળો સ્ટેન્ડબાય રહ્યા હતા. આ નાની લાગતી ઘટના સમગ્ર વિસ્તારમાં તણાવ વધારી રહી છે. પોલેન્ડ પહેલેથી જ રશિયા-યુક્રેન યુદ્ધને લઈને હાઈ એલર્ટ પર છે. કોઈ પણ ઘૂસણખોરી, પછી તે ગમે તેટલી નાની હોય, યુરોપીયન દેશો માટે ગંભીર માનવામાં આવે છે. સેનાનું કહેવું છે કે, આવી ઘટનાઓ વારંવાર બની રહી છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## એસડી પે (SD Pay) કૌભાંડમાં હાહાકાર

# પંકજ પટેલ અને નરેન્દ્રસિંહ સોલંકી વિદેશ ભાગી ગયા કે દેશમાં જ છે? તપાસમાં થયા ચોંકાવનારા ખુલાસા!




અમદાવાદ

ગુજરાતમાં અત્યાર સુધીના સૌથી મોટા નાણાકીય અને સાયબર કૌભાંડ પૈકીના એક એવા ચર્ચાસ્પદ 'SD Pay' (અપના પે) કૌભાંડને લઈને રાજ્યભરમાં ખળભળાટ મચી ગયો છે. સોશિયલ મીડિયા અને લોકચર્ચામાં એવા ગંભીર સવાલો ઉઠી રહ્યા છે કે આ કૌભાંડના મુખ્ય નામો પૈકીના પંકજ પટેલ અને નરેન્દ્રસિંહ સોલંકી શું વિદેશ ભાગી ગયા છે? પોતાના જ સમાજ અને સામાન્ય લોકોની ગાઢ કમાણી પર તરાપ મારીને આ ઠગાઈના ખેલાડીઓ વિદેશ ફરાર થઈ ગયા હોવાની ચર્ચાઓ વચ્ચે તપાસમાં શું હકીકત સામે આવી છે, તે જાણવું ખૂબ જ અનિવાર્ય છે.

સત્તાવાર પોલીસ સૂત્રો અને એસ.આઈ.ટી. (SIT) ની તપાસ અનુસાર, અમરેલી સાયબર ક્રાઈમ અને પોલીસ દ્વારા આ વિશાળ પોન્ઝી સ્કિમ કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે આ કૌભાંડના મુખ્ય સૂત્રધાર ધવલ પટેલ અને હિરેન શાહ સહિતના આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે, જ્યારે નરેન્દ્રસિંહ સોલંકી સહિતના અન્ય શંકાસ્પદ આરોપીઓ પોલીસની રડાર પર છે અને તેમની સંડોવણી અંગે સઘન પુરાવા એકત્ર કરવામાં આવી રહ્યા છે. આરોપીઓ દેશ છોડીને ભાગી ન છૂટે તે માટે અગાઉ જ લુકઆઉટ નોટિસ (Lookout Circular) જારી કરવામાં આવી હતી, અને પોલીસ આ મામલે સક્રિયતાથી તપાસ ચલાવી રહી છે.

હજારો કરોડનું મહાઠગાઈ કૌભાંડ અને ભયાનક આંકડાઓ

આજે આ કૌભાંડનું વ્યાપક સ્વરૂપ બહાર આવી રહ્યું છે.

૧,૦૬૦ કરોડથી વધુના શંકાસ્પદ વ્યવહારો: તપાસમાં સાત જેટલી બોગસ કંપનીઓ (જેવી કે SD Hub, Shivdharti Communication, Upay Digi Payment વગેરે) ઊભી કરીને અંદાજે ૧૭ બેંક ખાતાઓમાં ૧,૦૬૦ કરોડ રૂપિયાથી વધુના શંકાસ્પદ વ્યવહારો (Transactions) મળી આવ્યા છે.

૧૦ લાખથી વધુ યુઝર્સ ફસાયા: ગુજરાત સહિત દેશના ૬ જેટલા રાજ્યોમાં ફેલાયેલા આ નેટવર્કમાં અંદાજે ૧૦ લાખથી વધુ યુઝર્સ અને રોકાણકારો જોડાયા હોવાનું સામે આવ્યું છે.

૯% માસિક વળતરની લાલચ: સામાન્ય લોકોને દર મહિને ૯% કેશબેક અને ભારેખમ વળતરની લાલચ આપીને મલ્ટી-લેવલ રેફરલ સિસ્ટમ દ્વારા કરોડો રૂપિયા ખંખેરી લેવામાં આવ્યા હતા.

પ્રજા આક્રમક અંદાજમાં સવાલો પૂછી રહી છે કે જ્યારે આટલું મોટું નેટવર્ક લાંબા સમયથી ધમધમી રહ્યું હતું, ત્યારે ગુપ્તચર તંત્ર (IB), ક્રાઈમ બ્રાંચ અને પોલીસ શું ઘસઘસાટ ઊંઘતી ઝડપાઈ હતી? સામાન્ય નાગરિકો અને પોતાના જ સમાજના ભોળા લોકોને ઊંચા વળતરની લાલચમાં ફસાવીને કરોડો રૂપિયા ડાઘુઓ લૂંટી ગયા ત્યારે સુરક્ષા એજન્સીઓ મોડેથી કેમ જાગી?

શું આ કૌભાંડના તમામ મોટા માથાઓ કાયદાના શીકંજામાં આવશે કે પછી માત્ર પ્યાદાઓની ધરપકડ કરીને મામલો રફેદફે કરી દેવાશે? જનતા અને રોકાણકારોની એક જ માંગ છે કે તમામ ફરાર અને સંડોવાયેલા શખ્સોને તાત્કાલિક પકડીને સખ્તમાં સખત સજા કરવામાં આવે અને લૂંટાયેલા નાણાં પરત મેળવવામાં આવે.

## કાકાએ કુહાડીના ઘા મારી સૂતેલા ભત્રીજાની ખોપરી ફાડી નાખી:તાલાલામાં જૂના વિવાદનું મનદુ:ખ લોહિયાળ હત્યામાં પરિણમ્યું

ગીર સોમનાથ

તાલાલાના રાતિધાર ગામમાં આજે 23 સપ્ટેમ્બરની વહેલી સવારે આધેડની હત્યા થતા ચકચાર મચી ગઈ છે. કૌટુંબિક કાકાએ કૌટુંબિક કાકાએ જૂના વિવાદના મનદુ:ખમાં કુહાડીના ઘા મારી ભત્રીજાની હત્યા કરી હોવાનો બનાવ બન્યો છે. પોલીસે આ ઘટનામાં હત્યારા કાકાની ધરપકડ કરી છે. મળતી માહિતી મુજબ જમીનના વિવાદમાં આ હત્યા થઈ છે

મૃતક 52 વર્ષીય પ્રવીણભાઈ બચુભાઈ સોલંકી પોતાના ઘરના ફળિયામાં ઓસરી પાસે ખાટલામાં સૂતા હતા ત્યારે તેમના 65 વર્ષીય કૌટુંબિક કાકા ધીરુભાઈ સોલંકીએ કુહાડીના ઘા મારતા તેમનું મોત નીપજ્યું હતું. આ અંગે મૃતકના ભાઈ રાજુભાઈ સોલંકીએ પોલીસને જાણ કરી હતી.

મૃતકના ભાઈ રાજુ સોલંકીએ જણાવ્યું કે, મારા ભત્રીજાએ મને આ અંગે જાણ કરી હતી. મેં આવીને જોયું તો મારા ભાઈને માથાના ભાગમાં કુહાડીના ઘા માર્યા હતા. જે બાદ અમે 108માં સૌથી પહેલા તાલાલા હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાથી વધુ સારવાર માટે વેરાવળ લઈ ગયા હતા, જ્યાં તેમનું મોત થયું હતું. મૃતક પ્રવીણભાઈ સોલંકીના પુત્ર રવિએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ફરિયાદમાં ઉલ્લેખ છે કે આરોપી ધીરુભાઈ સોલંકીના બે પુત્રો સાથે અગાઉ થયેલા ઝઘડાને કારણે આરોપીએ મનદુ:ખ રાખ્યું હતું. આ જ મનદુ:ખ રાખીને આજે વહેલી સવારે ઘર આગળ સૂતેલા ભત્રીજા પ્રવીણભાઈ સોલંકીના માથામાં કુહાડીનો જોરદાર ઘા મારી ખોપરી ફાડી નાખી, જેના કારણે તેનું મોત થયું.

## સંતરામપુરમાં વિધાર્થીઓને સાપ અંગે જાગૃત કરાયા:અંધશ્રદ્ધા દૂર કરવા અને સાપ કરડે ત્યારે શું કરવું તે શીખવાડાયું

મહિસાગર

મહીસાગર જિલ્લાના સંતરામપુરમાં વિદ્યાર્થીઓને સાપ વિશે જાગૃત કરવા અને સાપને લઈને ફેલાયેલી અંધશ્રદ્ધા દૂર કરવા માટે એક સ્નેક અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો.

આ જાગૃતિ કાર્યક્રમ સંતરામપુરની જે.એચ. મહેતા હાઈસ્કૂલ અને નટવા ઋતુંભરા કન્યા આશ્રમશાળામાં યોજાયો હતો. એનિમલ હેલ્પ ચેરિટેબલ ટ્રસ્ટ અને સંતરામપુર વન વિભાગે સાથે મળીને તેનું આયોજન કર્યું હતું. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ગુજરાત સહિત દેશભરમાં જોવા મળતા અલગ અલગ પ્રકારના ઝેરી અને બિનઝેરી સાપ વિશે ઘણી માહિતી આપવામાં આવી. તેમને સાપને ઓળખવા, તેમના રહેઠાણ, માનવ જીવન સાથે તેમનો સંબંધ, અને સાપ કરડે ત્યારે શું કરવું કે શું ન કરવું તે વિશે પણ શીખવવામાં આવ્યું.

આ સિવાય, સાપને લઈને સમાજમાં ફેલાયેલી અંધશ્રદ્ધા અને ખોટી માન્યતાઓથી દૂર રહેવા માટે પણ વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું. તેમને સાપ દેખાય ત્યારે તેને મારવાને બદલે સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરાવવા માટે પણ કહેવામાં આવ્યું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સાપ અને બીજા વન્યજીવો પ્રત્યે જાગૃતિ વધારવાનો હતો. સાથે જ, માનવી અને વન્યજીવો વચ્ચે સહઅસ્તિત્વનો સંદેશ પણ પહોંચાડવાનો હતો.

## ભારે પવનની શક્યતાને પગલે માછીમારોને ઍલર્ટ કરાયા

# આગામી 7 દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી

ગાંધીનગર

ગુજરાતમાં 23 થી 29 સપ્ટેમ્બર દરમિયાન હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે દક્ષિણ અને ઉત્તર ગુજરાતમાં ગાજવીજ સાથે 30-40 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની આગાહી કરી છે. માછીમારોને દરિયો ન ખેડવા એલર્ટ અપાયું છે. અમદાવાદમાં હળવો વરસાદ અને સૌરાષ્ટ્રમાં 25મી સુધી છૂટાછવાયા ઝાપટાંની શક્યતા છે. કચ્છમાંથી ચોમાસાની વિદાય શરૂ થઈ છે.

ગુજરાતમાં આગામી સાત દિવસ (23મીથી 29મી સપ્ટેમ્બર) દરમિયાન હળવાથી મધ્યમ વરસાદની સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યમાં દક્ષિણ અને ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં ગાજવીજ સાથે વાવાઝોડું અને 30થી 40 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. મજબૂત પવન અને વાવાઝોડાની આગાહીને પગલે તટીય અને દરિયાકાંઠાના માછીમારોને દરિયો ન ખેડવા માટે ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગના જણાવ્યાનુસાર, રાજધાની અમદાવાદમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે થંડર શાવર સાથે હળવા વરસાદની શક્યતા રહેલી છે. બીજી તરફ, સૌરાષ્ટ્ર વિસ્તારમાં આગામી ત્રણ દિવસ એટલે કે 25મી સપ્ટેમ્બર સુધી એકલ-દોકલ અને છૂટાછવાયા સ્થળો પર હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડી શકે છે.

કચ્છના ઉત્તર ભાગમાંથી ચોમાસું પાછું ખેંચાવાની (વિદાયની) શરૂઆત થઈ ચૂકી છે. ચોમાસાની વિદાય રેખા હાલ નલિયા અને ડીસા પરથી પસાર થઈ રહી છે. મોસમના કુલ વરસાદની વાત કરીએ તો, રાજ્યમાં અત્યાર સુધીમાં 636.9 મિ.મી. વરસાદ નોંધાયો છે, જે સામાન્ય વરસાદ (682.2 મિ.મી.) કરતાં 8 ટકા ઓછો છે.

ઉત્તર ગુજરાતના દરિયાકાંઠે પશ્ચિમથી ઉત્તર-પશ્ચિમ દિશા તરફથી અને દક્ષિણ ગુજરાતમાં દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ દિશા તરફથી પવન ફૂંકાશે. દરિયાકાંઠાના વિસ્તારોમાં 15થી 20 નોટ્સ (30થી 40 કિ.મી/કલાક)ની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા હવામાન નિષ્ણાતો દ્વારા દર્શાવવામાં આવી છે.

હાલમાં 5.8 કિલોમીટરની ઊંચાઈ પર એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય છે, જ્યારે બંગાળની ખાડીના પશ્ચિમ-મધ્ય અને સંલગ્ન ઉત્તર-પશ્ચિમ ક્ષેત્રમાં એક 'ડીપ ડિપ્રેશન' સર્જાયેલું છે, જેના લીધે રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદી માહોલ જળવાઈ રહેશે.

## સાબરકાંઠામાં 'સે નો ટુ ડ્રગ્સ' અભિયાન અંતર્ગત પોલીસની મોટી સ્ટ્રાઈક

# પોશીના પોલીસે રાજસ્થાન બોર્ડરથી ઘૂસાડાતો અંડરવર્લ્ડ જેવો ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો!!!

ગાંધીનગર

ગુજરાતમાં યુવાધનને બરબાદ કરવાના નાપાક સળવળાટો સામે ખાખી વર્દીધારીઓએ હવે લાલ આંખ કરી છે. સાબરકાંઠા જિલ્લાના સરહદી વિસ્તાર એવા પોશીના પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ડ્રગ્સ અને નશાના કારોબાર સામે પોલીસને મોટી સફળતા હાંસલ થઈ છે. 'સે નો ટુ ડ્રગ્સ' (SAY NO TO DRUGS) મિશન અંતર્ગત પોલીસે બાતમીના આધારે સપાટો બોલાવીને લાખો રૂપિયાના ગાંજાના જથ્થા સાથે એક શખ્સને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. મળતી વિગતો અનુસાર, પોશીના પોલીસ સ્ટેશનના સ્ટાફને બાતમી મળી હતી કે રાજસ્થાન તરફથી સરહદી વિસ્તાર થઈને ગેરકાયદેસર નશાકારક પદાર્થોની હેરાફેરી થઈ રહી છે. આ ચોક્કસ બાતમીના આધારે પોલીસે વ્યૂહાત્મક રીતે દેલવાડા આઉટપોસ્ટ નજીક સઘન વોચ ગોઠવી હતી. દરમિયાન, શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહેલા એક મોટરસાયકલ ચાલકને રોકીને પોલીસે કડક તપાસ હાથ ધરી હતી. પોલીસે જ્યારે મોટરસાયકલ સવારની પૂછપરછ કરી અને તેની પીઠ પાછળ રાખેલી સ્કૂલબેગની તલાશી લીધી, ત્યારે ખાખીધારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. સ્કૂલબેગની અંદર પ્લાસ્ટિકની થેલીમાં છુપાવીને લાવવામાં આવેલો ૨.૫૩૯ કિલોગ્રામ (2.539 kg) સૂકો ગાંજો મળી આવ્યો હતો. સ્કૂલબેગનો ઉપયોગ બાળકોના ભવિષ્ય માટે થાય છે.

## રાજકોટમાં પોલીસનું લોક 12 સેકન્ડમાં તોડવું કારચાલકને ભારે પડ્યું: પોલીસે શોધી કાઢી રૂપિયા 2450નો દંડ ફટકાર્યો

રાજકોટ

રાજકોટમાં વધુ એક વખત નો પાર્કિંગમાં રહેલ કારના લોકને તોડવું કારચાલકને ભારે પડ્યું છે. યાજ્ઞિક રોડ પર આજે એક કારના લોકને તોડવામાં આવતો હોવાનો વિડીયો વાયરલ થતા ટ્રાફિક પોલીસ દ્વારા તપાસ હાથ ધરી કાર ચાલકને શોધી તેમની પાસેથી નો પાર્કિંગ અંગે દંડ વસુલવામાં આવ્યો હતો આ ઉપરાંત લોકને તોડી દેવા બદલ નુકશાની અંગે વધુ ચાર્જ મળી કુલ રૂ.2450 વસૂલવામાં આવ્યા હતા.

રાજકોટના યાજ્ઞિક રોડ પર ધનરજની કોમ્પ્લેક્ષ પાસે નો પાર્કિંગમાં એક સફેદ કલરની સ્વીફ્ટ કાર નંબર જીજે.32. એજી.1950 પડી હતી જેને ટ્રાફિક પોલીસ દ્વારા લોક કરી દેવામાં આવી હતી. કારના માલિક પરત ફરતા કાર લોક હોવાથી માત્ર 12 સેકન્ડમાં કારના લોકને એક તરફથી ખેંચી તોડી નાખ્યો હતો અને બાદમાં લોકને ફૂટપાથ પર મૂકી દીધો હતો. આ સમગ્ર ઘટનાનો વિડીયો વાયરલ થવા પામતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

ટ્રાફિક પોલીસની તપાસમાં વાયરલ વિડીયો અંગે તપાસ કરવામાં આવતા કારચાલક રાજુભાઈ ગોવિંદભાઈ સોલંકી હોવાનું સામે આવ્યું હતું. જેમની પાસેથી પોલીસે નો પાર્કિંગમાં વાહન પાર્ક કરવા બદલ રૂપિયા 1000 અને લોકને નુકશાન પહોંચાડવા બદલ વધુ રૂપિયા 1450 મળી કુલ રૂ.2450 દંડ વસુલ કર્યો હતો.

## નડિયાદ મનપાનો અજબ કારભાર

# કલેક્ટર કચેરી અને જિલ્લા પંચાયતના આંગણે જ ગટરના ગંદા પાણી ઉભરાયા!

### VVIP સુવિધાના દાવા પોકળ, અરજદારો દુર્ગંધ વચ્ચે પ્રવેશવા મજબૂર!

નડિયાદ

સ્વચ્છતા અને વિકાસના મોટા-મોટા બણગા ફૂંકતી નડિયાદ મહાનગરપાલિકા (Nadiad Corporation) નો અસલી ચહેરો હવે જાહેરમાં બેનકાબ થઈ ગયો છે. નડિયાદ મનપા સામાન્ય નાગરિકોને પાયભૂત સુવિધાઓ પૂરી પાડવામાં તો નિષ્ફળ સાબિત થઈ જ રહી છે, પરંતુ હવે તો હદ થઈ ગઈ છે કારણ કે વહીવટી તંત્રના મોટા અધિકારીઓ અને VVIP લોકો બેસતા હોય તેવા સંકુલમાં પણ પાલિકાની બેદરકારીના લીધે હાહાકાર મચી ગયો છે. હકીકત એ છે કે શહેરના હાર્દસમા વિસ્તારમાં આવેલી જિલ્લા પંચાયત કચેરી અને કલેક્ટર કચેરી જેવા મહત્વના સરકારી સંકુલના મુખ્ય આંગણામાં જ ગટર ઉભરાઈ રહી છે અને તેનો ગંદો પ્રવાહ જાહેરમાં ફેલાઈ ગયો છે. ચારે બાજુ સ્વચ્છતાના ડાંગ પીટતી નડિયાદ મનપાની ઘોર બેદરકારીના લીધે આ સરકારી કચેરીઓની આસપાસ ગટરની જીવલેણ દુર્ગંધ





અને બદબૂ પ્રસરી ચૂકી છે. સ્થિતિ એવી છે કે અહીં પોતાના કામકાજ અર્થે દૂર-દૂરથી આવતા અસંખ્ય અરજદારો અને અંદર બેસતા સરકારી અધિકારીઓને પણ નાક પર રૂમાલ દબાવીને કે મજબૂરીવશ આ ગટરના ગંદા પાણીની દુર્ગંધ વચ્ચેથી જ કચેરીમાં પ્રવેશ કરવાની શરમજનક ફરજ પડી રહી છે. જનતા કટાક્ષભર્યા અંદાજમાં પૂછી રહી છે કે નડિયાદ મનપાનું તંત્ર એટલી બધી 'વિકાસી' પ્રવૃત્તિઓમાં વ્યસ્ત છે કે તેને કલેક્ટર અને જિલ્લા પંચાયત કચેરીના દરવાજા આગળ વહેતી ગટર નથી દેખાતી? VVIP મહાનુભાવો અને ઉચ્ચ અધિકારીઓની ઓફિસો બહાર જો આ હાલત હોય, તો સામાન્ય સોસાયટીઓ અને ગરીબ વિસ્તારોની દશા કેવી હશે તેની કલ્પના જ કરી શકાય છે. મનપા પ્રશાસન પાસે હવે અરજદારો અને અધિકારીઓ માંગે તો પણ શું માંગે?

## કોંગ્રેસનો સરકાર પર આક્રમક પ્રહાર

# ગરીબ વિદ્યાર્થીઓના હકના વિનામૂલ્યે અપાતા પુસ્તકો Amazon પર ધલેધડા વેચાઈ રહ્યા છે!

અમદાવાદ

ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ લાંબા સમયથી વહીવટી છબરડા, બેદરકારી અને ગંભીર પ્રશ્નોને કારણે ચર્ચામાં રહ્યું છે, પરંતુ હવે જે બાબત સામે આવી છે તે માત્ર વહીવટી ભૂલ નથી, પરંતુ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓના હક સાથે સીધી રીતે જોડાયેલો અત્યંત ગંભીર મામલો છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા અને મીડિયા કોઓર્ડિનેટર શ્રી હેમાંગ રાવલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે જે પાઠ્યપુસ્તકો રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળ પાત્ર વિદ્યાર્થીઓને મફતમાં મળવાના છે, તે જ પુસ્તકો Amazon જેવા વ્યાપારી પ્લેટફોર્મ પર પૈસા લઈને વેચાઈ રહ્યા હોવાનો ગંભીર આક્ષેપ કોંગ્રેસ પક્ષ કરી રહ્યો છે.

મંજૂરી કોણે આપી?: જે પુસ્તક ગરીબ વિદ્યાર્થીને મફત આપવાનું છે, તે જ પુસ્તકના નામે વાલીઓ પાસેથી રૂપિયા વસૂલવાની મંજૂરી કોણે આપી?

વેપારીકરણ સામે આક્રોશ: પાઠ્યપુસ્તક મંડળની બેદરકારીથી હવે ગરીબોના હકના પુસ્તકોનું પણ બજારીકરણ થયું છે, જવાબદારો સામે સરકાર તત્કાલિક કાર્યવાહી કરે.

છૂપી લૂંટ (Marketplace Fee): સરકારે જાહેરાત કરી હતી કે કોઈપણ પ્રકારનો ડિલિવરી ચાર્જ લેવામાં નહીં આવે, પરંતુ એમેઝોન દરેક ઓર્ડર પર પર MRP વધુ 'માર્કેટ પ્લેસ' નામે ચાર્જ વસૂલાય છે.

શ્રી રાવલે જણાવ્યું હતું કે એમેઝોન પર ઉપલબ્ધ પાઠ્યપુસ્તકના મુખપૃષ્ઠ પર જ સ્પષ્ટ શબ્દોમાં "રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક" લખવામાં આવે છે. એટલે આ કોઈ સામાન્ય બજારમાં વેચાતું પુસ્તક નથી, પરંતુ સરકારની મફત પુસ્તક વિતરણ વ્યવસ્થાનો ભાગ છે. તેમ છતાં ધોરણ ૮, ૧૧ અને ૧૨ના કોમ્પ્યુટર સાયન્સ, હિસ્ટ્રી, અકાઉન્ટ્સ, સાયકોલોજી, યોગ સહિતના વિવિધ વિષયોના પુસ્તકો Amazon પર રૂપિયા ૨૫૦ થી વધુ કિંમતે ઉપલબ્ધ હોવાની વિગતો સામે આવી રહી છે. એક તરફ સરકાર ગરીબ વિદ્યાર્થીઓને મફત શિક્ષણ અને સુવિધાઓ આપવાની મોટી મોટી જાહેરાતો કરે છે અને બીજી તરફ એ જ વિદ્યાર્થીઓના હકના પુસ્તકોનું ઓનલાઈન વેચાણ થાય તો આ સમગ્ર વ્યવસ્થા સામે ગંભીર પ્રશ્નો ઊભા થાય છે.

## ભુજના બાપા દયાળુ નગરમાં વરસાદી અને ગટરના પાણી ભરાયા: રોગચાળાની આશંકા

કચ્છ

ભુજ શહેરના દાદુપીર રોડ પર આવેલા બાપા દયાળુ નગર વિસ્તારમાં પાણી ભરાવાની મોટી સમસ્યા છે. અહીં ઘણા સમયથી વરસાદી અને ગટરના પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા નથી.

આ કારણે રહેવાસીઓનું રોજિંદુ જીવન મુશ્કેલ બન્યું છે. સામાન્ય વરસાદ પછી પણ રસ્તાઓ અને આસપાસના વિસ્તારોમાં પાણી ભરાઈ જાય છે, જેનાથી લોકોની અવરજવર મુશ્કેલ બને છે.

સ્થાનિક લોકોના કહેવા મુજબ, વરસાદી અને ગટરના પાણી ભેગા થવાથી ઘણા વિસ્તારોમાં કાદવ જામી ગયો છે. ઘરોની આસપાસ સતત પાણી ભરાયેલા રહેવાથી દુર્ગંધ પણ ફેલાય છે.

ખાસ કરીને બાળકોને સૌથી વધુ તકલીફ પડે છે. શાળાએ જતા વિદ્યાર્થીઓ અને આંગણવાડીમાં જતા નાના બાળકો માટે રસ્તાઓ પરથી પસાર થવું મુશ્કેલ બન્યું છે.

આના કારણે તેમનું શિક્ષણ અને રોજિંદી પ્રવૃત્તિઓ પર પણ અસર પડી રહી છે. રહેવાસીઓ જણાવે છે કે પાણી ભરાવાની આ સમસ્યા લાંબા સમયથી ચાલી રહી છે.

આના કારણે વિસ્તારમાં મચ્છરો વધી રહ્યા છે અને રોગચાળો ફેલાવાની આશંકા છે.

# આણંદના પરીખ ભવન વિસ્તારમાં ખાખીને ખુલ્લો પડકાર: પોલીસ ચોકીથી માત્ર 500 મીટરના અંતરે ધમધમે છે અંગ્રેજી દારૂનું વેચાણ

### મળતી માહિતી મુજબ, ગામડી પોલીસ ચોકીથી માંડ 500 મીટર અને પોલીસ ક્વાર્ટર્સથી માત્ર 200 મીટરના જ અંતરે આવેલા મુખ્ય રસ્તા પર લીલી નેટ લગાડેલા એક મકાનમાં બેરોકટોક વિદેશી દારૂનો વેપલો ચાલી રહ્યો છે

અમદાવાદ

ગુજરાતમાં કાગળ પર દારૂબંધીના કડક દાવાઓ કરવામાં આવી રહ્યા છે, પરંતુ જમીની હકીકત કંઈક અલગ જ વાર્તા કહી રહી છે. આણંદ ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારના સંવેદનશીલ ગણાતા પરીખ ભવન અને ગામડી પોલીસ ચોકી વિસ્તારમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. પોલીસ વહિવટી તંત્રની નાક નીચે અને ખાખી વર્દીને ખુલ્લો પડકાર ફેંકીને ખુલ્લેઆમ ઈંગ્લીશ દારૂનું વેચાણ થઈ રહ્યું હોવાનો પર્દાફાશ થયો છે.

મળતી માહિતી મુજબ, ગામડી પોલીસ ચોકીથી માંડ 500 મીટર અને પોલીસ ક્વાર્ટર્સથી માત્ર 200 મીટરના જ અંતરે આવેલા મુખ્ય રસ્તા પર લીલી નેટ લગાડેલા એક મકાનમાં બેરોકટોક વિદેશી દારૂનો વેપલો ચાલી રહ્યો છે. પોલીસ સ્ટેશનની હદમાં ચાલતા આ કારોબારે પ્રશાસનની કામગીરી પર ગંભીર સવાલો ખડા કર્યા છે. પોલીસ ચોકીની નજીક જ ચાલતા આ ગેરકાયદેસર ધંધા વિશે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

હાલ સમગ્ર રાજ્યમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત સાફ-સફાઈના મોટા-મોટા કાર્યક્રમો ચાલી રહ્યા છે, ત્યારે સવાલ એ થાય છે કે સમાજમાં વ્યસનો અને ગુનાખોરીની ગંદકી ફેલાવીને ભયનો માહોલ ઊભો કરતા આવા બુટલેગરોની સફાઈ કોણ કરશે? કાયદાના રખેવાળોની રહેમનજર હેઠળ ચાલતા આવા અડ્ડાઓ યુવાધન અને સમાજને બરબાદ કરી રહ્યા છે.

આ સમગ્ર વિવાદિત ઘટના બાદ સોશિયલ મીડિયા પર એક કથિત ઓડિયો વાઈરલ થઈ રહ્યો છે, જે એક પત્રકાર અને દારૂના વેપાર સાથે સંકળાયેલા શખ્સ (બુટલેગર) વચ્ચેનો હોવાનું ચર્ચાઈ રહ્યો છે. આ ઓડિયો ક્લિપમાં ગુજરાતની કહેવાતી દારૂબંધી અને ભ્રષ્ટ વ્યવસ્થા વિશે જે વાતો સામે આવી છે, તે ઘણું બધું કહી જાય છે અને તંત્રની પોલ ખોલી નાખે છે. આ ખુલાસા બાદ ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા તાત્કાલિક કડક પગલાં લેવામાં આવે તેવી લોકમાં પ્રબળ માંગ ઉઠી છે.

પાક્કો ગુજરાત

ગુરુવાર | 24 સપ્ટેમ્બર 2026 | અમદાવાદ

કેન્દ્ર સરકારના ફાસ્ટ-ટ્રેક જવાબો પાછળનો અસલી ખેલ શું છે?

# વાહ ભાઈ પ્રવીણ પારગી! આદિવાસી સમાજમાં ભાગલા પાડવાના 'ષડયંત્ર' પર સળગતા સવાલો

અમદાવાદ

ગુજરાતની રાજનીતિ અને આદિવાસી અસ્મિતાના આંગણે અત્યારે એક મોટો ધમાકો થયો છે. સવાલોનો સિલસિલો એટલો તીવ્ર છે કે સામાન્ય જનતાથી લઈને બુદ્ધિજીવીઓ સુધી દરેકની નજર પ્રવીણ પારગીના પત્ર અને તેના પર મળેલી હાઈ-પ્રોફાઈલ પ્રતિક્રિયાઓ પર છે. સવાલ એ ઉઠી રહ્યો છે કે શું આટલો ઝડપી અને મજબૂત જવાબ કેન્દ્ર સરકાર આજકાલ કોઈ સામાન્ય આદિવાસી સાંસદ કે મંત્રીના પત્ર પર પણ આપતી હોય છે ખરી? આવો ગંભીર સવાલ ખુદ જનતા પૂછી રહી છે!

આદિવાસીઓના મૂળભૂત પ્રશ્નો પર પરદો કેમ? હકીકત એ છે કે ગુજરાત અને છોટાઉદેપુર સહિતના આદિવાસી વિસ્તારોમાં અનેક ગંભીર પ્રશ્નો વર્ષોથી મોં ફાડીને ઉભા છે.

કુપોષણ અને શિક્ષણ: પાયભૂત


National Commission for Scheduled Tribes
(भारत के संविधान के अनुच्छेद 338क के अंतर्गत दीवानी न्यायालय की शक्तियों को प्रयोग करने वाला एक संवैधानिक निकाय)
(A Constitutional body exercising powers of a Civil Court under Article 338A of the Constitution of India)
NOTICE
फा. सं.: NCST/DEV-8217/GJ/1/2026-RU-I
दिनांक: 01/09/2026.
प्रधान सचिव,
आदिवासी विकास विभाग,
गुजरात सरकार
छठी मंज़िल, ब्लॉक 8, नया सचिवालय, सेक्टर 10-A,
गांधीनगर, गुजरात - 382010
विषय: छोटा उदयपुर जिले के कोली राठवा/राठवा कोली समुदाय को अनुसूचित जनजाति की सूची में सम्मिलित करने संबंधी गुजरात सरकार के आदिजाति विकास विभाग के परिपत्र क्रमांक- अजप/1186/मुम-41/व (पा. फा.) दिनांक 04.08.2022 को निरस्त किए जाने के संबंध में श्री प्रवीण पारगी, निवासी ग्राम -बामरोली, नई वसाहत, पोस्ट-अनीयाद, तहसील-शहेरा, जिला-पंचमहल, गुजरात-389210 से प्राप्त दिनांक 25.06.2026 का अभ्यावेदन।
चूंकि राष्ट्रीय अनुसूचित जनजाति आयोग को श्री प्रवीण पारगी से दिनांक 25.06.2026 में एक याचिका/शिकायत/सूचना प्राप्त हुई है (प्रति संलग्न) और आयोग ने भारत के संविधान के अनुच्छेद 338क के अंतर्गत उसे प्रदत्त शक्तियों का अनुसरण करते हुए इस मामले का अन्वेषण/जांच करने का निश्चय किया है।अतः आपसे एतद्द्वारा अनुरोध किया जाता है कि आप सूचना के प्राप्त होने के 15 दिनों के अंदर अधोहस्ताक्षरी को डाक से या वैयक्तिक रूप से उपस्थित होकर या किसी अन्य संचार साधन से संबंधित आरोपों/मामलों और सूचनाओं पर की गई कार्रवाही से सम्बंधित सूचना प्रस्तुत करें।
कृपया ध्यान रखें कि यदि नियत अवधि में आयोग में आपका उत्तर प्राप्त नहीं होता है तो आयोग भारत के संविधान के अनुच्छेद 338क के अंतर्गत उसे प्रदत्त सिविल न्यायालय की शक्तियों का प्रयोग कर सकता है तथा वैयक्तिक रूप से या प्रतिनिधि के माध्यम से आयोग के समक्ष उपस्थित होने के लिए आपको 'समन' भी जारी कर सकता है।
संलग्न यथोपरि.
(पूर्णेन्दु कान्त/Purnendu Kant)
निदेशक/Director
प्रतिलिपि संलग्न:
श्री प्रवीण पारगी,
निवासी ग्राम -बामरोली, नई वसाहत,
पोस्ट-अनीयाद, तहसील-शहेरा,
जिला-पंचमहल, गुजरात-389210

સુવિધાઓનો અભાવ અને શિક્ષણની કથળેલી હાલત આજે પણ આદિવાસી યુવાનોના ભવિષ્ય પર પ્રશ્નાર્થ ચિન્હ મૂકે છે.

ભ્રષ્ટાચારની હદ: સરકારી ગ્રાન્ટોમાં ભ્રષ્ટાચાર એટલો બધો વધી ગયો છે કે કાગળ પર આખીને આખી નકલી કચેરીઓ ચાલતી હોવાના આક્ષેપો થાય છે.

બેરોજગારી: સરકારી નોકરીઓની હજારો જગ્યાઓ ખાલી પડી છે અને આદિવાસી યુવાનો બેરોજગારીના કેલાઈ રહ્યા છે.

બીજી તરફ, છોટાઉદેપુરમાં કવાંટના ૨૮થી વધુ ગામોને વિસ્થાપિત કરવા અને ખનન કરવાનો મુદ્દો હોય, કે પછી નસવાડીમાં હાઈડ્રો પાવર પ્રોજેક્ટ નાખવા માટે બીજા ૧૮ ગામોને વિસ્થાપિત કરવાનું કાવતરું હોય–આવા પ્રોજેક્ટો માત્ર છોટાઉદેપુર જ નહીં, પણ સમગ્ર ગુજરાતભરમાં અટકી રહ્યા છે. આનું કારણ શું? કારણ કે ગુજરાતના આદિવાસીઓમાં એકતા ખૂબ જ મજબૂત થઈ રહી છે! આ જ એકતાના કારણે સરકાર અને તેના ઉદ્યોગપતિ મિત્રો માટે આદિવાસીઓની જમીન પડાવવાની હિંમત નથી થઈ રહી.

આવા સળગતા મુદ્દાઓથી ધ્યાન ભટકાવવા માટે આદિવાસી સમુદાયોને અંદરોઅંદર ઝઘડાવવાના પેંતરા રચાઈ રહ્યા છે. ક્યારેક 'ડી-લિસ્ટિંગ'ના મુદ્દે તો ક્યારેક વિશ્લેષણ સમિતિના માધ્યમથી સમાજને તોડવાના પ્રયાસો થઈ રહ્યા છે. મોટો સવાલ એ છે કે ગુજરાતમાં આ વિશ્લેષણ સમિતિએ અત્યાર સુધી કેટલા ખોટા આદિવાસીના દાખલાવાળાઓને નોકરી કે એડમિશનમાંથી બહાર કાઢ્યા છે? તેનો કોઈ સંતોષકારક જવાબ કે ડેટા સામે નથી આવ્યો, કારણ કે આ સમિતિનો ઉપયોગ માત્ર આદિવાસીઓને સાચા મુદ્દાઓથી ભટકાવવા માટે થતો હોવાની ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે.

શું ગુજરાતના સાત-સાત સાંસદો, મંત્રીઓ કે ધારાસભ્યોના પત્રોના જવાબો આટલી ઝડપે અને આ પ્રકારે ક્યારેય જોયા છે? હકીકત તો એ છે કે પ્રવીણભાઈ જેવા ચહેરાઓનો ઉપયોગ આદિવાસીઓની અંદર જ ભાગલા પાડવા માટે કરવામાં આવી રહ્યો છે. દાહોદ અને પંચમહાલના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ મામલાની પૃષ્ઠભૂમિમાં રાજકીય એજન્ડાઓ કામ કરી રહ્યા છે.

એવું જ ઉદાહરણ છોટાઉદેપુરનું છે, જ્યાં એક વ્યક્તિએ અચાનક આદિવાસી ઓળખ પર પ્રશ્ન કરતું પુસ્તક લખી નાખ્યું! જે માણસે ક્યારેય પચાસ લીટીનો કોઈ લેખ ન લખ્યો હોય, તે એક જ ઝાટકે પુસ્તક લખી કાઢે અને સુરતની સુપ્રસિદ્ધ સંસ્થા 'સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ' તેને સંદર્ભ ગ્રંથ તરીકે સ્વીકારી લે–આ કોને મૂર્ખ બનાવવાનો ખેલ ચાલી રહ્યો છે? આવા પુસ્તકો પાછળ પડદા પાછળની શક્તિઓનો હાથ હોવાની ચર્ચાઓ જોર પકડી રહી છે.

આવા પત્રો પર ગુજરાતની ભાજપ સરકાર કે કેન્દ્ર શું પ્રતિક્રિયા આપે છે, તેનાથી હવે જાગૃત આદિવાસીઓને કોઈ ફરક પડતો નથી.

## જેતપરમાં રેવન્યુ તલાટીની ધાક-ધમકી સામે ખેડૂતોનો રોષ ભભૂક્યો

### સરકાર ખેડૂત હિતેચ્છુ કે વીજ કંપનીઓની દલાલ? પ્રશાસનની જબરદસ્તી સામે ખેડૂતોનું ખુલ્લું એલાન!

જેતપર

ગુજરાતમાં અન્નદાતા ગણાતા ખેડૂતો પર અત્યાચાર અને દમનનો સિલસિલો અટકવાનું નામ નથી । મોરબી જિલ્લાના જેતપર ગામમાંથી પ્રશાસનની તાનાશાહી અને ખેડૂતો સાથેના અન્યાયનો વધુ એક શરમજનક કિસ્સો સામે આવ્યો છે. ગામમાં માર્કેટ રેટ કમિટી (MRC) ની બેઠક યોજવા માટે રેવન્યુ તલાટી મંત્રી દ્વારા નોટિસ બજાવવા આવેલા અધિકારીઓની જોહુકમી સામે હવે સ્થાનિક ખેડૂતોમાં ભારે આક્રોશ ફેલાઈ ગયો છે.

જ્યારે ગત ૧૪/૦૭/2026 ના રોજ મોરબી કલેકટરશ્રી સમક્ષ હજારો ખેડૂતોએ વિશાળ પદયાત્રા કાઢીને પોતાના લોહી-પરસેવાના હકો માટે લડત આપી હતી, ત્યારે જ ૦૪/૦૭/2026 ના રોજ બહાર પાડવામાં આવેલો ઉર્જા વિભાગનો કાળો પરિપત્ર સંપૂર્ણપણે અમાન્ય હોવાનું સ્પષ્ટ કરી દીધું હતું. ખેડૂતોએ લોકશાહી ધોરણે પોતાનો રોધ નોંધાવ્યો હતો, છતાં પણ વહીવટી તંત્ર દ્વારા કાનૂની જોગવાઈઓને નેવે મૂકીને બળજબરીપૂર્વક માર્કેટ રેટ કમિટી બેસાડવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ ઘટનાક્રમ સાબિત કરી દે છે કે આજનું શાસન અને પ્રશાસન અન્નદાતા ખેડૂતોના હિતેચ્છુ હોવાનો માત્ર દંભ કરે છે, પરંતુ અસલમાં તેઓ વીજ કંપનીઓના ઈશારે નાચતી કઠપૂતળીઓ છે. ખેડૂતોના વિરોધને કચડી નાખવા માટે સરકારી તંત્ર અને રેવન્યુ અધિકારીઓ દ્વારા જે રીતે નોટિસો ફટકારીને દબાણ લાવવામાં આવી રહ્યું છે.

રજિસ્ટ્રાર પીયૂષ પટેલ કચેરીમાંથી ગાયબ!

## ગુજરાત યુનિ.માં NSUIનો ખુંખાર વિરોધ: પૂર્વ વીસીના ભ્રષ્ટાચારના કાળા કારનામાનો પર્દાફાશ

અમદાવાદ

રાજ્યની અગ્રેસર ગણાતી ગુજરાત યુનિવર્સિટી શિક્ષણના મંદિરને બદલે હવે ભ્રષ્ટાચાર અને કૌભાંડોનો અડ્ડો બની ગઈ હોય તેમ લાગી રહ્યું છે. યુનિવર્સિટીમાં ચાલી રહેલા કાળા કારનામાઓ અને લાખો-કરોડો રૂપિયાની ઉચાપતના વિરોધમાં NSUI દ્વારા ઉગ્ર અને આક્રમક દેખાવો કરવામાં આવ્યા છે. પૂર્વ વાઈસ ચાન્સેલર (VC) દ્વારા પોતાના અંગત ખાતામાં યુનિવર્સિટીના નાણાં વસૂલવાના ગંભીર આરોપો સાથે NSUI ના કાર્યકરોએ યુનિવર્સિટી ભવનને ધમરોળી નાખ્યું છે. વિદ્યાર્થી નેતાઓએ સળગતા સવાલો ઉઠાવતા જણાવ્યું છે કે પૂર્વ કુલપતિ અને વહીવટી વડાઓએ પોતાની સત્તાનો દુરુપયોગ કરીને યુનિવર્સિટીના ફંડમાંથી પોતાના અંગત બેંક ખાતામાં નાણાં કેવી રીતે જમા કરાવ્યા? આ ખુલ્લી લૂંટ અને ભ્રષ્ટાચાર અંગે સત્તાવાળાઓ હજુ સુધી મૌન કેમ છે? શિક્ષણના નામે વહીવટી ભ્રષ્ટાચાર આચરનારા આ



દિગ્ગજો સામે તપાસ ક્યારે થશે તે મોટો સવાલ છે. જ્યારે NSUI ના કાર્યકરો આક્રોશ સાથે યુનિવર્સિટીના મુખ્ય કાર્યાલય પર પહોંચ્યા અને હોબાળો મચાવ્યો, ત્યારે વિરોધની આંચથી ડૂબીને રજિસ્ટ્રાર પીયૂષ પટેલ તાત્કાલિક પોતાની કેબિનમાંથી ગાયબ થઈ ગયા! વિદ્યાર્થીઓની નજરોથી બચવા માટે અધિકારીઓ ભાગી છૂટે તે દર્શાવે છે કે દાળમાં કંઈક કાળું નહીં, પણ આખી દાળ જ કાળી છે. NSUI એ સ્પષ્ટ શબ્દોમાં માંગ કરી છે કે રજિસ્ટ્રાર પીયૂષ પટેલને તાત્કાલિક હાજર કરવામાં આવે અને તેઓ જવાબ આપે. NSUI દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે પીયૂષ પટેલના સમયગાળા દરમિયાન કયા-કયા અને કેવા પ્રકારના બિલ પાસ કરવામાં આવ્યા છે, તેની એક-એક પાઈનો હિસાબ જનતા અને વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવામાં આવે. ભ્રષ્ટાચારના આ ખેલમાં સંડોવાયેલા એકેય ભ્રષ્ટ અધિકારીને છોડવામાં નહીં આવે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

## ખેતરમાં ખાતર નાખતી મહિલા પર વીજળી ત્રાટકી, 40 વર્ષીય કપિલાબેનનું મોત

આમોદ

આમોદ તાલુકાના દેણવા ગામે ખેતરમાં પતિ સાથે ખાતર નાખી રહેલી આશરે 40 વર્ષીય કપિલાબેન સોલંકી પર અચાનક વીજળી પડતાં ગંભીર રીતે દાઝી ગયા હતા. વીજળી પડવાથી માથા અને છાતીના ભાગે ગંભીર ઈજા થતાં તેમને તાત્કાલિક આમોદ રેફરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તપાસ બાદ મૃત જાહેર કર્યા હતા.



મળતી માહિતી મુજબ કપિલાબેન તેમના પતિ વિનોદભાઈ સોલંકી સાથે ખેતરમાં કામ કરી રહ્યા હતા ત્યારે અચાનક વીજળી ત્રાટકી હતી. બનાવની જાણ થતાં ગામના આગેવાનો અને સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને મહિલાને સારવાર માટે હોસ્પિટલ પહોંચાડી હતી. ઘટનાની જાણ થતાં ધારાસભ્ય ડી.કે. સ્વામી, તાલુકા વિકાસ અધિકારી નરેશ લાડુમોર, પીઆઈ રાજેન્દ્ર કરમટીયા સહિતના અધિકારીઓ અને આગેવાનો રેફરલ હોસ્પિટલ પહોંચ્યા હતા.

ધારાસભ્યએ પરિવારજનોને સાંત્વના આપી રાજ્ય સરકાર તરફથી મળવાપાત્ર આકસ્મિક મૃત્યુ સહાય માટે રજૂઆત કરવાની ખાતરી આપી હતી. બનાવથી દેણવા ગામમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. આમોદ પોલીસે અકસ્માત મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ફિલ્મફેર એવોર્ડમાં જતી વીવીઆઈપી ટ્રાફિક વચ્ચે મોટો અકસ્માત ટળ્યો

## ડભોઈના ભીલાપુર પાસે ચાલતી કાર આગના ગોળામાં ફેરવાઈ!!!

ડભોઈ

ડભોઈ વડોદરા માર્ગ ઉપર આજે ભીલાપુર ગામ નજીક એક હચમચાવી દેતી ઘટના સામે આવી છે, જ્યાં વડોદરા તરફથી ડભોઈ તરફ પૂરપાટ ઝડપે આવી રહેલી એક ક્વિડ કારમાં અચાનક યાંત્રિક ખામી સર્જાતા આગ ફાટી નીકળી હતી. થોડી જ પળોમાં આ કાર ભડભડ સળગી ઉઠતા મુખ્ય માર્ગ પર ભારે દોડધામ મચી ગઈ હતી. જોકે, કાર ચાલકની સમયસૂચકતાના કારણે અંદર સવાર તમામ મુસાફરોના જીવ આબાદ બચી ગયા હતા. વર્તમાન સમયમાં વડોદરાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી (કેવડિયા) તરફ જતા આ મહત્વપૂર્ણ માર્ગ પર વીવીઆઈપી ગાડીઓની લાંબી કતારો લાગેલી છે. દેશ-વિદેશના જાણીતા નેતાઓ, અભિનેતાઓ અને ઉચ્ચ અધિકારીઓના કાફલાઓ કેવડિયા ખાતે યોજાઈ રહેલા ભવ્ય ફિલ્મફેર



એવોર્ડ સમારોહમાં હાજરી આપવા માટે આ જ રસ્તેથી પસાર થઈ રહ્યા છે. આ હાઈ-પ્રોફાઈલ ટ્રાફિક અને સુરક્ષા વ્યવસ્થા વચ્ચે માર્ગ પર ચાલતી કાર અચાનક આગની લપેટમાં આવી જતા હડકંપ મચી ગયો હતો. મળતી માહિતી મુજબ, કાર ચાલકને ગાડીમાંથી ધુમાડો નીકળતો અનુભવાતા જ તાત્કાલિક સાવચેતી દાખવી હતી. તેણે પૂરપાટ દોડતી કારને રોડની બાજુના સાઈડપટ્ટા પર ઝીકી દીધી હતી અને ચાલક સહિત કારમાં સવાર તમામ મુસાફરો ક્ષણનો પણ વિલંબ કર્યા વગર નીચે ઉતરી સલામત અંતરે ખસી ગયા હતા. મુસાફરો બહાર નીકળ્યાની થોડી જ મિનિટોમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું.

ઘટનાની જાણ થતા જ ભીલાપુર આઉટપોસ્ટ પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને હાઈવે પર જામ થઈ ગયેલા ટ્રાફિકને હળવો કરવાની કવાયત હાથ ધરી હતી. બીજી તરફ, માર્ગની વચ્ચે ભડભડ સળગતી કારને નિહાળવા માટે હજારો વાહનચાલકો અને રાહદારીઓ એકત્રિત થઈ ગયા હતા. ફિલ્મફેર એવોર્ડમાં જઈ રહેલા અનેક દેશી-વિદેશી મહેમાનો પણ આ ભયાનક દ્રશ્ય જોઈને ચકરાવે ચડી ગયા હતા. પવનની તીવ્ર ગતિ અને આગની ભયાનક લ્હોરોને કારણે જોતજોતામાં આખી કાર રસ્તા પર જ બળીને ખાખ થઈ ગઈ હતી.

સો. મીડિયામાં રીલ બનાવવી અને હપ્તા ઉઘરાવવામાં જ વ્યસ્ત છે ધોરાજી પોલીસ?

## ધોરાજીમાં તસ્કરોનો આતંક : છેલ્લા 6-7 મહિનામાં 30થી વધુ ફેક્ટરીઓ સાફ છતાં પોલીસ 'ઘસઘસાટ ઊંઘમાં'!

ગાંધીનગર/અમદાવાદ

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાના મોટા-મોટા દાવાઓ પોકળ સાબિત થઈ રહ્યા છે, જેનું જીવંત અને શરમજનક ઉદાહરણ રાજકોટ જિલ્લાના ધોરાજીમાંથી સામે આવ્યું છે. ધોરાજી શહેરમાં છેલ્લા ૬ થી ૭ મહિનાના ટૂંકા ગાળામાં એક-બે નહીં પરંતુ ૩૦થી વધુ ફેક્ટરીઓ અને ઉદ્યોગોમાં તસ્કરોએ ત્રાટકીને લાખો રૂપિયાનો મુદ્દામાલ સફાચટ કરી નાખ્યો છે. તાજેતરમાં જ ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં ફરીથી ચોરીની ઘટના બનતા ઉદ્યોગકારો અને વેપારીઓમાં પોલીસ તંત્ર સામે ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે. સૌથી મોટો અને ગંભીર સવાલ એ છે કે આખા ધોરાજી શહેરમાં ઠેર-ઠેર સીસીટીવી કેમેરાઓ લગાવવામાં આવેલા છે, તો પછી કરોડો રૂપિયાના આ સરકારી કેમેરા શું માત્ર શોભાના ગાંઠિયા સમાન છે? સીસીટીવી ફૂટેજ હોવા છતાં અને વારંવાર એક જ પ્રકારની ચોરીઓ થતી હોવા છતાં ધોરાજી પોલીસ એક પણ ચોરીનો ભેદ ઉકેલવામાં કેમ નાકામ સાબિત થઈ રહી છે?

વારંવાર બનતી ચોરીઓની આ ઘટનાઓ બાદ જનતા હવે ખુલ્લેઆમ ખાખીધારીઓ સામે સવાલો ઉઠાવી રહી છે.

જવાબદારી કોની? ઉદ્યોગકારો પોતાના ધંધા-રોજગાર છોડીને રાત્રે ચોકી કરવા મજબૂર બન્યા છે, તો શું પોલીસ માત્ર મૂકપ્રેક્ષક બનીને તમાશો જોવા બેઠી છે? પ્રજા આક્રોશમાં પૂછી રહી છે કે આજકાલ પોલીસ જવાનોનું કામ શું માત્ર સોશિયલ મીડિયા પર રીલો બનાવીને 'સીન' મારવાનું જ રહી ગયું છે?

## ડભોઈના સાઠોદ ગામે ખૌફનાક વારદાત: તળાવમાંથી હાથ-પગ બાંધેલી હાલતમાં યુવકનો શંકાસ્પદ મૃતદેહ મળતા ચકચાર

ડભોઈ

ડભોઈ તાલુકાના સાઠોદ ગામેથી એક અત્યંત હચમચાવી દેતી અને રુંવાડા ઉભા કરી દે તેવી ઘટના સામે આવી છે. સાઠોદ ગામના તળાવમાંથી હાથ-પગ દોરી વડે ક્રૂરતાપૂર્વક બાંધેલી હાલતમાં એક યુવકનો શંકાસ્પદ મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ભારે સનસનાટી અને દહેશત ફેલાઈ ગઈ છે. મૃતક યુવકની ઓળખ સાઠોદ ગામની નવીનગરીમાં રહેતા તડવી ગુરુશરણભાઈ કોઈજીભાઈ તરીકે થઈ છે, જેઓ છેલ્લા ત્રણ-ચાર દિવસથી રહસ્યમય સંજોગોમાં લાપતા હતા. ઘટનાની વિગતો મુજબ, સાઠોદ ગામના તળાવમાં પાણીની સપાટી પર એક મૃતદેહ શંકાસ્પદ



હાલતમાં તરતો હોવાની જાણ સ્થાનિક ગ્રામજનોને થઈ હતી. આ ખબર વાયુવેગે આખા ગામમાં પ્રસરી જતાં જ મોટી સંખ્યામાં આસપાસના લોકો તળાવ કિનારે દોડી આવ્યા હતા. ગ્રામજનોએ જ્યારે મૃતદેહ નજીકથી નિહાળ્યો ત્યારે તેમના હોશ ઉડી ગયા હતા. યુવકના હાથ અને પગ દોરી તથા પ્લાસ્ટિકથી મજબૂતાઈપૂર્વક બાંધેલા હતા. આ દ્રશ્ય જોતા જ સ્પષ્ટ થઈ ગયું હતું કે આ કોઈ સામાન્ય ડૂબી જવાની ઘટના નથી, પરંતુ ઘાતકી અપરાધ છે. તળાવમાંથી બહાર કાઢવામાં આવેલા આ મૃતદેહની ઓળખ પ્રક્રિયા હાથ ધરવામાં આવતા તે ગામની નવીનગરીમાં રહેતા અને છેલ્લા ત્રણ દિવસથી ગુમ થયેલા તડવી ગુરુશરણભાઈ હોવાનું બહાર આવ્યું હતું. યુવકનો મૃતદેહ મળતા જ પરિવારજનો પર દુઃખનો તૂટી પડ્યો હતો અને ઘર આંગણે હૈયાફાટ આક્રંદ તથા શોકનું મોજું ફરી વળ્યું હતું. પરિવારના મોભી કે યુવાન સભ્યના આ પ્રકારે શંકાસ્પદ મોતથી સમગ્ર ગામ સ્તબ્ધ થઈ ગયું છે.

## સચિન GIDCના ઉદ્યોગપતિઓ દ્વારા ખુલ્લેઆમ ઝેરી અને અનટ્રીટેડ પાણી છોડવાનો સનસનાટીભર્યો આરોપ!

### સુરતના ઉધના વિસ્તારમાં હાહાકાર, હવે GPCBની તપાસ પર મંડાઈ મીટ

સુરત

સુરત શહેરમાં ઉદ્યોગપતિઓ અને માલેતુજારોની ખુલ્લી મનમાની અને ગેરજવાબદાર વલણ કઈ હદ સુધી વકરી ચૂક્યું છે, તેનું વધુ એક ખતરનાક પ્રકરણ સામે આવ્યું છે. સચિન જીઆઈડીસી (Sachin GIDC) ના ઉદ્યોગપતિઓ પર પર્યાવરણના કાયદાઓને નેવે મૂકીને, કોઈપણ પ્રકારની પ્રક્રિયા (Treatment) વગર સીધું જ ઝેરી અને હાનિકારક કેમિકલ યુક્ત પાણી ખુલ્લામાં છોડી દેવાના ગંભીર આરોપો લાગ્યા છે. આ ધિનૌની અદૂરદર્શિતાના કારણે આસપાસના વિસ્તારના પર્યાવરણ અને સ્થાનિક નાગરિકોના સ્વાસ્થ્ય સામે ગંભીર જોખમ ઊભું થયું છે, જેને લઈને આખા પંથકમાં ભય અને રોષનો



માહોલ છે. આ આખો મામલો સુરત મહાનગરપાલિકા (SMC) ના ઉધના ઝોન-બી ની હદમાં આવતા ટૂંડી ગામની આસપાસનો છે.

આક્ષેપ છે કે ઔદ્યોગિક એકમોમાંથી નીકળતું ઝેરી અને અપશોધિત (Untreated) કેમિકલ યુક્ત પાણી બેરોકટોક છોડવામાં આવી રહ્યું છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં પ્રદૂષણનું ઝેર ફેલાઈ રહ્યું છે. ઘટનાની ગંભીરતાને પારખીને સુરત શહેર કોંગ્રેસ મહામંત્રી અવધેશ મૌર્યએ તાત્કાલિક એક્શન લેતા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) ને સત્તાવાર રીતે જાણ કરી છે અને આ સમગ્ર કેસમાં હાઈ-લેવલ તપાસની માંગ ઉઠાવી છે. સુરતની જનતા આજે સવાલો પૂછી રહી છે કે આખરે ક્યારે આ ઔદ્યોગિક માફિયાઓ સામાન્ય નાગરિકોના જીવન સાથે રમવાનું બંધ કરશે? હવે સૌથી મોટો સવાલ એ ઊભો થાય છે કે શું આ કથિત ઝેરી પાણી સુરત મહાનગરપાલિકા (SMC) ના ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી ઓવરફ્લો થઈને બહાર આવ્યું છે કે પછી સચિન GIDC ના બેજવાબદાર ઉદ્યોગપતિઓએ પોતાના આર્થિક સ્વાર્થ માટે જાણી જોઈને આ કારસ્તાન કર્યું છે?

ગુજરાતમાં સરકારી તંત્રને AI માટે હવે મળશે મફત GPU પાવર

## સરકારી વિભાગો-સંસ્થાઓ-પસંદગીના AI સ્ટાર્ટઅપ્સને 100% સબસિડીથી હાઈ-પરફોર્મન્સ કમ્પ્યુટિંગ સુવિધા મળશે

ગાંધીનગર

ગુજરાત સરકારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત ગવર્નન્સ અને નવીનતાને વેગ આપવા માટે રાજ્યવ્યાપી GPU-as-a-Service (GPUaaS) Framework તાત્કાલિક અસરથી અમલમાં મૂક્યું છે. આ વ્યવસ્થા હેઠળ સરકારી વિભાગો અને સંલગ્ન સંસ્થાઓને હાઈ-પરફોર્મન્સ GPU કમ્પ્યુટિંગ રિસોર્સિસ કેન્દ્રિત રીતે ઉપલબ્ધ કરાવવામાં આવશે. સરકારનો હેતુ AIને માત્ર ટેક્નોલોજી પૂરતું સીમિત ન રાખી સુશાસન, જાહેર સેવા અને નવીનતામાં તેનો વ્યાપ વધારવાનો છે.

GPUaaS હેઠળ ગુજરાત ઈન્ફોર્મેટિક્સ




લિમિટેડ (GIL) કેન્દ્રિત GPU ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું સંચાલન કરશે. જેથી દરેક સરકારી વિભાગે અલગથી મોંઘું હાઈ-પરફોર્મન્સ કમ્પ્યુટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવાની જરૂરિયાત ઘટશે. સરકારી વિભાગો ઉપરાંત બોર્ડ-કોર્પોરેશન, સ્વાયત્ત સંસ્થા, સરકારી શૈક્ષણિક સંસ્થા અને વિજ્ઞાન-ટેક્નોલોજી વિભાગ દ્વારા મંજૂર અન્ય સંસ્થાઓ પણ મંજૂર AI તથા ડેટા આધારિત ઉપયોગ-કેસ માટે GPU સુવિધાનો ઉપયોગ કરી શકશે.

GPUની ફાળવણી કેન્દ્રિય વ્યવસ્થા મારફતે થશે. તેમાં ટેક્નિકલ શક્યતા, GPUની ઉપલબ્ધતા, મંજૂર ઉપયોગ-કેસ, જરૂરિયાતની પ્રાથમિકતા અને સરકારી નીતિઓને ધ્યાનમાં લેવામાં આવશે. GIL GPU ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પ્રોવિઝનિંગ, ઓપરેશન, મોનિટરિંગ અને મેનેજમેન્ટની જવાબદારી સંભાળશે.

આ વ્યવસ્થાની સૌથી મહત્વની બાબત એ છે કે પાત્ર રાજ્ય સરકારના વિભાગો, સરકારી સંસ્થાઓ અને સરકારી શૈક્ષણિક સંસ્થાઓને GPU ઈન્ફ્રાસ્ટ્રક્ચર 100% સબસિડીના ધોરણે ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત AI CoEના AI Innovation Challenge હેઠળ પસંદ થયેલા સ્ટાર્ટઅપ્સને તેમના AI Use Casesના production rollout માટે પણ 100% સબસિડીના ધોરણે GPU સુવિધા મળશે.

પસંદગીના સ્ટાર્ટઅપ્સ સિવાય અન્ય સ્ટાર્ટઅપ્સને પણ GPU સંસાધનો ઉપલબ્ધ કરાવી શકાશે.

## તંત્રી લેખ...

# ગુજરાતના અન્નદાતાઓની પીઠમાં ખંજર: મુંબઈની કોર્પોરેટ કંપનીઓ અને સરકારી ઠગાઈ સામે ખેડૂતોની આરપારની લડાઈ!

## સરકારના ઈશારે ગુજરાતના ખેતરો પર મુંબઈની લૂંટારુ કંપનીઓનો ત્રાપ; સોલાર, વિન્ડ અને હાઈ-ટેન્શન લાઈનોના નામે ખેડૂતોની જમીનો પચાવી પાડવાનું મોટું કાવતરુ!

### "અમે અન્ન ઉપજાવીએ છીએ, કોઈ ઉદ્યોગપતિઓની ગુલામી કરવા માટે પેદા નથી થયા!" - ગુજરાતના ખેડૂતોનો ખુલ્લો હુંકાર.

સરકાર કોની? ગુજરાતની જનતાની કે મુંબઈના મૂડીપતિઓની?

આજે ગુજરાતનો ખેડૂત રસ્તા પર છે, અને તેનો સીધો ગુસ્સો રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની નીતિઓ સામે છે. વિકાસના મોટા-મોટા બણગા ફૂંકતી ભાજપ સરકાર અદાણી, અંબાણી અને મુંબઈની મોટી કોર્પોરેટ કંપનીઓને ફાયદો કરાવવા માટે



ગુજરાતના ગરીબ અને મધ્યમવર્ગીય ખેડૂતોના હકો પર તરાપ મારી રહી છે. કચ્છથી લઈને સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સુધી સોલાર પાર્ક, વિન્ડ મિલ અને હાઈ-ટેન્શન વીજ લાઈનો નાખવાના નામે ખેડૂતોની વર્ષો જૂની ફળદ્રુપ જમીનો છીનવી લેવામાં આવી રહી છે.

સરકાર ઉદ્યોગપતિઓ સામે નમી ગઈ છે અને ખેડૂતોના મોં પર માટી ચોપડવાનું કામ કરી રહી છે. પોલીસ તંત્રને આગળ કરીને અન્નદાતાઓના અવાજને દબાવવાના તમામ પેંતરા રચવામાં આવી રહ્યા છે. શું સરકાર એટલા માટે બેઠી છે કે માત્ર મુંબઈના શેઠિયાઓની તિજોરીઓ ભરાય અને ગુજરાતનો ખેડૂત પાયમાલ થઈ જાય?

### મુંબઈની ઓફિસો સુધી ધમધમાટ: હવે સીધો હિસાબ થશે!

જ્યારે ગાંધીનગરના મંત્રીઓ અને નેતાઓ કુંભકર્ણની નિદ્રામાં સોઈ રહ્યા છે અને કોર્પોરેટ કંપનીઓના એજન્ટ બનીને ફરી રહ્યા છે, ત્યારે ગુજરાતના ખેડૂત પુત્રોએ સ્પષ્ટ કરી દીધું છે કે ગાંધીનગરથી ન્યાય નહીં મળે તો મુંબઈની કોર્પોરેટ ઓફિસોના દરવાજા ખખડાવતા પણ અમને આવડે છે!

મુંબઈ સ્થિત પાવર અને એનર્જી કંપનીઓની ઓફિસો સુધી ખેડૂતોનો આક્રોશ પહોંચી ચૂક્યો છે. કંપનીઓ મનસ્વી રીતે જમીનોના ભાવ નક્કી કરે છે, નજીવા વળતરના ટુકડા ફેંકીને ખેડૂતોને ભિખારી જેવા બનાવી દે છે અને વર્ષો સુધી કરોડો રૂપિયાની કમાણી કરે છે. આ ખુલ્લી લૂંટ હવે વધુ ચલાવી લેવામાં આવશે નહીં.

### સરકાર સામે સળગતા સવાલો - "પાક્કો ગુજરાત ન્યૂઝ" ના સીધા પ્રશ્નો:

1. વળતરના નામે ડાંડો કેમ? ભાજપ સરકાર સ્પષ્ટ કરે કે મુંબઈની કંપનીઓને જમીન આપતી વખતે ખેડૂતોને બજાર કિંમત પ્રમાણે પૂરતું અને યોગ્ય વળતર કેમ નથી આપવામાં આવતું?

2. પોલીસ દમન ક્યાં સુધી ચાલશે? પોતાના જ ખેતરમાં હક માંગવા જતા ખેડૂતો પર પોલીસ સ્ટેટ જેવું વર્તન કરી લાઠીચાર્જ અને ધાકધમકીઓ આપવાનું પાપ ક્યારે બંધ થશે?

3. કોર્પોરેટ ગુલામી સ્વીકારવા મજબૂર કેમ? શું ગુજરાતની સરકાર માત્ર મુંબઈના મૂડીપતિઓની વગદારી કરવા માટે જ ચૂંટાઈ છે કે પછી ખેડૂતોના હિતોનું રક્ષણ કરવાની કોઈ જવાબદારી બાકી છે?

4. કેટલો સમય ચાલશે આ જંગ? જ્યાં સુધી સરકાર આ અન્યાયી નીતિઓ પાછી નહીં ખેંચે અને કંપનીઓની દાદાગીરી બંધ નહીં થાય, ત્યાં સુધી આ લડાઈ અટકવાની નથી–આજે ખેતરોથી શરૂ થયેલી આગ ગાંધીનગરથી મુંબઈ સુધી તાંડવ મચાવશે!

'પાક્કો ગુજરાત ન્યૂઝ'નો અફર અવાજ: ગુજરાતનો અન્નદાતા ક્યારેય ઝૂકશે નહીં અને કોઈની દયા પર જીવશે નહીં. સરકાર ભલે ગમે તેટલા જોર લગાવી લે, પણ ખેડૂતોની આ આરપારની લડાઈ હવે સરકારની ખુરશી હચમચાવીને જંપશે!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# સત્તાની તાકાત કે ન્યાયનું વસ્ત્રાહરણ?

## વડાપ્રધાન બનવાના સપનાં સેવતા મહંત આદિત્યનાથના સોગંદનામામાં સામેલ ફોજદારી કલમોનો ચોંકાવનારો પર્દાફાશ!

ભારતીય રાજકારણમાં જ્યારે નેતાઓની છબી અને તેમના ભૂતકાળની ચર્ચા થાય છે, ત્યારે કાયદો અને વ્યવસ્થાના મોટા મોટા દાવાઓ કરવામાં આવે છે. પરંતુ જમીની હકીકત અને દેશના વગદાર નેતાઓના ઈતિહાસ પર નજર નાખવામાં આવે તો ચોંકાવનારી વાસ્તવિકતાઓ બહાર આવે છે. દેશના આગામી વડાપ્રધાન તરીકેના સપનાં જોતા અને ઉત્તરપ્રદેશની સત્તા સંભાળતા મહંત આદિત્યનાથના ભૂતકાળના સોગંદનામામાં સામેલ કાનૂની કલમો અને તેમની સામેના કેસો પાછા ખેંચવાની પ્રક્રિયા હાલ દેશભરમાં ભારે ચર્ચા અને વિવાદનો વિષય બની છે.

### સોગંદનામામાં સામેલ હતી ગંભીર ફોજદારી કલમો

ચૂંટણી પંચ સમક્ષ રજૂ કરવામાં આવેલા સોગંદનામા મુજબ, મહંત આદિત્યનાથ સામે અગાઉ નોંધાયેલા કેસોમાં ભારતીય દંડ સંહિતા (IPC) ની કેટલીક અત્યંત ગંભીર અને સંવેદનશીલ કલમોનો સમાવેશ થતો હતો. આ કલમોમાં મુખ્યત્વે:

કલમ ૧૪૭ અને ૧૪૮ (તોફાનો અને ઘાતક હથિયારો સાથે સશસ્ત્ર જૂથ બનાવવું)

કલમ ૨૯૫ અને ૨૯૭ (ધાર્મિક ભાવનાઓ દુભાવવી અને પૂજાસ્થળોનું અપમાન કરવું)

કલમ ૧૫૩-એ (બે સમુદાયો વચ્ચે વૈમનસ્ય કે શત્રુતા ફેલાવવી)

કલમ ૩૦૭ (ખૂનનો પ્રયાસ - જાનલેવા હુમલો)

કલમ ૩૦૨ (ગંભીર ગુનાઓ અંતર્ગત હત્યા સંબંધિત આક્ષેપો)

આ ઉપરાંત કલમ ૫૦૬, ૪૨૭, ૫૦૪, ૩૩૬, ૧૩૩ અને ૨૮૫ જેવી અનેક કલમો હેઠળ ગંભીર ગુનાહિત નોંધો દર્શાવવામાં આવી હતી.

વિશ્વના એવા પ્રથમ સંત, જેણે સત્તામાં આવતા જ પોતાના પરના કેસો પાછા ખેંચાવી લીધા!

રાજકીય વિશ્લેષકો અને કાનૂની નિષ્ણાતોના મતે, મહંત આદિત્યનાથ કદાચ વિશ્વના એવા પ્રથમ અનોખા નેતા કે સંત હશે કે જેમણે ઉત્તરપ્રદેશની સત્તા સંભાળતાની સાથે જ પોતાની જ સરકારના માધ્યમથી પોતાના પર ચાલી રહેલા સેંકડો ફોજદારી અને ગંભીર કેસો કાયદાકીય પ્રક્રિયાનો ઉપયોગ કરીને સરકારી આદેશથી



પાછા ખેંચી લીધા હતા. સત્તામાં બેસતાની સાથે જ પોતાના પરના ગુનાઓ ધોઈ નાખવાના આ કિસ્સાએ દેશની ન્યાયપ્રણાલી અને રાજકીય નૈતિકતા સામે ગંભીર સવાલો ખડા કર્યા છે.

### સામાન્ય જનતા માટે કાયદો અલગ અને શાસકો માટે અલગ? ઉઠતા સવાલો

આ ઘટનાક્રમ બાદ સામાન્ય જનતા અને આમ આદમીમાં ભારે રોષ અને આશ્ચર્ય જોવા મળી રહ્યું છે. લોકો ખુલ્લેઆમ સવાલો પૂછી રહ્યા છે કે: જો દેશનો કોઈ સામાન્ય, ગરીબ કે નાનો માણસ પોલીસ સ્ટેશનમાં નાનો-મોટો ધક્કો વાગે કે નાનો ગુનો નોંધાય, તો તેને કાયદાની એક-એક કલમનું પાલન કરવું પડે છે અને ન્યાય મેળવવા વર્ષોના વર્ષો અદાલતના ધક્કા ખાવા પડે છે, તો પછી આવા રીઢા અને ગંભીર ગુનાઓના આક્ષેપો ધરાવતા નેતાઓને આટલી સરળતાથી મુક્તિ કેમ અને કેવી રીતે આપી દેવામાં આવી?

શું ભારતમાં કાયદો સામાન્ય નાગરિક માટે અલગ અને સત્તા પર બેઠેલા વગદાર નેતાઓ માટે અલગ છે?

મહંત આદિત્યનાથનો આ ઈતિહાસ અને સત્તાના જોરે કેસો પાછા ખેંચવાની આ મનસ્વી નીતિએ લોકશાહી અને ન્યાયની સમાનતાના સિદ્ધાંતો પર મોટો પ્રશ્નાર્થ ચિહ્ન મૂકી દીધો છે. પ્રજા હવે આ બધું બારીકાઈથી જોઈ રહી છે અને સમય આવ્યે સવાલોના જવાબ માંગવા તૈયાર બેઠી છે.

# ગુણોત્સવ-2026 : ગુણવત્તાયુક્ત શિક્ષણ તરફ કચ્છનું સશક્ત પગલું

કચ્છની શાળાઓમાં ગુણોત્સવ-2026 અંતર્ગત ગુણવત્તા ચકાસણી અને વેરિફિકેશનની કામગીરી શરૂ થઈ છે. શાળાની શૈક્ષણિક કામગીરી, વ્યવસ્થાપન અને સ્વ-મૂલ્યાંકનમાં રજૂ થયેલી વિગતોની સ્થળ પર ચકાસણી કરવામાં આવી રહી છે.

આ અંતર્ગત બુધવાર, તા. 23/09/2026ના રોજ શ્રી



ઘનશ્યામ નગર ચોબારી પ્રાથમિક શાળાની મુલાકાત શ્રી પ્રકાશકુમાર પંડિત સાહેબ તેમજ શ્રી શૈલેષભાઈ મકવાણા સાહેબ દ્વારા લેવામાં આવી હતી. મુલાકાત દરમિયાન શાળાની શૈક્ષણિક કામગીરી, જરૂરી દસ્તાવેજો, શૈક્ષણિક વાતાવરણ તથા વિવિધ પ્રવૃત્તિઓનું સ્થળ પર નિરીક્ષણ કરી ગુણવત્તા અંગેની વિગતોની ચકાસણી કરવામાં આવી હતી.

ગુણોત્સવ માત્ર ગુણાંક મેળવવાની પ્રક્રિયા નથી, પરંતુ શાળાને પોતાની કામગીરીનું આત્મપરીક્ષણ કરી સતત સુધારાની દિશામાં આગળ વધવાની તક છે. વર્ગખંડમાં થતું શિક્ષણ, વિદ્યાર્થીઓની ભાગીદારી, પુસ્તકાલય, શૈક્ષણિક-સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ, દસ્તાવેજીકરણ અને શાળાનું સમગ્ર વાતાવરણ–આ તમામ પાસાં ગુણવત્તાના મહત્વપૂર્ણ માપદંડ બને છે.

કચ્છ જેવા વિશાળ અને ભૌગોલિક વૈવિધ્ય ધરાવતા જિલ્લામાં આવી ગુણવત્તા ચકાસણીનું વિશેષ મહત્વ છે. તેનો હેતુ માત્ર ખામીઓ શોધવાનો નહીં, પરંતુ શાળાની શક્તિઓને ઓળખી વધુ સારા પરિણામો અને ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે નવી દિશા આપવાનો છે.

ગુણોત્સવની સાચી સફળતા ત્યારે કહેવાય, જ્યારે તે માત્ર 'કેટલા ગુણ મળ્યા?' એ પ્રશ્ન સુધી સીમિત ન રહે, પરંતુ 'કયા ક્ષેત્રમાં વધુ સુધારો કરી શકાય?' એવો વિચાર શિક્ષકો, આચાર્યો, વિદ્યાર્થીઓ અને સમગ્ર શાળા સમુદાયમાં જન્માવે. ગુણોત્સવના ગુણાંક કરતાં ગુણવત્તાયુક્ત શિક્ષણથી ઘડાતા આવતીકાલના નાગરિકો વધુ મહત્વના છે. કચ્છની શાળાઓ શ્રેષ્ઠતાની નવી ઊંચાઈઓ સર કરે–એ જ ગુણોત્સવ-2026નું સાચું સાર્થક્ય છે.

**-રૂપેશ સોલંકી, ભચાઉ, કચ્છ**

# ગુજરાતના અન્નદાતાની લાચારી: શેરડીની ખેતી છોડવા કેમ મજબૂર થયા ખેડૂતો? સરકાર અને સુગર મિલોની મિલીભગત સામે ફૂટ્યો રોષ!

મોંઘા ખાતર-બિયારણ અને કથળેલી સુગર મિલોની દશાથી ત્રાસીને ખેડૂતોએ શેરડીના ખેતરો પર ફેરવ્યા ટ્રેક્ટર; ભાજપ સરકારની નીતિઓ સામે ખેડૂતોમાં ભયભીત આક્રોશ!

'નેતાઓ સુગર મિલો ચલાવીને કરોડપતિ બની ગયા, અને ખેડૂત દેવાના ડુંગર નીચે દબાઈ ગયો!' - ગુજરાતના ખેડૂતોનો ખુલ્લો આક્ષેપ.

સોના જેવા ખેતરોમાં નિરાશા: કેમ છૂટી રહી છે શેરડીની ખેતી?

એક સમય હતો જ્યારે ગુજરાતના વિશેષ કરીને દક્ષિણ ગુજરાત અને અન્ય પંથકોમાં શેરડીની ખેતીને સમૃદ્ધિનું પ્રતિક માનવામાં આવતી હતી. પરંતુ આજે ચિત્ર સંપૂર્ણપણે બદલાઈ ચૂક્યું છે. મોંઘા બિયારણો, અસહ્ય મોંઘા ખાતર અને જંતુનાશકોના ભાવો આસમાને પહોંચ્યા છે. દશકાઓ પહેલાં ખાતરની એક થેલી જે ભાવે મળતી હતી, તેના કરતાં અનેકગણા ભાવ આજે વસૂલવામાં આવી રહ્યા છે, જ્યારે તેની સામે શેરડીના પોષણક્ષમ ભાવોમાં કોઈ મોટો વધારો કરવામાં આવ્યો નથી. પરિણામે, મહેનત અને ખર્ચ સામે યોગ્ય વળતર ન મળવાને કારણે ખેડૂતો પાયમાલ થઈ રહ્યા છે અને શેરડીની ખેતી છોડીને બાગાયતી પાક કે શાકભાજી તરફ વળવા મજબૂર બન્યા છે.

સુગર મિલોની બરબાદી અને ભાજપના નેતાઓની તિજોરીઓ!

ખેડૂતોના આક્રોશનું સૌથી મોટું કારણ સહકારી ક્ષેત્રની સુગર મિલોની દુર્દશા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, શાસક પક્ષ ભાજપના નેતાઓએ સુગર મિલોની કમિટીઓ અને ચેરમેનપદ પર કબજો જમાવીને મિલોને ખોટમાં ધકેલી દીધી છે. સામાન્ય ખેડૂત પરસેવો પાડીને શેરડી પકવે છે, જ્યારે રાજકીય નેતાઓ અને વગદાર લોકો સુગર મિલોના માધ્યમથી કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરીને ફૂલીફાલી રહ્યા છે.

મિલો સમયસર ખેડૂતોને નાણાં ચૂકવતી નથી, અને જ્યારે ચુકવણી થાય છે ત્યારે એવા તો ઓછા ભાવ આપવામાં આવે છે કે ખેડૂત પોતાના ખાતર અને મજૂરીના પૈસા પણ પૂરા ન કરી શકે. સરકાર પાસે ખેડૂતોને મદદ કરવા કે રાહત પેકેજ આપવા માટે હંમેશાં બહાનાં હોય છે, પરંતુ ઉદ્યોગપતિઓ અને ભ્રષ્ટ નેતાઓની તિજોરીઓ ભરવા માટે સરકારી તિજોરીના મોં ખુલ્લા છોડી દેવામાં આવે છે.

સરકારની ખેડૂત વિરોધી નીતિઓ: હવે જાગવાનો સમય

1. શેરડીનો યોગ્ય ભાવ કેમ નહીં? વર્ષોથી મોંઘવારી વધવા છતાં ખેડૂતોને ટનના હિસાબે પૂરો ભાવ કેમ નથી મળી રહ્યો? શું ખેડૂતોનો જન્મ માત્ર લૂંટાવા માટે જ થયો છે?

2. ભ્રષ્ટ નેતાઓ પર કાર્યવાહી ક્યારે? સુગર મિલોમાં બેસીને કરોડો રૂપિયાનો હેરફેર કરનારા ભાજપના નેતાઓ સામે સરકાર કોઈ કડક તપાસ કેમ નથી કરાવતી?

3. દેવાના બોજ તળે દબાયેલો ખેડૂત: બેંકોના ચક્કર કાપતો અને વ્યાજના ચક્રવ્યુહમાં ફસાયેલો અન્નદાતા આજે આત્મહત્યા કરવા મજબૂર બને, એવી સ્થિતિ આખરે કોણે પેદા કરી છે?

'પાક્કો ગુજરાત ન્યૂઝ'નો અફર અવાજ: સરકાર ભલે વિકાસના મોટા-મોટા દાવા કરે, પરંતુ જમીની હકીકત એ છે કે નીતિઓની નિષ્ફળતા અને નેતાઓની બિનજવાબદારીના કારણે ગુજરાતનો અન્નદાતા બરબાદ થઈ રહ્યો છે. જો સમયસર શેરડીનો યોગ્ય ભાવ અને સહાય નહીં મળે, તો ખેડૂતોનો આ આક્રોશ આગામી દિવસોમાં સરકારની ખુરશી હલાવીને મૂકશે!

# મધ્યપ્રદેશમાં ભાજપના નેતાઓની વિવાદાસ્પદ નિવેદનબાજીથી રાજકારણ ગરમાયું: નવરાત્રી અને દીકરીઓ અંગેના નિવેદનો પર ઉઠ્યા ગંભીર સવાલો

મધ્યપ્રદેશના રાજકારણમાંથી એક પછી એક એવા ચોંકાવનારા અને વિવાદાસ્પદ નિવેદનો સામે આવી રહ્યા છે, જેના કારણે દેશભરમાં રાજકીય ગરમાવો આવી ગયો છે. રાહુલ ગાંધીની ઈન્દોર મુલાકાત અને તેમના કાર્યક્રમને મળેલી ભવ્ય સફળતા બાદ ભાજપના નેતાઓમાં વ્યાપેલા અસંતોષ કે પછી અન્ય રાજકીય સમીકરણો વચ્ચે, જવાબદાર પદ પર બેઠેલા નેતાઓની ભાષા અને નિવેદનો હવે ગંભીર ચર્ચાનો વિષય બન્યા છે. તહેવારોની મોસમ નજીક છે ત્યારે સમાજમાં વિભાજન પેદા કરતા આ નિવેદનો સામે બુદ્ધિજીવીઓ અને નાગરિકો દ્વારા તીવ્ર પ્રતિક્રિયાઓ આપવામાં આવી રહી છે.

ઉષા ઠાકુરના નિવેદનથી મચેલો હોબાળો અને તેના પડઘા

મધ્યપ્રદેશ સરકારના અગ્રણી નેતા અને મંત્રી ઉષા ઠાકુર દ્વારા આપવામાં આવેલા એક નિવેદને ભારે વિવાદ જગાવ્યો છે. તેમના દ્વારા સાર્વજનિક મંચો પર જે પ્રકારે આંકડાઓ અને દાવાઓ રજૂ કરવામાં આવ્યા, તેણે અનેક ગંભીર સવાલો ખડા કર્યા છે. વિપક્ષી નેતાઓ અને સામાજિક આગેવાનોનું કહેવું છે કે જવાબદાર બંધારણીય કે રાજકીય પદ પર બેઠેલી વ્યક્તિએ સમાજમાં અવિશ્વાસ, શંકા અને તણાવ ફેલાય તેવા નિવેદનો આપવાથી બચવું જોઈએ. આવા અસંતુલિત નિવેદનો સામાજિક તાણાવાણાને નબળા પાડે છે અને યુવા પેઢીમાં નફરતનું બીજ રોપે છે.

રામેશ્વર શર્માની ટિપ્પણીથી સામાજિક સદભાવના પર ખતરો

આ કડીમાં ભાજપના અન્ય એક નેતા રામેશ્વર શર્માનું નિવેદન પણ આગમાં ઘી હોમવાનું કામ કરી ગયું છે. ગરબા આયોજનો અને ધાર્મિક ઉત્સવો સંદર્ભે તેમણે જે પ્રકારની ભાષાનો ઉપયોગ કર્યો, તેણે સમગ્ર ઉત્સવના માહોલને ડહોળવાનો પ્રયાસ કર્યો છે. તહેવારો તો ભાઈચારો, ઉલ્લાસ અને એકતાનું પ્રતીક હોય છે, પરંતુ રાજકીય રોટલા શેકવા માટે આવા પવિત્ર અવસરોને પણ વિવાદોમાં ઘસડવામાં આવી રહ્યા હોવાનો આક્ષેપ જનતા દ્વારા થઈ રહ્યો છે. આ પ્રકારની માનસિકતા દર્શાવે છે કે નેતાઓ પોતાના રાજકીય ફાયદા માટે સમાજને ધ્રુવીકરણ કરવાના રસ્તે ચાલી રહ્યા છે.

જનતામાં રોષ અને વિરોધનો સૂર: પ્રજા હવે ચૂપ નહીં રહે

એક તરફ સામાન્ય પ્રજા મોંઘવારી, બેરોજગારી અને મૂળભૂત પ્રશ્નોથી ત્રસ્ત છે, ત્યારે નેતાઓ દ્વારા જનતાનું ધ્યાન ભટકાવવા માટે આવા કોમી અને વિવાદાસ્પદ મુદ્દાઓ આગળ ધરવામાં આવી રહ્યા છે તેવી પ્રબળ ચર્ચા ગામડાઓથી લઈને શહેરો સુધી ચાલી રહી છે. ભાજપના નેતાઓની આ પ્રકારની માનસિકતા અને બેફામ નિવેદનબાજી સામે હવે લોકમાનસમાં પણ ભારે નારાજગી જોવા મળી રહી છે. લોકો હવે ખુલ્લેઆમ સવાલો પૂછી રહ્યા છે કે શું વિકાસના મુદ્દાઓ પાછળ ધકેલાઈ ગયા છે અને માત્ર ધ્રુવીકરણ જ રાજકારણનો મુખ્ય હેતુ બની ગયો છે? આ મામલો આગામી દિવસોમાં વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે અને રાજકારણમાં મોટો વળાંક લાવે તેવી પૂરી સંભાવના છે.

# ભાજપે તમામ રાજ્યોમાં નવા પ્રભારીઓની જાહેરાત કરી

## સંગઠનમાં ફેરફારથી સ્મૃતિ ઈરાની, રામ માધવ અને હરીશ દ્વિવેદી સહિત 6 નેતાઓનું કદ વધ્યું

ભાજપે બુધવારે તમામ રાજ્યોમાં પોતાના નવા પ્રભારીઓ અને સહપ્રભારીઓની જાહેરાત કરી. પાર્ટીના અધ્યક્ષ નીતિન નબીન તરફથી જાહેર કરાયેલી યાદી મુજબ, સ્મૃતિ ઈરાનીને છત્તીસગઢ અને હરિયાણાના પ્રભારી બનાવવામાં આવ્યા છે. રામ માધવને તમિલનાડુ અને ઉત્તરાખંડની જવાબદારી સોંપવામાં આવી છે. આ યાદીમાં ઉત્તર પ્રદેશ, પંજાબ અને ગુજરાતના પ્રભારીઓનાં નામ પણ સામેલ છે. આ ત્રણેય રાજ્યોના પ્રભારીઓની નિમણૂક 18 ઓગસ્ટે જ કરવામાં આવી હતી. બિહારની ચૂંટણીમાં પાર્ટીને જીત અપાવનાર વિનોદ તાવડેને ઉત્તર પ્રદેશના પ્રભારી બનાવવામાં આવ્યા છે. પંજાબની જવાબદારી સતીશ પૂનિયાને સોંપવામાં આવી છે. ગુજરાતની જવાબદારી તરુણ ચૂગને આપવામાં આવી છે. 18 ઓગસ્ટે પાર્ટીએ જણાવ્યું હતું કે બાકીના રાજ્યોના પ્રભારીઓ અને સહપ્રભારીઓની નિમણૂક બાદમાં કરવામાં આવશે. ભાજપ સંગઠનમાં સ્થાન મળ્યા બાદ હવે સ્મૃતિ ઈરાની, હરીશ દ્વિવેદી, રામ માધવ અને અનિલ એન્ટની સહિત છ એવા પ્રમુખ નામો સામેલ થયા છે, જેમને પાર્ટીએ અલગ-અલગ રાજ્યોનો પ્રભાર સોંપ્યો છે. એટલું જ નહીં, રામ માધવ અને સતીશ પૂનિયાને ચૂંટણીવાળા રાજ્યોની જવાબદારી પણ સોંપવામાં આવી છે. ભાજપે રાષ્ટ્રીય મહાસચિવોને રાજ્યોનો પ્રભાર સોંપ્યો.

# 'સલવાર ઉતારવી બળાત્કારનો પ્રયાસ નથી': પટના હાઈકોર્ટના ચૂકાદાથી સુપ્રીમ નારાજ, CJI બોલ્યા- નિવેદન વાંધાજનક; ચુકાદો રદ થઈ શકે છે

સુપ્રીમ કોર્ટ એ નિર્ણયને રદ કરી શકે છે, જેમાં પટના હાઈકોર્ટે કહ્યું હતું કે સલવાર ઉતારવી બળાત્કારનો પ્રયાસ નથી. CJI જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બેન્ચ આ આદેશ પર સ્વતઃ સંજ્ઞાન લઈને સુનાવણી કરી રહી હતી.

CJI સૂર્યકાંતે કહ્યું કે પટના હાઈકોર્ટના આ નિર્ણયમાં કેટલીક ટિપ્પણીઓ વાંધાજનક છે. તેમણે કહ્યું કે આરોપીનો પક્ષ સાંભળ્યા બાદ આ નિર્ણયને રદ પણ કરી શકાય છે. CJI સૂર્યકાંતે બિહારના એડવોકેટ જનરલ એસ.ડી. સંજયને કહ્યું કે સ્થાનિક પોલીસ દ્વારા આરોપીને નોટિસ મોકલવામાં આવે. સુપ્રીમ કોર્ટને જુલાઈમાં પટના હાઈકોર્ટના આદેશની જાણકારી આપવામાં આવી હતી, ત્યારે SC અલાહાબાદ હાઈકોર્ટના આવા જ એક આદેશ પર સુનાવણી કરી રહી હતી. અલાહાબાદ હાઈકોર્ટે નિર્ણયમાં કહ્યું હતું– સગીરની છાતી દબાવવી અને પાયજામાનો નાડું તોડવું બળાત્કારનો પ્રયાસ નથી. આ આદેશને સુપ્રીમ કોર્ટે રદ કરી દીધો હતો. 14 જુલાઈના રોજ વરિષ્ઠ વકીલ શોભા ગુપ્તાએ સુપ્રીમ કોર્ટ સમક્ષ પટના હાઈકોર્ટના આદેશનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે સુપ્રીમ કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટનો આદેશ રદ કરી દીધો હતો. તેમ છતાં પટના હાઈકોર્ટે સમાન પ્રકારની ટિપ્પણીઓ કરીને આદેશ આપ્યો. અલ્હાબાદ હાઈકોર્ટનો નિર્ણય રદ કર્યા બાદ CJI સૂર્યકાંતે નેશનલ જ્યુડિશિયલ એકેડેમી (NJA) ની નિષ્ણાત સમિતિનો અહેવાલ પણ મંજૂર કર્યો હતો. અહેવાલમાં યૌન અપરાધો સાથે જોડાયેલા કેસોની સુનાવણી દરમિયાન સંવેદનશીલતા જાળવવા માટે માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે દેશની તમામ અદાલતોને આ માર્ગદર્શિકાનું કડકપણે પાલન કરવાનો નિર્દેશ આપ્યો હતો. હાઈકોર્ટે 9 જુલાઈએ પટનામાં ચુકાદો સંભળાવ્યો હતો પટના હાઈકોર્ટે 9 જુલાઈના પોતાના ચુકાદામાં કહ્યું હતું કે મહિલાની સલવાર ઉતારવાનો પ્રયાસ અને તેની છાતી દબાવવાની ઘટનાને બળાત્કારનો પ્રયાસ માની શકાય નહીં. ખાસ કરીને ત્યારે, જ્યારે શારીરિક સંબંધ બાંધવાનો કોઈ પુરાવો ન હોય અને બળાત્કારના ઈરાદાનું કોઈ કૃત્ય સામે ન આવ્યું હોય. હાઈકોર્ટે કહ્યું હતું કે મહિલાની ગરિમા ભંગ કરવાનો ગુનો બને છે, પરંતુ બળાત્કારના પ્રયાસનો ગુનો સાબિત થતો નથી. ચુકાદા બાદ આરોપીને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો. બળાત્કારના પ્રયાસનો આ કેસ 2008માં બિહારના બાંકામાં નોંધાયો હતો.



પાક્કો ગુજરાત
ગુરુવાર | 24 સપ્ટેમ્બર 2026 | અમદાવાદ

# અંકલેશ્વરમાં બૌડાનું મેગા બુલડોઝર ઓપરેશન: બે મોટા ફર્નિચર ગોડાઉન અને ત્રણ દુકાનો ધ્વસ્ત, દબાણકર્તાઓમાં સન્નાટો!

**■ રહેણાંક વિસ્તારમાં ગેરકાયદે કોમર્શિયલ સામ્રાજ્ય સામે તંત્રની લાલ આંખ; જેસીબી ગરજતા જ ભૂમાફિયાઓમાં ફફડાટ**

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વર શહેરી અને આસપાસના વિસ્તારોમાં કાયદાને નેવે મૂકીને ચાલતા ગેરકાયદે બાંધકામો સામે ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તા મંડળ (બૌડા) દ્વારા આક્રમક કાર્યવાહી કરવામાં આવી છે. પીરામણ નાકા અને બ્રિજ નગર વિસ્તારમાં રહેણાંક પ્લોટ કે જોનનો દુરુપયોગ કરી પરવાનગી વગર ધમધમતા બે મોટા ફર્નિચરના ગોડાઉન અને ત્રણ કોમર્શિયલ દુકાનો પર તંત્રનું બુલડોઝર ફરી વળતા ગેરકાયદેસર બાંધકામ કરનારા તત્વોમાં ભારે ભય અને નાસભાગ મચી ગઈ છે.



મંગળવારે સવારથી જ બૌડાની એન્ફોર્સમેન્ટ ટીમ પોલીસ કાફલા સાથે અંકલેશ્વરના સંવેદનશીલ વિસ્તારોમાં મેદાને ઉતરી હતી. તંત્રની આ અચાનક એન્ટ્રીથી ગેરકાયદેસર દબાણકારોમાં સન્નાટો છવાઈ ગયો હતો:

પીરામણ નાકા ઓપરેશન: અહીં ગ્રાઉન્ડ ફ્લોર પર કાયદાકીય મંજૂરી વગર ગેરકાયદે બનાવી દેવાયેલી ત્રણ દુકાનો અને તેની ઉપર ધમધમતા ફર્નિચરના ગોડાઉન પર તંત્ર દ્વારા તાળીઓ (સીલ) મારવાની સાથે વધારાનું ગેરકાયદે બાંધકામ જેસીબીની મદદથી જમીનદોસ્ત કરી દેવામાં આવ્યું હતું.

બ્રિજ નગર ફાટી નીકળ્યો રોષ: બ્રિજ નગર વિસ્તારમાં આવેલા જાણીતા નીલમ ફર્નિચરના ગોડાઉન દ્વારા રહેણાંક વિસ્તારમાં કોઈ પણ પ્રકારની અધિકૃત પરવાનગી લીધા વિના મોટું કોમર્શિયલ માળખું ઊભું કરવામાં આવ્યું હતું. બૌડાની ટીમે અહીં પણ કોઈ પણ પ્રકારની શેહશરમ રાખ્યા વગર જેસીબી ફેરવીને આખું ગોડાઉન તોડી પાડ્યું હતું.

ગેરકાયદે દબાણકારો માટે લાલબત્તી સમાન કડક સંદેશ

અંકલેશ્વરમાં લાંબા સમયથી રહેણાંક વિસ્તારોમાં ધમધમતા કોમર્શિયલ ગોડાઉનો અને દુકાનોને કારણે ટ્રાફિકની સમસ્યાની સાથે સ્થાનિક રહેવાસીઓને ભારે હાલાકી વેઠવી પડતી હતી. અનેકવાર રજૂઆતો છતાં ભૂમાફિયાઓ બેફામ બન્યા હતા. જોકે, બૌડા દ્વારા હાથ ધરાયેલી આ ડી (ધમાકેદાર) કાર્યવાહીથી સ્પષ્ટ થઈ ગયું છે કે હવે તંત્ર વિકાસના નામે ચાલતી ગેરકાયદે પ્રવૃત્તિઓ ચલાવી લેવાના મૂડમાં નથી.

આ સઘન ઓપરેશને અંકલેશ્વર પંથકના અન્ય ગેરકાયદેસર દબાણકારો અને ડેવલપર્સની ઊંઘ હરામ કરી દીધી છે. આગામી દિવસોમાં પણ આવા અનધિકૃત બાંધકામો સામે વધુ કડક પગલાં લેવાય તેવી પ્રબળ સંભાવના છે.

# દહેજ GIDCની 'અનુગ્રહ' કંપની બહાર પાર્કિંગનો ખુલ્લો વેપલો..!!

**મુખ્ય દરવાજા પર વાહનોના ખડકલાથી તંત્રની મિલીભગત સામે સળગતા સવાલો!**

ભરૂચ, રંગુની જાકીર

દહેજ GIDC આજે ગુજરાતના સૌથી મોટા ઔદ્યોગિક હબ તરીકે ઓળખાય છે, પરંતુ અહીંની કંપનીઓની મનમાની અને બેજવાબદારી હવે હદ વટાવી રહી છે. દહેજ GIDCમાં ધમધમતી 'અનુગ્રહ' કંપનીના મેઈન ગેટ બહાર જ વાહનોની અનધિકૃત પાર્ક થયેલી સ્થિતિએ ગંભીર સવાલો ઊભા કર્યા છે. ફેક્ટરીના મુખ્ય દરવાજાની બહાર જ જો વાહનોના ખડકલા થઈ જશે, તો કટોકટીના સમયે કે કોઈ દુર્ઘટના વખતે ફાયર ફાઈટર કે એમ્બ્યુલન્સ અંદર કેવી રીતે પ્રવેશ કરશે? સવાલ એ છે કે કંપનીના મેઈન ગેટ બહાર આ પ્રકારે વાહનો પાર્ક કરવાની કોઈ સત્તાવાર મંજૂરી છે ખરી? જો મંજૂરી હોય, તો કયા નિયમો હેઠળ અને કયા ભ્રષ્ટ અધિકારીની મિલીભગતથી આ પરવાનગી આપવામાં આવી છે? નિયમો પ્રમાણે કોઈપણ ઔદ્યોગિક એકમે પોતાના કર્મચારીઓ, કામદારો અને આવતા-જતા મુલાકાતો




માટે કંપનીની હદની અંદર જ પૂરતી પાર્કિંગ સુવિધા ઊભી કરવી અનિવાર્ય છે. તો પછી 'અનુગ્રહ' કંપની પાસે પોતાના જ વાહનો પાર્ક કરવા માટે અંદર કોઈ સુવિધા નથી કે પછી કંપની મેનેજમેન્ટ જાણી જોઈને રસ્તા પર ગેરકાયદે કબજો જમાવી બેઠું છે? ગેટની બહાર આડેધડ ઊભા રહેતા વાહનોને કારણે ત્યાંથી પસાર થતી અન્ય રાહદારીઓ, કામદારો અને ભારે વાહનોની અવરજવર પર સીધી અસર પડી રહી છે. ગમે ત્યારે કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ શકે તેમ છતાં સંબંધિત GIDC તંત્ર અથવા સેફ્ટી વિભાગ આંખ આડા કાન કરીને બેસી રહ્યો છે. મંજૂરી છે કે દાદાગીરી? જો મેઈન ગેટ બહાર પાર્કિંગ કરવાની કોઈ સત્તાવાર મંજૂરી ન હોય, તો અત્યાર સુધી કંપની સામે કોઈ નોટિસ કે લાલ આંખ કેમ કરવામાં નથી આવી? તંત્રની મિલીભગત કેમ? GIDC ના અધિકારીઓ અને સ્થાનિક તંત્ર આ ખુલ્લી ગેરરીતિ સામે અંધારામાં છે કે પછી હપ્તાશાહીના જોરે બધું આંખમીંચામણા કરીને ચલાવાઈ રહ્યું છે?

**10 વિદ્યાર્થી સહિત વૃદ્ધા ઘાયલ**

# આમોદમાં વિદ્યાર્થીઓથી ભરેલી વાન ખાડામાં ખાબકી

આમોદ

દાદાપોરથી આમોદની શાહ એન.એન. એમ. ચામડિયા હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓને લઈ આવતી મારુતિ વાન શાળા છૂટ્યા બાદ પરત ફરી રહી હતી ત્યારે રસ્તાની બાજુના ખાડામાં પલટી મારી ગઈ હતી. વાન પલટી જતાં વિદ્યાર્થીઓમાં ચીસો અને અફરાતફરી મચી હતી. અકસ્માતમાં આશરે 10 વિદ્યાર્થીઓ અને એક વૃદ્ધ મહિલા ઈજાગ્રસ્ત થતાં તેમને કાદવ-કીચડથી લથપથ હાલતમાં સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા.





અકસ્મતમાં પ્રતિજ્ઞા ઠાકોર નામની વિદ્યાર્થીનીને છાતીના ભાગે ગંભીર ઈજા પહોંચતાં વધુ સારવાર માટે વડોદરા રિફર કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે, જ્યારે અન્ય વિદ્યાર્થીઓને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી.

ઘટના બાદ કેટલાક વિદ્યાર્થીઓએ વાનચાલક દારૂના નશામાં હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો અને નશાની હાલતમાં વાહન ચલાવતાં વાન કાબૂ બહાર ગઈ હોવાનો દાવો કર્યો હતો. જોકે, ડ્રાઈવર ખરેખર નશામાં હતો કે નહીં તેની સત્તાવાર પુષ્ટિ થઈ નથી અને મેડિકલ પરીક્ષણ તથા પોલીસ તપાસ બાદ જ હકીકત સ્પષ્ટ થશે. બનાવે સ્કૂલ વાહનોની ફિટનેસ, ડ્રાઈવરની લાયકાત અને સલામતી વ્યવસ્થા સામે સવાલો ઊભા કર્યા છે.

વાલીઓ અને સ્થાનિકોમાં રોષ વચ્ચે આમોદ તાલુકામાં દોડતા સ્કૂલ વાહનોની તાત્કાલિક ચકાસણી તથા સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરી બેદરકારી સાબિત થાય તો જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

# હિન્ડાલ્કો પાખાજનમાં 65 મહિલા કર્મચારીઓને સુરક્ષા અને ડિજિટલ સલામતી અંગે માર્ગદર્શન

ભરૂચ

હિન્ડાલ્કો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, પાખાજન ખાતે વાગરા પોલીસ સ્ટેશન તથા મહિલા અને બાળ વિકાસ વિભાગના સહયોગથી મહિલા સુરક્ષા, સશક્તિકરણ અને ડિજિટલ સલામતી અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા મહિલા અને બાળ અધિકારી સવંત કાશ્મીરા મેડમના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં કંપનીની આશરે 65 મહિલા કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

DHEWમાંથી વર્ષાબેન ગોહિલ તથા સખી વન સ્ટોપ સેન્ટરમાંથી ચાવડા વૈશાલીબેન અને વસાવા સુનિતાબેને મહિલાઓને સુરક્ષા,



સરકારી કલ્યાણકારી યોજનાઓ, સાયબર ક્રાઈમથી બચવાના ઉપાયો, ડિજિટલ સલામતી અને મુશ્કેલીના સમયે ઉપલબ્ધ સહાય સેવાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમમાં POSH કાયદા હેઠળ કાર્યસ્થળે મહિલાઓની સુરક્ષા, સરકારી આશ્રયગૃહો, ઈમરજન્સી સહાય, પોલીસ તથા અન્ય સરકારી વિભાગોનો સંપર્ક કરવાની પ્રક્રિયા સહિતના મુદ્દાઓ સમજાવવામાં આવ્યા હતા. મહિલાઓને જોખમ કે મુશ્કેલીની સ્થિતિમાં ઉપલબ્ધ સરકારી અને સંસ્થાકીય સપોર્ટ સિસ્ટમનો યોગ્ય ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરાઈ હતી.

કાર્યક્રમનું આયોજન યુનિટ હેડ કૌશિક વકીલ, HR હેડ વિકાસ શર્મા તથા હેડ-ER જગવીરસિંહ ઠાકોર અને ER ટીમના નેતૃત્વ હેઠળ કરાયું હતું. હિન્ડાલ્કો દ્વારા સલામત, સન્માનજનક અને સમાવેશી કાર્યસ્થળ માટે મહિલા સુરક્ષા અને સશક્તિકરણ અંગે આવી જાગૃતિ પહેલોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

**પાનવડ ગામમાંથી ગૌમાંસ સાથે 3 ઈસમોની ધરપકડ**

# છોટાઉદેપુરના પાનવડ ગામમાંથી ગૌમાંસનું ગેરકાયદે વેચાણ ઝડપાયું : પાનવડ પોલીસની મોટી કાર્યવાહી

છોટાઉદેપુર

'છોટાઉદેપુર જિલ્લામાંથી એક મહત્ત્વના સમાચાર સામે આવી રહ્યા છે. પાનવડ પોલીસ સ્ટેશનની ટીમે ગુનાખોરી અને ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે મોટી સફળતા મેળવી છે. પાનવડ ગામમાંથી ગુપ્ત બાતમીના આધારે દરોડો પાડીને પોલીસે ગૌમાંસના ગેરકાયદે વેચાણ અને હેરાફેરીમાં સંકળાયેલા ત્રણ ઈસમોની રવાના કરી તેમની અટકાયત કરી લીધી છે. પકડાયેલા આરોપીઓ પાસેથી ૩૫ કિલોથી વધુ ગૌમાંસ, માંસ કાપવાના સાધનો તથા મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. છોટાઉદેપુર જિલ્લા પોલીસ અધીક્ષક ઈમ્તીયાઝ શેખની કડક સૂચના અને માર્ગદર્શન હેઠળ જિલ્લામાં ગેરકાયદેસર ગૌમાંસનો વેપાર કરતા તત્વો પર નજર રાખવા ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. નાયબ પોલીસ અધીક્ષક કે.એચ. સૂર્યવંશીની દેખરેખ હેઠળ પાનવડ પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર આર.કે. પરમારે તેમની ટીમ સાથે પરિણામલક્ષી કામગીરી હાથ ધરી હતી. જે દરમિયાન પાનવડ પોલીસના સ્ટાફને ખાનગી રાહે ચોક્કસ બાતમી હકીકત મળી હતી કે, પાનવડ ગામમાં રહેતો સલીમભાઈ ઉર્ફે બાબુ નૂરમહંમદ મકરાણી પોતાના કબજા ભોગવટાના મકાનમાં ગેરકાયદેસર રીતે ગૌમાંસ લાવે છે અને તેનું વેચાણ કરે છે. ચોક્કસ બાતમીના આધારે પાનવડ પોલીસની ટીમે સદરી ઈસમ સલીમભાઈના ઘરે અચાનક જડતી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ઘરના પરિસરમાંથી શંકાસ્પદ માંસનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે તુરંત જ બનાવ સ્થળે એફ.એસ.એલ. (FSL) ની ટીમને બોલાવીને તપાસ કરાવતા, પકડાલે માંસ ગૌવંશનું (ગૌમાંસ) હોવાનું પૂરવાર થયું હતું. જેથી પોલીસે સ્થળ પરથી મળેલા મુદ્દામાલને જપ્ત કરી ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી તેમની કાયદેસર ધરપકડ કરી છે.

# મોંગરાળમાં 5 હેક્ટર જમીન પર ઝીંગા ઉછેર: ફાળવણીથી મંજૂરી સુધી તંત્રની તપાસ ક્યારે?

ભરૂચ, રંગુની જાકીર

આમોદ તાલુકાના મોંગરાળ ગામે ઝીંગા ઉછેર માટે જમીન ફાળવણી દર્શાવતું એકાએક સત્તાવાર બોર્ડ સામે આવતા જ જમીન કૌભાંડ અને દસ્તાવેજી તપાસનો મુદ્દો ભારે ગરમાયો છે. બોર્ડ પર સ્પષ્ટપણે જમીનધારકનું નામ, સર્વે નંબર 2002, પ્લોટ નંબર 2 તેમજ ફાળવણી હુકમની વિગતો દર્શાવવામાં આવી છે. જોકે, આ બોર્ડ પરના દાવાઓને અંતિમ સત્ય માનવાને બદલે હવે સરકારી રેકોર્ડ સાથે તેની સઘન ખરાઈ કરવી અત્યંત અનિવાર્ય



બની ગઈ છે.

સર્વે નં. 2002નું કુલ ક્ષેત્રફળ કેટલું છે અને તેમાંથી ઝીંગા ઉછેર માટે ખરેખર કાયદેસર રીતે કેટલો વિસ્તાર ફાળવવામાં આવ્યો છે? જમીન ફાળવણીના હુકમમાં જમીન ઉપયોગ અંગે કઈ-કઈ શરતો ટાંકવામાં આવી હતી અને શું સ્થળ પર તે શરતોનું અક્ષરસઃ પાલન થાય છે કે કેમ?

સ્થળ પર પ્રત્યક્ષ રીતે વપરાતું ક્ષેત્રફળ અને સત્તાવાર કાગળો પર ફાળવાયેલ જમીન વચ્ચે કોઈ મોટો તફાવત કે ગેરરીતિ છે કે નહીં, તે માટે સરકારી માપણી જરૂરી છે.

સરકારી રેવન્યુ રેકોર્ડમાં જમીનની નોંધ અને સ્થળ પરની વાસ્તવિક સ્થિતિ વચ્ચે જમીન-આસમાનનો ફરક છે કે કેમ?

ઝીંગા ઉછેર (એક્વાકલ્ચર) જેવા સંવેદનશીલ વ્યવસાય માટે કાયદાકીય અને પર્યાવરણીય મંજૂરીઓનું પાલન થવું ફરજિયાત છે. એક્વાકલ્ચર અને પર્યાવરણ મંજૂરી: શું ઝીંગા ઉછેર માટે લાગુ પડતી જમીન ઉપયોગની પરવાનગીઓ, એક્વાકલ્ચર ઓથોરિટી અને પર્યાવરણ વિભાગના નિયમોનું પાલન થયું છે? ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા શું આ સ્થળની ક્યારેય તપાસ કરવામાં આવી છે? ખારા પાણીના પ્રસરણ અટકાવવા માટે પાણી તથા માટીના સેમ્પલિંગ અને ખારા પાણીના નિકાલ (ડિસ્ચાર્જ) માટે યોગ્ય વ્યવસ્થા છે કે કેમ?

# છોટાઉદેપુર નવરાત્રી તહેવારને લઈ છોટાઉદેપુર પોલીસ એક્શન મોડમાં

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુરમાં ગણેશોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી બાદ હવે શક્તિની આરાધનાનો પાવન પર્વ નવરાત્રી નજીક આવી રહ્યો છે. તહેવારોના આ દિવસોમાં નાગરિકો પરિવાર સાથે ગરબા મહોત્સવ અને અન્ય સ્થળોએ જતા હોય છે, ત્યારે પાછળથી ઘરો અને વાહનોની સુરક્ષા એક મોટો પ્રશ્ન બની જાય છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને છોટાઉદેપુર પોલીસ દ્વારા કોઈ અનિચ્છનીય બનાવ, ઘરફોડ ચોરી કે વાહનચોરી ન બને તે માટે કડક સુરક્ષા વ્યવસ્થા અને વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે.



તહેવાર દરમિયાન રાત્રિના સમયે અસામાજિક તત્વો કે ચોરો સક્રિય ન થાય તે માટે છોટાઉદેપુર પોલીસ દ્વારા આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

હાઈટેક ડ્રોન વિવિધ વિસ્તારો, સાંકડી ગલીઓ, શેરીઓ અને સંવેદનશીલ વિસ્તારોનું ડ્રોન કેમેરા મારફતે રાત્રિના સમયે સઘન નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર નજર: એવા વિસ્તારો જ્યાં કોઈ વ્યક્તિ છુપાઈને ચોરી કે ગુનાહિત પ્રવૃત્તિ કરવાનો પ્રયાસ કરી શકે, ત્યાં ડ્રોન દ્વારા સતત નજર રાખવામાં આવી રહી છે.

કોઈપણ ગુનો બને તે પહેલાં જ તેને અટકાવવો અને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવી એ આ કામગીરીનો મુખ્ય હેતુ છે. નવરાત્રીનો પર્વ શાંતિપૂર્ણ, સુરક્ષિત અને આનંદમય વાતાવરણમાં ઉજવાય તે માટે પોલીસે નાગરિકોને નીચે મુજબની સાવચેતી રાખવા અપીલ કરી છે: ઘરેથી બહાર ગરબા રમવા કે ફાસ્ટિવેલ એન્જોય કરવા જતી વખતે ઘરના દરવાજા, બારીઓ અને મુખ્ય પ્રવેશદ્વારો યોગ્ય રીતે લોક કરો. કિંમતી સામાન: ઘરે રોકડ રકમ, સોના-ચાંદીના દાગીના કે અન્ય કિંમતી વસ્તુઓ ખુલ્લામાં ન રાખતા તેને સુરક્ષિત કે સેફ જગ્યાએ રાખો. તમારાં દ્વિચક્રી કે ચારચક્રી વાહનોને યોગ્ય પાર્કિંગ જગ્યાએ મૂકીને હંમેશા સેફ્ટી લોક કરો. તુરંત જાણ કરો.

# રાષ્ટ્રપતિ મુર્મુની બ્રહ્માકુમારીઝ બહેનો સાથે ખાસ મુલાકાત, 1987ના સંસ્મરણો વાગોળ્યા



કેવડિયા

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે યોજાયેલા 72મા રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ સમારોહમાં હાજરી આપવા આવેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સર્કિટ હાઉસ ખાતે બ્રહ્માકુમારીઝ સંસ્થાના પ્રતિનિધિમંડળ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. જ્ઞાન સરોવર, માઉન્ટ આબુનાં ડિરેક્ટર તથા ભરૂચ સબ-ઝોનના ઈન્ચાર્જ પ્રભા દીદીના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળે રાષ્ટ્રપતિનું અભિવાદન કરી શુભકામનાઓ પાઠવી હતી. મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિ મુર્મુએ પ્રભા દીદી સાથે આધ્યાત્મિક વાર્તાલાપ કર્યો હતો. તેમણે વર્ષ 1987માં બ્રહ્માકુમારીઝનાં પ્રથમ મુખ્ય પ્રશાસિકા દાદી પ્રકાશમણીજી પણ આ જ સર્કિટ હાઉસ ખાતે રોકાયા હોવાના સંસ્મરણો વાગોળ્યા હતા. રાષ્ટ્રપતિએ વિસ્તારમાં બ્રહ્માકુમારીઝ સેન્ટર દ્વારા ચાલી રહેલી સમાજસેવા અને આધ્યાત્મિક જાગૃતિની પ્રવૃત્તિઓ અંગે આનંદ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે અમીતા દીદી, હેતલ દીદી, અનિલા દીદી, નીમા દીદી, જનવિક દીદી, યશોદાબેન તથા જૈનેશભાઈ સહિતના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

**પોરબંદર SOGની કાર્યવાહી**

# યોગી ડેરીમાંથી 30 કિલો શંકાસ્પદ ભેળસેળયુક્ત ઘીનો જથ્થો ઝડપાયો

પોરબંદર, વિરમભાઈ કે. આગઠ

પોરબંદર જિલ્લામાં ભેળસેળ યુક્ત દૂધ, ઘી સહિતના ખાદ્ય પદાર્થોના ઉત્પાદન અને સંગ્રહ સામે પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

કુતિયાણા તાલુકાના ટીંબીનેશ ગામે ભેળસેળયુક્ત દૂધનો જથ્થો ઝડપાયા બાદ પોરબંદર શહેરના છાયા વિસ્તારમાં શંકાસ્પદ ભેળસેળયુક્ત ઘી તૈયાર કરી સંગ્રહ કરવાની પ્રવૃત્તિનો એલ.સી.બી. દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો હતો. ત્યાં જ હવે પોરબંદર એસ.ઓ.જી. પોલીસે સત્યનારાયણ મંદિર નજીક આવેલી 'યોગી ડેરી'*માં થી ૩૦ કિલો શંકાસ્પદ ભેળ સેળયુક્ત ઘીનો જથ્થો ઝડપી પાડતાં ખાદ્યપદાર્થોની ભેળસેળ સામે ચાલી રહેલી કાર્યવાહી વધુ તેજ બની છે. જુનાગઢ રેન્જના નાયબ પોલીસ




મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા પોરબંદર જિલ્લા પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાની સૂચના અને માર્ગદર્શન હેઠળ જિલ્લામાં ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થોના ગેરકાયદેસર ઉત્પાદન, સંગ્રહ અને વેચાણ સામે સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે પોરબંદર એસ.ઓ.જી.ના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એન. જાડેજાએ બાતમીદારોને સક્રિય કરી ગુપ્ત માહિતી એકત્ર કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. દરમિયાન એ.એસ.આઈ. આર. એસ. ચાઉં તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ એમ.આર. ગોઢાણીયાને બાતમી મળી હતી કે, પોરબંદરના સત્યનારાયણ મંદિર પાસે દેવદર્શન એપાર્ટમેન્ટ નીચે આવેલી 'યોગી ડેરી' માં કડિયા પ્લોટ વિસ્તારમાં રહેતા વિજયભાઈ નટવરભાઈ કોટેચા નામના ઈસમ દ્વારા શંકાસ્પદ ભેળસેળયુક્ત ઘી તૈયાર કરી સંગ્રહ કરવામાં આવે છે.

બાતમીના આધારે એસ.ઓ.જી. ની ટીમે સ્થળ પર તપાસ હાથ ધરતાં વિજયભાઈ નટવરભાઈ કોટેચા, ઉંમર ૫૭ વર્ષ, મળી આવ્યો હતો. તપાસ દરમિયાન ૧૫ કિલોની ક્ષમતા વાળા બે ડબ્બામાં ભરેલો કુલ ૩૦ કિલો શંકાસ્પદ ભેળસેળ યુક્ત ઘીનો જથ્થો મળી આવ્યો હતો.



### કનિકાને રડતી જોઈ અર્જુન બિજલાની પણ થઈ ગયા પરેશાન

# ઈન્ટિમેટ સીન દરમિયાન હું ઘણી ગભરાઈ ગઈ હતી : કનિકા માન

મુંબઈ

ટીવી એક્ટ્રેસ કનિકા માન હાલ બિગ બોસ 20માં જોવા મળી રહી છે. પોતાના લટકા-ઝટકા અને નજાકતને કારણે તે ચર્ચામાં છે. કનિકા માન અત્યાર સુધીમાં અનેક ટીવી શો અને વેબ સિરીઝમાં કામ કરી ચૂકી છે. વર્ષ 2022માં કનિકા માને એક વેબ સિરીઝમાં કામ કર્યું હતું, જેનું નામ 'રુહાનિયત' હતું. આ સિરીઝમાં તેમની સાથે એક્ટર અર્જુન બિજલાનીએ કામ કર્યું હતું. સિરીઝમાં બંને વચ્ચે કેટલાક રોમેન્ટિક સીન પણ હતા. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂ દરમિયાન કનિકા માને આ સિરીઝના કિસિંગ સીનના શૂટિંગ સાથે જોડાયેલો પોતાનો અનુભવ શેર કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે કિસિંગ સીન શૂટ કરતા પહેલા તેઓ ખૂબ જ ડરી ગઈ હતી. કનિકા માને જણાવ્યું હતું કે સામાન્ય રીતે ફિલ્મ કે ટીવી સેટ પર લગભગ 50 લોકો હાજર હોય છે. જોકે, જ્યારે કોઈ ઈન્ટિમેટ સીનનું શૂટિંગ થતું હોય ત્યારે સેટ પર ઓછા લોકોને રાખવામાં આવે છે. તેમણે કહ્યું કે સેટ પર ઓછા લોકો હોવા છતાં તેઓ અચાનક ગભરાઈ ગઈ હતી. તેમને અચાનક કંઈક થયું અને તેઓ રડવા લાગી હતી. કનિકાએ સ્પષ્ટપણે કહ્યું હતું કે તેઓ આ સીન કરવા માંગતી નથી. કનિકા માનના જણાવ્યા પ્રમાણે, જ્યારે અર્જુન બિજલાનીએ તેમને સેટ પર રડતા જોયા ત્યારે તેઓ પણ અસહજ થઈ ગયા હતા. અર્જુનને સમજાયું નહીં કે અચાનક કનિકા કેમ રડી રહી છે. અર્જુનને એવું પણ લાગ્યું કે કદાચ તેમની કોઈ હરકતને કારણે કનિકા પરેશાન થઈ હશે. આ કારણે તેઓ તણાવમાં આવી ગયા હતા અને એક સમયે સેટ છોડીને પણ જતા રહ્યા હતા. કનિકા માને જણાવ્યું કે અર્જુને ટીમના લોકોને કહ્યું હતું કે કનિકાને સમજાવો કે તેમણે કંઈ કર્યું નથી. તેઓ ખૂબ જ સામાન્ય રીતે વર્તી રહ્યા હતા અને કનિકા કેમ રડી રહી છે તે તેમને સમજાતું નહોતું. અર્જુનની આ પ્રતિક્રિયા બાદ કનિકાને પણ સમજાયું કે કદાચ તેમના રડવાથી અર્જુનને ગેરસમજ થઈ છે. ત્યારબાદ કનિકા પોતે અર્જુન પાસે ગઈ અને તેમની માફી માંગી. કનિકાએ અર્જુનને સ્પષ્ટતા કરી કે તેમની રડવાનું કારણ અર્જુન નહોતા. કિસિંગ સીનને લઈને તે પોતે જ ડરી ગઈ હતી અને ગભરાઈ ગઈ હતી.

કનિકાએ એ પણ જણાવ્યું કે અર્જુન તેમના સિનિયર છે અને સેટ પર તેમની સાથે કોઈ ગેરવર્તન થયું નહોતું.

**કનિકા માનનો આ જૂનો કિસ્સો હવે ફરી ચર્ચામાં આવ્યો છે, કારણ કે તે હાલમાં બિગ બોસ 20માં જોવા મળી રહી છે**

# સોફિયા હયાતે સલમાન પર પ્રહારો કર્યા

### કોઈના દેખાવ પર ટીકા કરનારા લોકોની માનસિકતા હલકી હોય છે



મુંબઈ

મુંબઈમાં સમય રૈના અને મેધા શંકરના લગ્નની અફવાએ જોર પકડ્યું છે. સોશિયલ મીડિયા પર વાયરલ પોસ્ટ મુજબ, બંને આ વર્ષે ડિસેમ્બરમાં લગ્ન કરશે. રેડિટ પર એક અજાણ્યા યુઝરે સમયના પરિવારના નિકટના હોવાનો દાવો કરીને આ વાત જણાવી હતી. જોકે, આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. સ્વિટ્ઝર્લેન્ડની તસવીરો વાયરલ થયા બાદ તેમની ડેટિંગની અટકળો વધી હતી. સમય રૈના અને મેધા શંકર ફરી એકવાર પોતાના કથિત સંબંધ બાબતે સમાચારોમાં ઝળક્યા છે. સોશિયલ મીડિયા પર વાયરલ એક પોસ્ટમાં દાવો કરાયો છે કે બંને આ વર્ષે ડિસેમ્બરમાં લગ્ન કરવાની યોજના બનાવી રહ્યા છે. જો કે સમય અથવા મેધા તરફથી આ દાવાની હજી સુધી કોઈ આધિકારીક પુષ્ટી નથી કરાઈ. આ અફવા કથિત રીતે રેડિટ પર એક પોસ્ટ દ્વારા શરૂ થઈ, જેમાં પોતાને સમયના પરિવારની નિકટના બનાવતા એક અજ્ઞાત યુઝરે તેની માતા સાથે વાતચીતનો સંદર્ભ આપ્યો. પોસ્ટ અનુસાર બંને હાલ રજાઓ માણી રહ્યા છે અને ટૂંક સમયમાં લગ્ન કરવાની યોજના બનાવી રહ્યા છે. જો કે તેની સ્વતંત્ર પુષ્ટી નથી થઈ. સમય અને મેધાની કથિત ડેટિંગની અફવા છેલ્લા કેટલાક સમયથી ચર્ચામાં છે. બંને સાથે નજર આવવાથી તેમજ સ્વિટ્ઝરલેન્ડના ઈન્ટરલેકનથી કથિત તસવીર વાયરલ થયા પછી અટકળો વધી હતી. મેધાએ '૧૨વી ફેલ', 'શાદીસ્થાન' અને 'ગિન્ની વેડ્સ સની ટુ'માં કામ કર્યું છે અને હાલ 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'માં જોવા મળી હતી. મુંબઈમાં સમય રૈના અને મેધા શંકરના લગ્નની અફવાએ જોર પકડ્યું છે. સોશિયલ મીડિયા પર વાયરલ પોસ્ટ મુજબ, બંને આ વર્ષે ડિસેમ્બરમાં લગ્ન કરશે. રેડિટ પર એક અજાણ્યા યુઝરે સમયના પરિવારના નિકટના હોવાનો દાવો કરીને આ વાત જણાવી હતી.

# 'ધ પેરેડાઇઝ' બોક્સ ઓફિસ કલેક્શન: રિલીઝ પહેલાં કરી કરોડોની કમાણી

### આંકડા દર્શાવે છે કે ફિલ્મ નાનીના કરિયરની સૌથી મોટી ફિલ્મોમાં સામેલ થઈ શકે છે

હૈદરાબાદ

સાઉથની એક્શન-થ્રિલર ફિલ્મ 'ધ પેરેડાઇઝ' સિનેમાઘરોમાં 24 સપ્ટેમ્બર 2026 એ રિલીઝ થવા જઈ રહી છે. સાઉથના લોકપ્રિય અભિનેતા 'નાની'ની આ ફિલ્મ રિલીઝ પહેલાં જ એડવાન્સ બુકિંગમાં જબરદસ્ત કમાણી કરી રહી છે, આંકડા દર્શાવે છે કે ફિલ્મ નાનીના કરિયરની સૌથી મોટી ફિલ્મોમાં સામેલ થઈ શકે છે. રિપોર્ટ અનુસાર, 'ધ પેરેડાઇઝ' એ અત્યાર સુધીમાં કુલ 18.58 કરોડ રૂપિયાની એડવાન્સ બુકિંગ કરી છે. આ આંકડા શરૂઆતના ચાર દિવસના છે અને તેમાં બ્લોક સીટ્સનો પણ સમાવેશ થાય છે.

પહેલા દિવસે જ 9 કરોડનું એડવાન્સ બુકિંગ

એડવાન્સ બુકિંગમાં સૌથી વધુ કલેક્શન ફિલ્મના પહેલા દિવસ એટલે કે 24 સપ્ટેમ્બરનું છે. રિપોર્ટ મુજબ પહેલા દિવસ માટે અત્યાર સુધીમાં 9.86 કરોડ રૂપિયાની એડવાન્સ બુકિંગ થઈ ચૂકી છે. ફિલ્મને સૌથી વધુ પ્રતિસાદ હૈદરાબાદમાંથી મળી રહ્યો છે. અહીં અત્યાર સુધીમાં 4.58 કરોડ રૂપિયાની ટિકિટો બુક થઈ ચૂકી છે.

'ધ પેરેડાઇઝ'ને મળ્યું A સર્ટિફિકેટ

શ્રીકાંત ઓડેલાના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મને સેન્સર બોર્ડ તરફથી 'A' સર્ટિફિકેટ મળ્યું છે. 'નાની'એ પણ તાજેતરમાં ફિલ્મના સર્ટિફિકેટ અંગે વાત કરી હતી. નાનીના જણાવ્યા અનુસાર ફિલ્મમાં એક્શન અને હિંસાના દ્રશ્યોનું પ્રમાણ વધુ હોવાથી ટીમને પહેલેથી જ અંદાજ હતો કે ફિલ્મને 'A' સર્ટિફિકેટ મળી શકે છે. તેણે સ્પષ્ટ કર્યું હતું કે આ ફિલ્મ બાળકો માટે નથી. નાનીએ કહ્યું હતું કે ફિલ્મમાં હિંસા માત્ર બતાવવા માટે ઉમેરવામાં આવી નથી. ફિલ્મમાં ઊંડું ડ્રામા, લાગણી અને પ્રેમ પણ છે, પરંતુ વાર્તાની માંગને કારણે હિંસાનું પ્રમાણ વધારે રાખવામાં આવ્યું છે. ફિલ્મનો રનટાઈમ 2 કલાક 49 મિનિટ છે. 'ધ પેરેડાઇઝ' વિશ્વભરમાં રિલીઝ થવાની છે. રિપોર્ટ્સ અનુસાર ફિલ્મે દુનિયાભરમાં 21 કરોડથી 30 કરોડ રૂપિયાની વચ્ચે પ્રી-સેલ્સ કલેક્શનનો આંકડો પાર કરી લીધો છે. 'નાની'ની કરિયરની સૌથી મોટી ઓપનિંગ? મીડિયા રિપોર્ટ્સ અનુસાર શ્રીકાંત ઓડેલા અને 'નાની'ની આ ફિલ્મને પહેલા દિવસે વિશ્વભરમાં 50 કરોડ રૂપિયાની ગ્રોસ ઓપનિંગ મળી શકે છે. જો આવું થાય છે, તો તે 'નાની'ના કરિયરની અત્યાર સુધીની સૌથી મોટી ઓપનિંગ ફિલ્મ બની શકે છે.





# અભિનેતા રણદીપ હુડાએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી

### મુલાકાતના અંતે સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય કારોબારી અધિકારી અમીત અરોરાએ હુડાને સ્મૃતિચિહ્ન અને મોમેન્ટો અર્પણ કર્યા

એકતા નગર

એકતા નગર ખાતે આયોજિત 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહમાં ભાગ લેવા પધારેલા પ્રસિદ્ધ ફિલ્મ કલાકાર રણદીપ હુડાએ વિશ્વવિખ્યાત સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઈ અખંડ ભારતના શિલ્પી, ભારત રત્ન સરદાર વલ્લભભાઈ પટેલની 182 મીટર ઊંચી ભવ્ય પ્રતિમાના દર્શન કર્યા હતા. આ અવસરે તેમણે સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી દેશના એકીકરણ માટેના તેમના અવિસ્મરણીય યોગદાનને કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કર્યું હતું. આ મુલાકાત દરમિયાન તેમના પરિવારજનો પણ તેમની સાથે સામેલ થયા હતા. આ મુલાકાત દરમિયાન હૂડાએ સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરનું અવલોકન કર્યું હતું. તેમણે 135 મીટરની ઊંચાઈએ આવેલી વ્યૂઈંગ ગેલેરી પરથી નર્મદા નદી, વિંધ્યાચલ અને સાતપુડાની ગિરિમાળાઓના મનમોહક દ્રશ્યો નિહાળ્યા હતા. ઉપરાંત, સરદાર પટેલના જીવનચરિત્ર અને ભારતના એકીકરણના ઐતિહાસિક પ્રસંગોને આધુનિક ટેક્નોલોજી દ્વારા રજૂ કરતા એક્ઝિબિશન હોલની મુલાકાત લઈ રસપૂર્વક માહિતી મેળવી હતી. આ પ્રસંગે પોતાના મુલાકાત પોથીમાં પોતાના પ્રતિભાવમાં હૂડાએ જણાવ્યું હતું કે, 'સ્ટેચ્યુ ઓફ યુનિટીની યાત્રા અત્યંત ભાવુક અને અભિભૂત કરનાર રહી,મારા બાળક અને પિતા સાથે એક જ સમયે મહાન વ્યક્તિત્વને સમર્પિત આ સ્મારકની મુલાકાત અત્યંત યાદગાર અવસર છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મારા માટે ગર્વનો અવસર છે કે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાની આજે પરિવાર સહ મુલાકાત લીધી છે, સરદાર પટેલે ભારતને એક કર્યું છે. આ મુલાકાતના અંતે સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય કારોબારી અધિકારી અમીત અરોરાએ હુડાને સ્મૃતિચિહ્ન અને મોમેન્ટો અર્પણ કર્યા હતા.

# ગોવિંદા રુમર્ડ ગર્લફ્રેન્ડ સાથે જોવા મળ્યા પછી સુનીતાનો પિત્તો બરાબર છટક્યો, કહ્યું માનવી કરતા જાનવરો સારા

મુંબઈ

બોલીવુડના અભિનેતા ગોવિંદા અને તેની પત્ની સુનીતા આહુજા ફરી ચર્ચામાં છે. તાજેતરમાં ગણપતિ ઉત્સવ દરમિયાન ગોવિંદા પોતાની રુમર્ડ ગર્લફ્રેન્ડ કોમલ રાણી સ્વર્ણકાર સાથે લાલબાગચા રાજાના દર્શન કરવા પહોંચ્યો હતો. ત્યાર બાદ સુનીતા આહુજાનું નિવેદન ગોવિંદા સાથે કનેક્ટ કરવામાં આવી રહ્યું છે. જોકે, સુનીતાએ પોતાના નિવેદનમાં ગોવિંદાનું સીધું નામ લીધું નથી, પરંતુ લોકો સીધા કનેક્ટ કરે છે. સુનીતાએ કહ્યું- માણસો કરતાં જાનવરો વધુ સારા મુંબઈ એરપોર્ટ પર પાપારાઝી સાથે વાતચીત દરમિયાન સુનીતા આહુજાએ પોતાના ડોગી વિન્ટર વિશે વાત કરતી જોવા મળી હતી. આ દરમિયાન તેણે માનવીય સંબંધો અને પ્રાણીઓ પ્રત્યેના પોતાના લગાવ અંગે પોતાની લાગણીઓ વ્યક્ત કરી હતી. સુનીતાએ જણાવ્યું હતું કે માનવીય સંબંધોમાં ક્યારેક દગો જોવા મળે છે, જ્યારે પ્રાણીઓ કોઈ સ્વાર્થ વિના પ્રેમ કરે છે. તેના આ નિવેદનમાં 'દગાબાજ માણસો'વાળી વાતે સૌથી વધુ ધ્યાન ખેંચ્યું હતું. સોશિયલ મીડિયા યુઝર્સના એક વર્ગે તેના નિવેદનને ગોવિંદા સાથેના સંબંધો સાથે જોડવાનું શરૂ કર્યું છે. જોકે, સુનીતા કોઈ ચોક્કસ વ્યક્તિ તરફ ઈશારો કરી રહી હતી કે પછી સામાન્ય રીતે પોતાના અનુભવ વિશે વાત કરી રહી હતી, તે સ્પષ્ટ નથી. રાજાના દરબારમાં કોમલ સાથે જોવા મળ્યો ગોવિંદા ગણપતિ ઉત્સવ દરમિયાન ગોવિંદાના લાલબાગચા રાજાના પંડાલ પહોંચવાના ફોટા અને વીડિયો પણ ચર્ચામાં રહ્યા હતા. અભિનેતા અહીં કોમલ રાણી સ્વર્ણકાર સાથે જોવા જોવા મળ્યો હતો. બંનેએ ગણપતિ બાપ્પાના દર્શન કર્યા હતા અને ત્યાં હાજર લોકો તેમજ પાપારાઝીનું ધ્યાન ખેંચ્યું હતું. આ પહેલાં સુનીતા આહુજા પણ લાલબાગચા રાજાના દર્શન કરવા પહોંચી હતી.



### થાઈલેન્ડને 20-1થી હરાવ્યું, દીપિકાએ 9 ગોલ કર્યા; હવે આગામી મુકાબલો જાપાન સામે

# એશિયન ગેમ્સ- ભારતીય મહિલા હોકી ટીમની સતત ત્રીજી જીત

નાગોયા

ભારતીય મહિલા હોકી ટીમે એશિયન ગેમ્સ 2026માં જીતની હેટ્રિક નોંધાવી છે. પૂલ-Bની મેચમાં ભારતે થાઈલેન્ડને 20-1થી હરાવ્યું. ગિફુ પ્રીફેક્ચરલ ગ્રીન સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં દીપિકા કુમારીએ 9 ગોલ કર્યા. તેમના તમામ ગોલ પેનલ્ટી કોર્નરથી આવ્યા. નવનીત કૌરે 4 ગોલ કર્યા. ઋતુજા દાદાસો પિસલે હેટ્રિક નોંધાવી. નેહા, લાલરેમસિયામી, સાક્ષી રાણા અને કેપ્ટન સલીમા ટેટે પણ ગોલ કર્યા. થાઈલેન્ડ તરફથી સુપાંસા સામાન્સોએ એકમાત્ર ગોલ કર્યો. દીપિકાનું આ એશિયન ગેમ્સમાં સતત બીજું રેકોર્ડ પ્રદર્શન છે. ટૂર્નામેન્ટની પ્રથમ મેચમાં તેમણે ઉઝબેકિસ્તાન સામે 8 ગોલ કર્યા




હતા. ત્યારે તે એશિયન ગેમ્સની મહિલા હોકી મેચમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી બની હતી.

થાઈલેન્ડ સામે 9 ગોલ કરીને તેમણે પોતાનો જ રેકોર્ડ વધુ સારો બનાવ્યો. ટૂર્નામેન્ટમાં દીપિકાના હવે 20 ગોલ થઈ ગયા છે. તેમણે ઉઝબેકિસ્તાન સામે 8 અને ઈન્ડોનેશિયા સામે 3 ગોલ કર્યા હતા.

પ્રથમ ક્વાર્ટરમાં 6 ગોલ, હાફ ટાઈમ સુધી સ્કોર 11-0 ભારતે મેચની શરૂઆતથી જ થાઈલેન્ડ પર દબાણ જાળવી રાખ્યું. બીજી મિનિટે ભારતને પહેલો પેનલ્ટી કોર્નર મળ્યો અને દીપિકાએ તેને ગોલમાં ફેરવી દીધો. ચોથી મિનિટે નવનીતે ભારતની લીડ 2-0 કરી દીધી. દીપિકાએ 8મી અને 9મી મિનિટે વધુ બે ગોલ કર્યા. ઋતુજાએ 10મી અને 11મી મિનિટે સતત ગોલ ફટકાર્યા. ભારતે પહેલો ક્વાર્ટર 6-0ની લીડ સાથે સમાપ્ત કર્યો. બીજા ક્વાર્ટરમાં નેહાએ 19મા મિનિટે ગોલ કર્યો. દીપિકાએ 24મા મિનિટે ચોથો ગોલ કર્યો. ત્યારબાદ લાલરેમસિયામીએ ગોલ કર્યો.

## જય મીણાએ સોફ્ટ ટેનિસમાં રચ્યો ઇતિહાસ

નાગોયા

એશિયન ગેમ્સ 2026ના ચોથા દિવસે ભારતીય ખેલાડીઓએ વિવિધ સ્પોર્ટ્સ ઈવેન્ટ્સમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન જારી રાખ્યું છે. આજનો દિવસ ખાસ કરીને સોફ્ટ ટેનિસ અને શૂટિંગમાં ભારત માટે સફળ રહ્યો છે, જ્યાં ભારતે વધુ કેટલાક પદકો પોતાના નામે કર્યા છે. બીજી બાજુ મીરાબાઈ ચાનુ વેઈટલિફ્ટિંગમાં ગોલ્ડ મેડલ ચૂકી ગઈ હતી અને તેણે સિલ્વર મેડલ સાથે સંતોષ માન્યો હતો.ભૌગોલિક નકશા તપાસો ઈલાવેનિલ વલારિવન, સોનમ મસ્કર અને વિદર્શા વિનોદ - મહિલા 10 મીટર એર રાઈફલ ટીમ ઈવેન્ટ (શૂટિંગ): સિલ્વર મેડલ ઈલાવેનિલ વલારિવન - મહિલા 10 મીટર એર રાઈફલ (શૂટિંગ): સિલ્વર મેડલ. રુદ્રાંશ પાટીલ, હિમાંશુ ઢિલ્લોન અને પાર્થ રાકેશ માને - મેન્સ 10 મીટર એર રાઈફલ ટીમ ઈવેન્ટ (શૂટિંગ): સિલ્વર મેડલ સુચિકા તરિયાલ - મહિલા ટ્રેડિશનલ ૬૦ કિગ્રા (MMA): બ્રોન્ઝ મેડલ રુદ્રાંશ પાટીલ - મેન્સ 10 મીટર એર રાઈફલ (શૂટિંગ): બ્રોન્ઝ મેડલ. હિમાંશુ ઢિલ્લોન - મેન્સ 10 મીટર એર રાઈફલ (શૂટિંગ): સિલ્વર મેડલ

મહિલા ક્રિકેટ ટીમ: ગોલ્ડ મેડલ રાયઝા ઢિલ્લોન, માહેશ્વરી ચૌહાણ અને પરિનાઝ ધાલીવાલ - શૂટિંગ (સ્કીટ મહિલા ટીમ ઈવેન્ટ): બ્રોન્ઝ મેડલ અનંતજીત સિંહ નારુકા, મૈરાજ અહમદ ખાન અને ભાવતેજ સિંહ ગિલ - શૂટિંગ (સ્કીટ પુરુષ ટીમ ઈવેન્ટ): બ્રોન્ઝ મેડલ જય મીણા - સોફ્ટ ટેનિસ: બ્રોન્ઝ મેડલ મીરાબાઈ ચાનુ (વેઈટ લિફ્ટિંગ) : સિલ્વર મેડલ

### રોશિબિના વુશુની ફાઇનલમાં પહોંચી

## એશિયન ગેમ્સમાં 28 વર્ષ બાદ ભારતને વેઈટલિફ્ટિંગમાં મેડલ

નવી દિલ્હી

ભારતને એશિયન ગેમ્સમાં 28 વર્ષ બાદ વેઈટલિફ્ટિંગમાં મેડલ મળ્યો છે. આ મેડલ મીરાબાઈ ચાનૂએ અપાવ્યો છે. 1998માં કર્ણમ મલ્લેશ્વરીએ સિલ્વર જીત્યો હતો. આ ઉપરાંત, રોશિબિના દેવીએ મહિલા વુશુની 60 કિલોગ્રામની ફાઈનલમાં પ્રવેશ કર્યો છે.



બુધવારે મીરાબાઈ મહિલાઓની 49 કિલોગ્રામ વેઈટ કેટેગરીમાં 198 કિલોગ્રામ વજન ઉઠાવીને બીજા સ્થાને રહી હતી. તેમણે સ્નેચમાં 87 અને ક્લીન એન્ડ જર્કમાં 111 કિલોગ્રામનું વજન ઉઠાવ્યું. 32 વર્ષની મીરાબાઈએ એશિયન ગેમ્સમાં પ્રથમ વખત મેડલ જીત્યો છે. તેઓ ઓલિમ્પિક ગેમ્સ, કોમનવેલ્થ ગેમ્સ અને વર્લ્ડ ચેમ્પિયનશિપ જેવી મોટી સ્પર્ધાઓમાં મેડલ જીતી ચૂકી છે. બુધવારે ગેમ્સના ચોથા દિવસે ભારતને 4 મેડલ મળ્યા. તેમાંથી 2 મેડલ શોટગન શૂટિંગના સ્કીટ ઈવેન્ટમાં આવ્યા. જ્યારે એક સોફ્ટ ટેનિસમાં મળ્યો. તેમાં જય મીણાએ બ્રોન્ઝ જીત્યો. શોટગન શૂટિંગના મહિલા સ્કીટ ટીમ ઈવેન્ટમાં રાયજા ઢિલ્લોં, પરિનાઝ ધાલીવાલ અને માહેશ્વરી ચૌહાણની ત્રિપુટી 331 પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને રહી. પુરુષ ઈવેન્ટમાં અનંતજીત સિંહ નારુકા, મેરાજ અહમદ ખાન અને ભવતેગ સિંહ ગિલે શૂટ-ઓફમાં કઝાકિસ્તાનને હરાવીને બ્રોન્ઝ જીત્યો. જોકે, મનુ ભાકર મહિલા 10 મીટર પિસ્તોલ ઈવેન્ટમાં 5મા સ્થાને રહી. આ જ કેટેગરીના ટીમ ઈવેન્ટમાં ભારત નજીવા અંતરથી મેડલ જીતી શક્યું નહીં. મનુએ ફાઈનલમાં 181.1 પોઈન્ટ મેળવ્યા.

## ભારત સામે T20 સિરીઝ માટે ન્યૂઝીલેન્ડની ટીમ જાહેર

### સેન્ટનરની આગેવાનીમાં 16 ખેલાડીઓ; એક વર્ષ બાદ મિલ્નેની વાપસી, રચિન બહાર

ઈસ્લામાબાદ

ન્યૂઝીલેન્ડે ભારત સામેની 5 મેચની T20 સિરીઝ માટે 16 સભ્યોની ટીમ જાહેર કરી છે. મિચેલ સેન્ટનર ટીમની કેપ્ટનશીપ કરશે.

ફાસ્ટ બોલર એડમ મિલ્નેની એક વર્ષથી વધુ સમય બાદ રાષ્ટ્રીય ટીમમાં વાપસી થઈ છે. બીજી તરફ, ખભાની ઈજાને કારણે રચિન રવીન્દ્ર T20 સિરીઝમાં નહીં રમે. ન્યૂઝીલેન્ડે ટીમમાં 7 ઝડપી બોલરોને સ્થાન આપ્યું છે. આ સિરીઝ ભારતના ન્યૂઝીલેન્ડ પ્રવાસનો એક ભાગ છે. બંને ટીમો વચ્ચેની પ્રથમ T20 મેચ 22 ઓક્ટોબરે ક્રાઈસ્ટચર્ચના હેગલી ઓવલમાં રમાશે. 5 મેચની સિરીઝ 11 દિવસમાં 4 શહેરોમાં યોજાશે. ત્યારબાદ બંને




ટીમો વચ્ચે 5 વનડે અને 2 ટેસ્ટ મેચ પણ રમાશે. ન્યૂઝીલેન્ડ ક્રિકેટ અનુસાર, આ વર્ષની શરૂઆતમાં ભારત સામે T-20 વર્લ્ડ કપની ફાઈનલ હારીને રનર-અપ રહેલી ટીમના 13 ખેલાડીઓને જાળવી રાખવામાં આવ્યા છે. ઈજાના કારણે વર્લ્ડ કપ રમી ન શકેલા માઈકલ બ્રેસવેલ અને એડમ મિલ્નેની વાપસી થઈ છે. એક વર્ષ બાદ મિલ્નેની વાપસી 34 વર્ષના મિલ્નેએ છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ ઝિમ્બાબ્વે સામે રમી હતી. તેમના નામે 243 T20 મેચોનો અનુભવ છે, જેમાં 56 ઈન્ટરનેશનલ મુકાબલા સામેલ છે.

મિલ્નેની સાથે લોકી ફર્ગ્યુસન, મેટ હેનરી, કાઈલ જેમિસન અને જેકબ ડફી જેવા અનુભવી ફાસ્ટ બોલરો ટીમમાં છે. જેક ફૉલ્ક્સ અને નેથન સ્મિથને પણ સ્ક્વૉડમાં સામેલ કરવામાં આવ્યા છે. ખભાની ઈજાના કારણે રચિન બહાર રચિન રવીન્દ્ર જમણા ખભાની ઈજાને કારણે T20 સિરીઝ રમી શકશે નહીં. ગયા અઠવાડિયે એક પ્રમોશનલ શૂટ દરમિયાન તેમનો ખભો ડિસ્લોકેટ થઈ ગયો હતો. તેમના રિહેબિલિટેશનમાં લગભગ 6 અઠવાડિયાં લાગવાની શક્યતા છે. રચિન 4 નવેમ્બરથી ઑકલેન્ડના ઈડન પાર્કમાં શરૂ થનારી વનડે સિરીઝથી વાપસી કરવાનો લક્ષ્યાંક ધરાવે છે.



### જૂન ત્રિમાસિકની 7.8% વૃદ્ધિ બની કારણ

## ફિચે ભારતનો GDP ગ્રોથનો અંદાજ વધારીને 6.9% કર્યો

મુંબઈ

ક્રેડિટ રેટિંગ એજન્સી ફિચે ચાલુ નાણાકીય વર્ષ 2026-27 માટે ભારતના GDP ગ્રોથના અંદાજને 6.4%થી વધારીને 6.9% કર્યો છે. ફિચના જણાવ્યા અનુસાર જૂન ક્વાર્ટરમાં દેશનો આર્થિક ગ્રોથ 7.8% રહ્યો હતો, જે ભારતની મજબૂત આર્થિક સ્થિતિ દર્શાવે છે.




જોકે, રેટિંગ એજન્સીનું એવું પણ અનુમાન છે કે આવનારા મહિનાઓમાં મોંઘવારી અને ઓછા વરસાદની અસરને ધ્યાનમાં રાખીને RBI આગામી ઓક્ટોબરની મોનેટરી પોલિસી બેઠકમાં વ્યાજ દરોમાં 0.25%નો વધારો કરી શકે છે.

આ પહેલાં વૈશ્વિક રેટિંગ એજન્સી મૂડીઝે નાણાકીય વર્ષ 2026-27 માટે ભારતના GDP ગ્રોથનો અંદાજ 6%થી વધારીને 7% કર્યો હતો. ફિચ રેટિંગ્સ અનુસાર, 2026ના પ્રથમ છ મહિનામાં અમેરિકા અને ઈરાન વચ્ચેના તણાવ તથા વેપારી પડકારો છતાં ભારતીય અર્થવ્યવસ્થાએ નોંધપાત્ર મજબૂતી દર્શાવી છે. જૂન ત્રિમાસિકમાં 7.8%નો જીડીપી વૃદ્ધિદર તેનો પુરાવો છે. જોકે, એજન્સીનું કહેવું છે કે ચાલુ નાણાકીય વર્ષના બાકીના ત્રિમાસિક ગાળામાં આર્થિક પ્રવૃત્તિઓની ગતિ થોડી ધીમી પડી શકે છે.

ઓક્ટોબરમાં RBI વ્યાજદરમાં 0.25%નો વધારો કરી શકે છે ફિચે પોતાના અહેવાલમાં સંકેત આપ્યો છે કે વધતી કિંમતો અને સપ્લાય ચેઈનની સમસ્યાઓને ધ્યાનમાં રાખીને RBI ઓક્ટોબર 2026ની બેઠકમાં પોલિસી રેટ્સમાં 0.25%નો વધારો કરીને તેને 5.5% કરી શકે છે. રેટિંગ એજન્સી અનુસાર, વ્યાજદરમાં આ વધારો અહીં અટકશે નહીં. 2027ની શરૂઆત સુધીમાં વ્યાજદર વધીને 5.75% થઈ શકે છે, ત્યારબાદ 2028માં તે ફરી ઘટીને 5.5% થવાની શક્યતા છે.

ખાનગી રોકાણ અને ક્રેડિટ વૃદ્ધિમાં તેજી અર્થવ્યવસ્થા સામે કેટલીક પડકારો હોવા છતાં, પ્રાઈવેટ સેક્ટરમાં રોકાણની સ્થિતિ ઘણી સારી દેખાઈ રહી છે.

### સોના-ચાંદીના ભાવમાં વધારો થયો

## ચાંદી ₹2,366 વધીને ₹2.35 લાખ પ્રતિ કિલો પર પહોંચી: સોનુ પણ મોંઘુ થયું

અમદાવાદ

આજે એટલે કે 23 સપ્ટેમ્બરે સોના-ચાંદીના ભાવમાં વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન એટલે કે IBJA મુજબ, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 130 રૂપિયા વધીને 1.52 લાખ રૂપિયા પર પહોંચી ગયો છે. એક કિલો ચાંદી 2,366 રૂપિયા મોંઘી થઈને 2.35 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે.



આ વર્ષે સોના-ચાંદીના ભાવમાં સતત વધઘટ જોવા મળી રહી છે. 2026માં અત્યાર સુધીમાં સોનું 19 હજાર રૂપિયા મોંઘું થઈ ચૂક્યું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનાનો ભાવ 1.33 લાખ રૂપિયા હતો, જે હવે 1.52 લાખ રૂપિયા છે. બીજી તરફ, 31 ડિસેમ્બર 2025ના રોજ ચાંદીનો ભાવ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતો, જે હવે વધીને 2.35 લાખ રૂપિયા પર પહોંચી ગયો છે. આ દરમિયાન 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાની ઓલ ટાઈમ હાઈ પણ બનાવી હતી. કોટક સિક્યુરિટીઝના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અને કમોડિટી રિસર્ચ હેડ અનિંદ્ય બેનર્જી કહે છે કે સોનાને સામાન્ય રોકાણકારોની સાથે જ વિશ્વભરની કેન્દ્રીય બેંકો, જેમ કે આરબીઆઈનું પણ સમર્થન પ્રાપ્ત છે, જે સતત સોનું ખરીદી રહી છે.

આગળ મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ સોનામાં તેજી જળવાઈ રહેશે. જો પરિસ્થિતિ સુધરશે તો ચાંદીમાં પણ ઉછાળો જોવા મળી શકે છે. હાલમાં જે સંભવિત પરિસ્થિતિઓ નજરે પડી રહી છે, તે મુજબ ડિસેમ્બર સુધીમાં સોનાની કિંમત 1.70 લાખ રૂપિયા સુધી પહોંચી શકે છે. ચાંદીની કિંમત પણ 3 લાખ રૂપિયા સુધી જઈ શકે છે.

### ભારતીય કંપનીઓ હવે વિદેશમાં સક્રિય બની

## હવે કંપનીઓના વિદેશી સોદાઓએ M&Aમાં થયેલા ઘટાડાને સરભર કર્યો

**2026ના પ્રથમ 7 મહિનામાં ભારતીય કંપનીઓની વિદેશમાં ખરીદી 76% વધી $8.8 બિલિયન થઈ છે. આ સમયગાળામાં વિદેશી ખરીદદારો દ્વારા ભારતીય કંપનીઓની ખરીદી 58% ઘટી $2.7 બિલિયન થઈ.**

અમદાવાદ

વિદેશી ખરીદદારો ભારતમાંથી પીછેહઠ કરી રહ્યા છે ત્યારે ભારતીય કંપનીઓ વિદેશમાં વાધુ ખરીદી કરી રહી છે. બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રૂપના એક અહેવાલ અનુસાર, ૨૦૨૬ ના પ્રથમ સાત મહિનામાં આઉટબાઉન્ડ ડીલ વેલ્યુ (જેમાં ભારતીય વ્યૂહાત્મક ખરીદદારોએ દેશ બહારની લક્ષિત કંપનીઓ ખરીદી) ૭૬% વાધીને ૮.૮ બિલિયન ડોલર થઈ ગઈ છે, જે એક વર્ષ પહેલા ૫ બિલિયન ડોલર હતી. અહેવાલ અનુસાર આઉટબાઉન્ડ ડીલ્સની સંખ્યા ૧૯% ઘટીને ૯૨ થઈ હતી. આ જ સમયગાળા દરમિયાન ઈનબાઉન્ડ ડીલ વેલ્યુ (જેમાં વિદેશી ખરીદદારોએ ભારતીય કંપનીઓ ખરીદી) ૫૮% ઘટીને ૨.૭ બિલિયન ડોલર થઈ હતી. આંકડા



દર્શાવે છે કે સ્થાનિક સોદાનું મૂલ્ય (ડોમેસ્ટિક ડીલ વેલ્યુ - જેમાં ભારતીય ખરીદદારોએ સ્થાનિક કંપનીઓ ખરીદી) ૧૪% ઘટીને ૧૦.૧ બિલિયન ડોલર રહ્યું હતું. આ વિદેશી ખરીદીને કારણે ભારતના એકંદર એમ એન્ડ એ (M&A) મૂલ્યમાં મોટો ઘટાડો અટક્યો હતો અને તે લગભગ સ્થિર (ચાલુ વર્ષે અત્યાર સુધીમાં માત્ર ૨% નો ઘટાડો) રહ્યું હતું, ભલે કુલ ડીલ વોલ્યુમમાં આશરે ૨૦% નો ઘટાડો નોંધાયો હોય. વોલ્યુમમાં આવેલો આ ઘટાડો વૈશ્વિક સ્તરના લગભગ ૧૮% ઘટાડા કરતાં થોડો વાધુ હતો. ભારતની આઉટબાઉન્ડ ખરીદીની કહાણી હવે માત્ર મોટા ઉદ્યોગગૃહો પૂરતી મર્યાદિત નથી રહી. મધ્યમ કદની કંપનીઓ પણ વિદેશમાં નવી ક્ષમતાઓ અને બજાર પ્રવેશ ખરીદી રહી છે.

વિદેશ તરફનું આ વલણ ત્યારે જોવા મળ્યું જ્યારે બજારના ખરીદદારોએ ઓછા પણ મોટા સોદા કરવાનું પસંદ કર્યું છે. જાન્યુઆરી-જુલાઈ ૨૦૨૬ દરમિયાન ભારતના કુલ સોદા મૂલ્યમાં ૧ બિલિયન ડોલરથી વાધુના ડીલ્સનો હિસ્સો અડાધોઅડાધ રહ્યો, જે અગાઉના વર્ષે ૩૪% હતો; જ્યારે ૫૦૦ મિલિયન ડોલરથી વાધુના ડીલ્સનો હિસ્સો ૪૯% ની સામે વાધીને ૫૯% થયો હતો. ૧૦૦ મિલિયન ડોલરથી વાધુના સોદાઓ બજારની સરખામણીએ વાધુ મજબૂત રહ્યા, જેમાં ચાલુ વર્ષે અત્યાર સુાધીમાં ૪૫ સોદા થયા (૨૦૨૫ ના આ જ સમયગાળામાં ૫૧ અને ૨૦૨૪ માં ૩૭ સોદા થયા હતા) હતા. સૌથી મોટો ઘટાડો નાના સોદાઓમાં નોંધાયો હતો.

## સેન્સેક્સ 299 અંક વધીને 74,828 પર બંધ

- **નિફ્ટી પણ 118 અંક વધીને 23,447 પર પહોંચ્યો, બેન્કિંગ અને FMCG શેરોમાં વધુ ખરીદી જોવા મળી**

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 23 સપ્ટેમ્બરે તેજી રહી. સેન્સેક્સ 299 પોઈન્ટ વધીને 74,828 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 118 પોઈન્ટની તેજી રહી, તે 23,447 પર બંધ થયો. આજના કારોબારમાં ફાર્મા, બેન્કિંગ, FMCG અને રિયલ્ટી શેરોમાં વધુ ખરીદી જોવા મળી. સ્વાસ્તિકા ઈન્ફ્રા, એલિવેટ કેમ્પસ, એડ્રોઈટ ઈન્ડસ્ટ્રીઝ અને આર્મી ઈન્ફોટેકના IPO આજથી ખુલ્યા છે. રોકાણકારો તેમાં 25 સપ્ટેમ્બર સુધી બોલી લગાવી શકશે. સ્વાસ્તિકા ઈન્ફ્રા આ IPO દ્વારા 160.88 કરોડ રૂપિયા, એલિવેટ કેમ્પસ 2,100 કરોડ રૂપિયા, એડ્રોઈટ ઈન્ડસ્ટ્રીઝ 150.71 કરોડ રૂપિયા અને આર્મી ઈન્ફોટેક 300 કરોડ રૂપિયા એકત્ર કરવા માંગે છે. નાસ્ડેક સ્ટોક એક્સચેન્જે ઓલ-ટાઈમ હાઈનો નવો રેકોર્ડ બનાવ્યો છે. રોકાણકારોએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ની સુરક્ષા સાથે જોડાયેલી ચિંતાઓ, ટેક કંપનીઓના ઊંચા વેલ્યુએશન અને અમેરિકા-ઈરાન યુદ્ધને અવગણીને બજારને રેકોર્ડ હાઈ પર પહોંચાડી દીધું. મંગળવારે નેસ્ડેક કમ્પોઝિટ ઈન્ડેક્સમાં 0.45%નો ઉછાળો નોંધાયો. આ વર્ષે અત્યાર સુધીમાં તેમાં 17%નો વધારો થયો છે. આ ઈન્ડેક્સમાં એનવિડિયા, એપલ અને માઈક્રોસોફ્ટ જેવી અમેરિકન ટેક કંપનીઓ સામેલ છે.

### AMCની ઘોર બેદરકારીનો પર્દાફાશ!!

# સરદારનગરના નોબલનગરમાં લાખોના ખર્ચે બનેલું શાકભાજી માર્કેટ શરૂ થાય તે પહેલાં જ બની ગયું ખંડેર




### ચોરોએ 12 લાખની લોખંડની જાળીઓ અને વાયરિંગ સાફ કરી નાખ્યું! : કોર્ટમાં આ મામલે માત્ર તારીખો પડતી રહી અને બીજી બાજુ અસલી 'ચુકાદો' ચોરોએ આપી દીધો!

**અમદાવાદ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના વહીવટી તંત્રની નિષ્ક્રિયતા, ભ્રષ્ટાચાર અને પ્રજાના ટેક્સના પૈસાના આડેધડ વેડફાટનો વધુ એક અત્યંત ચોંકાવનારો અને લાલઘૂમ કરી દે તેવો કિસ્સો સામે આવ્યો છે. શહેરના સરદારનગર વોર્ડ અંતર્ગત આવતા નોબલનગર વિસ્તારમાં પ્રેમપ્રકાશ આશ્રમ સામે લાખો રૂપિયાના જનતાના પરસેવાની કમાણીથી એક નવું શાકભાજી માર્કેટ ઊભું કરવામાં આવ્યું હતું, પરંતુ કમનસીબી એ છે કે આ માર્કેટ લોકો માટે ખુલે કે શરૂ થાય તે પહેલાં જ તંત્રની ઘોર બેદરકારીને કારણે ખંડેર બની ચૂક્યું છે!

મળતી વિગતો મુજબ, આ પ્રોપર્ટીનો મામલો હાઈકોર્ટમાં પેન્ડિંગ હોવાના કારણે માર્કેટના મુખ્ય દરવાજા પર ૩-૩ મોટા તાળાં લટકાવી દેવામાં આવ્યા હતા.

કાગળ પર તો તંત્રએ તાળાં મારીને પોતાની જવાબદારી પૂરી કરી દીધી હોવાનો દાવો કર્યો હતો, પરંતુ જમીની હકીકત એ હતી કે આ સરકારી મિલકતને ભગવાન ભરોસે રઝળતી મૂકી દેવામાં આવી હતી.

કોર્ટમાં આ મામલે માત્ર તારીખો પડતી રહી અને બીજી બાજુ અસલી 'ચુકાદો' ચોરોએ આપી દીધો! બાજુના પ્લોટની તૂટેલી દીવાલનો લાભ લઈને તસ્કરોએ માર્કેટની અંદર એન્ટ્રી કરી હતી. અંદર બનેલા કુલ ૮૪ ઓટલામાંથી તૂફાની ચોરોએ એક-બે નહીં પરંતુ પૂરા ૭૦ ઓટલાની આશરે ૧૨ લાખ રૂપિયાની કિંમતની લોખંડની ભારે જાળીઓ, વીજળીના લાઈટ-પાવર બોર્ડ અને આખું ઈલેક્ટ્રિક વાયરિંગ ઉખેડીને ચોરી કરી ગયા છે. સરકારી મિલકતની સુરક્ષા માટે રાખવામાં આવેલી લાપરવાહીના કારણે ચોરોએ આખા માર્કેટને સફાચટ કરી નાખ્યું છે.

સૌથી મોટો સવાલ એ ઊભો થાય છે કે આ પ્રોજેક્ટના કોન્ટ્રાક્ટરને તો તેનું સંપૂર્ણ પેમેન્ટ પણ ચૂકવી દેવામાં આવ્યું છે, પરંતુ જ્યારે માર્કેટની સુરક્ષા કે તેના હેતુની વાત આવી ત્યારે AMCનું આંખ આડા કરવાનું વલણ સામે આવ્યું છે. જનતાના પરસેવાના ટેક્સના પૈસાથી બનેલી આ ભવ્ય મિલકત આજે અસામાજિક તત્વો અને ચોરોનું અડ્ડો બની ગઈ છે. તંત્રની આ અક્ષમ્ય બેદરકારી અને નબળા વહીવટ સામે સ્થાનિક રહેવાસીઓ અને વેપારીઓમાં ભારે આક્રોશ ફેલાયો છે. પ્રજા પૂછી રહી છે કે શું AMCના અધિકારીઓની મિલીભગત વગર આટલી મોટી ચોરી શક્ય છે ખરી? આ મામલે જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી ક્યારે થશે તે મોટો સવાલ છે.

## સંક્ષીપ્ત સમાચાર

### નરોડામાંથી દોઢ કરોડની કિંમતની સ્પર્મ વ્હેલની કિંમતી 'એમ્બરગ્રીસ' સાથે ત્રણ શખ્સો ઝડપાયા

અમદાવાદ શહેરમાં ગેરકાયદેસર અને પ્રતિબંધિત ચીજવસ્તુઓની હેરાફેરી સામે ક્રાઈમ બ્રાન્ચે વધુ એક લાલ આંખ કરી છે. શહેરના સંવેદનશીલ વિસ્તાર ગણાતા નરોડામાંથી ક્રાઈમ બ્રાન્ચે આંતરરાષ્ટ્રીય બજારમાં કરોડો રૂપિયાની કિંમત ધરાવતા વ્હેલ માછલીના અવશેષ સાથે ત્રણ શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા છે. આ કાર્યવાહીથી વન્યજીવ તસ્કરો અને દાણચોરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. મળતી માહિતી મુજબ, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે નરોડા વિસ્તારમાં કેટલાક શખ્સો ગેરકાયદેસર રીતે વ્હેલ માછલીના કિંમતી પદાર્થની હેરાફેરી કરી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને મહેશ રાઠોડ, કિરણ ઉર્ફે ભુરો ભરવાડ અને કરણ ગોડ નામના ત્રણ શકમંદોની ધરપકડ કરી છે.

### અમદાવાદના આંબાવાડીના મહેનતપુરામાં રિડેવલપમેન્ટનો વિવાદ ચરમસીમાએ

અમદાવાદ શહેરના પોશ વિસ્તાર ગણાતા આંબાવાડીના મહેનતપુરામાંથી એક અત્યંત ચોંકાવનારી અને રાજકીય ગરમાવો લાવતી ઘટના સામે આવી છે. વિસ્તારના વિકાસ અને આધુનિકરણ માટે લાવવામાં આવેલા 'રિડેવલપમેન્ટ' (Redevelopment) પ્રોજેક્ટને લઈને વિવાદ હવે ચરમસીમા પર પહોંચી ગયો છે. એક તરફ સરકાર દેશ અને રાજ્યમાં વિકાસના નવા કીર્તિમાન સ્થાપવા માટે રાત-દિવસ એક કરી રહી છે, તો બીજી તરફ કેટલાક સ્વાર્થી તત્વો જાણી જોઈને આ વિકાસના રથને રોકવા માટે એડી-ચોટીનું લગાવી રહ્યા છે. સવાલો એ ઊભા થઈ રહ્યા છે કે જો સ્થાનિક સ્તરે કે પ્રોજેક્ટમાં કોઈ બાબતનો વિરોધ હોય, તો તેનો લોકતાંત્રિક કે કાયદાકીય માર્ગે વિરોધ કરી શકાય છે.

### કુબેરનગરમાં લારીવાળાને માર મારી તોડફોડ કરી : ભાજપના કોર્પોરેટરની યુવક સાથે ઉગ્ર બોલાચાલી

અમદાવાદના કુબેરનગર વિસ્તારમાં નાસ્તાની લારી પર વહેલી સવારે ત્રણ યુવકો દ્વારા પૈસા આપવા બાબતે લારી ધારક અને તેની પત્ની પર હુમલો કરવાની ઘટના બની હતી. લારીમાં તોડફોડ કરીને મારા મારી કરવામાં આવી હતી. જેના પગલે લારી ધારક સરદારનગર વોર્ડના ભાજપના કોર્પોરેટર સન્નીખાન ચંદાણીની ઓફિસે રજૂઆત કરવા ગયો હતો. તોડફોડ અને મારામારી કરનાર એક યુવક નજીકમાં જ રહેતો હોવાથી તેને બોલાવીને આ બાબતે વાતચીત કરતા તેણે ભાજપના કોર્પોરેટર સાથે પણ ઉગ્ર બોલાચાલી કરી હતી. જેથી સરદારનગર પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી. લારીધારકે પણ સરદારનગર પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી, ત્યારે પોલીસ દ્વારા આ મામલે ગુનો નોંધવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

### મોલ-સોસાયટીઓમાંથી જાળી ચોરતી ગેંગનો પર્દાફાશ, 167 કિલો લોખંડ સાથે 1 ઝડપાયો

અમદાવાદ શહેરમાં રાત્રિના સમયે મોટા મોલ અને સોસાયટીઓમાંથી ગટરના ઢાંકણા તેમજ લોખંડની ગ્રીલની ચોરી કરતી ગેંગના એક સાગરીતને LCB ઝોન-7ની ટીમે ચોરીના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો છે. આરોપીની ધરપકડ થતાં 2 ગુનાઓનો ભેદ ઉકેલાયો છે. ઝોન-7 લોકલ ક્રાઈમ બ્રાન્ચ(LCB)એ બુધવારે(23 સપ્ટેમ્બર) અમદાવાદ શહેરના ફતેવાડીના 26 વર્ષીય અર્શદ યુનુસભાઈ ઝુબેરભાઈ પઠાણની રાત્રિના સમયે લોખંડના ગટરના ઢાંકણાં અને ગ્રીલ્સની ચોરી કરવાના આરોપસર ધરપકડ કરી હતી.

### પિતા-પુત્રએ RBIમાં જમા કરાવવાની 2000ની નોટોના 11.86 લાખ અંગત કામ માટે વાપરી નાખ્યા

ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ખાતે બદલવા માટે મોકલાયેલી ૨૦૦૦ રૂપિયાની ચલણી નોટોના 11.86 લાખ રૂપિયાના ઈન્સ્યોર્ડ પાર્સલ શાહીબાગ નેશનલ સોર્ટિંગ હબમાંથી અંગત ઉપયોગ માટે રાખી લઈ છેતરપિંડી આચરવા બદલ નિવૃત્ત કર્મચારી અને તેના પુત્ર સામે શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

આંતરિક ઓડિટમાં ગોટાળો પકડાયા બાદ પિતા-પુત્ર પાસેથી વ્યાજ અને પેનલ્ટી સહિત કુલ 13.12 લાખ રૂપિયા વસૂલ કરવામાં આવ્યા હતા. તેમ છતાં સરકારી નાણાં અને હોદ્દાનો દુરુપયોગ કરવા બદલ હબના મેનેજર દ્વારા બંને સામે કાયદેસરની ફરિયાદ નોંધાવવામાં આવી છે.

શાહીબાગ નેશનલ સોર્ટિંગ હબમાં મેનેજર તરીકે ફરજ બજાવતા દર્શન તપસ્વીએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, ઓક્ટોબર 2023માં આસિસ્ટન્ટ ડાયરેક્ટર જનરલ ઓફ પોસ્ટના પરિપત્ર બાદ નાગરિકોએ પોતાની પાસેની ૨૦૦૦ રૂપિયાની નોટો RBI ખાતે જમા કરાવવા પોસ્ટ મારફતે ઈન્સ્યોર્ડ આર્ટિકલ મોકલવાનું શરૂ કર્યું હતું.

## નરોડા પોલીસ મથકનો કર્મી ગૌરાંગ દવે નશામાં ચૂર થઈને કાર સાથે અકસ્માત સર્જી ફરાર

### યુવતી ઈજાગ્રસ્ત; એલ ડિવિઝન પોલીસે ગુનો નોંધી ધરપકડ કરી જામીન પર છોડ્યો!

**અમદાવાદ**

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની જેની જવાબદારી છે, તે જ ખાખી વર્દીધારીઓ જ્યારે કાયદાના ધજાગરા ઉડાવવા પર ઉતરી આવે ત્યારે સામાન્ય પ્રજાએ કોની પાસે ન્યાય માંગવો? અમદાવાદ શહેરમાંથી પોલીસ વિભાગની આબરૂને કલંકિત કરતી એક અત્યંત શરમજનક અને લાલઘૂમ કરી દે તેવી ઘટના સામે આવી છે. નરોડા પોલીસ મથકમાં ફરજ બજાવતા એક પોલીસકર્મીએ દારૂના નશામાં ચૂર થઈને અકસ્માત સર્જ્યો હોવાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે, જેના કારણે પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે. મળતી વિગતો અનુસાર, ચાંદખેડા વિસ્તારમાં આવેલા પ્રખ્યાત સપ્તેશ્વર મહાદેવ મંદિર રોડ પર નશાની હાલતમાં ટાબરિયાની જેમ ગાડી હંકારતા એક ચાલકે ગંભીર અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં રસ્તા પરથી પસાર થઈ રહેલી એક નિર્દોષ યુવતીને ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, ટક્કર એટલી જોરદાર હતી કે યુવતી હવામાં ફંગોળાઈ ગઈ હતી અને



રોડ પર લોહીલુહાણ હાલતમાં પટકાઈ હતી. આ ગંભીર અકસ્માત બાદ જ્યારે ગાડીચાલકની ઓળખ કરવામાં આવી, ત્યારે કાયદાના રખેવાળોની પોલ ખુલી ગઈ હતી. ગાડી હંકારનાર શખ્સ બીજું કોઈ નહીં પરંતુ ખુદ નરોડા પોલીસ મથકમાં ફરજ બજાવતો પોલીસ કર્મી ગૌરાંગ દવે હોવાનું સામે આવ્યું છે. દારૂબંધીના કડક દાવા કરતી ગુજરાત પોલીસનો જ એક સૈનિક જ્યારે ખુલ્લેઆમ ડ્રિન્ક એન્ડ ડ્રાઈવ કરીને રસ્તા પર નિર્દોષ નાગરિકોના જીવ જોખમમાં મૂકે, ત્યારે આખી સિસ્ટમ પર સવાલિયા નિશાન ઊભા થવા સ્વાભાવિક છે.

### પ્રોજેક્ટમાંથી આપ્યું રાજીનામું

## ગુજરાત યુનિ.ના પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તાએ વિવાદ વચ્ચે 14 કરોડથી વધુની ગ્રાન્ટ પરત કરી

**અમદાવાદ**

ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તાએ વિવાદો વચ્ચે 14 કરોડથી વધુની રકમ યુનિવર્સિટીને પરત જમા કરાવી છે. પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ અને 'બ્રેઈન મેપિંગ પ્રોજેક્ટ' હેઠળ મળેલી ગ્રાન્ટ અંગત ખાતામાં ટ્રાન્સફર થતાં વિવાદ સર્જાયો હતો. નિવૃત્ત જજની કમિટી તપાસ કરી રહી હોવાથી, તેમણે આ રકમ પરત કરી અને પ્રોજેક્ટના પ્રિન્સિપાલ ઈન્વેસ્ટિગેટર પદેથી રાજીનામું આપ્યું. ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તાને લઈને સર્જાયેલા ભારે વિવાદ વચ્ચે એક મોટા સમાચાર સામે આવ્યા છે. યુનિવર્સિટીને મળેલી વિવિધ ગ્રાન્ટની કરોડો રૂપિયાની રકમ



પોતાના અંગત ખાતામાં ટ્રાન્સફર કરાવવાના આરોપો અને વિવાદ વચ્ચે પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તાએ 14 કરોડ રૂપિયાથી વધુની રકમ યુનિવર્સિટીમાં પરત જમા કરાવી દીધી છે. મળતી માહિતી મુજબ, ગુજરાત યુનિવર્સિટીને પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ (PMJVK) અને 'બ્રેઈન મેપિંગ પ્રોજેક્ટ' હેઠળ કરોડો રૂપિયાની ગ્રાન્ટ મળી હતી. આ બંને પ્રોજેક્ટ હેઠળ આવેલી ગ્રાન્ટની રકમ નીરજા ગુપ્તાના પર્સનલ બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર થઈ હોવાનું સામે આવતાં મોટો વિવાદ ઊભો થયો હતો. કુલપતિ તરીકેનો કાર્યકાળ પૂર્ણ થઈ ગયો હોવા છતાં નીરજા ગુપ્તા આ બંને મહત્વના પ્રોજેક્ટમાં 'પ્રિન્સિપાલ ઈન્વેસ્ટિગેટર' તરીકે સક્રિય રહ્યા હતા. જોકે, વિવાદ વકરતાં અને નિવૃત્ત જજની કમિટી દ્વારા આ મામલે તપાસ ચાલી રહી હોવાના પગલે, તેણે 14 કરોડ રૂપિયાથી વધુની રકમ પરત કરવા સાથે PMJVK પ્રોજેક્ટમાંથી રાજીનામું આપી દીધું છે. આ સમગ્ર મામલે ઈનચાર્જ કુલપતિ જગદીશ જોશીએ જણાવ્યું કે, 'ગુજરાત યુનિવર્સિટીમાં પ્રધાનમંત્રી જન વિકાસ કાર્યક્રમ એટલે કે, PMJVK નામના પ્રોજેક્ટ માટે 40 કરોડ રૂપિયાની ગ્રાન્ટ મંજૂર થઈ હતી.

## અમદાવાદના ઔદ્યોગિક એકમોને શહેર બહાર ખસેડવા 'THRIVE' નીતિનો ધડાકો

### સુરેન્દ્રનગર અને ખેડામાં 1,700 એકર જમીન અનામત, પણ GCCIની ચેતવણીથી ઉદ્યોગ જગતમાં ફફડાટ મચ્યો!

**અમદાવાદ**

ગુજરાતમાં ઉદ્યોગો અને શહેરી વિકાસની દિશામાં એક અત્યંત મહત્વપૂર્ણ અને મોટા સમાચાર સામે આવ્યા છે. અમદાવાદ મહાનગર પાલિકાની હદમાં વર્ષોથી ધમધમતા ઔદ્યોગિક એકમોને હવે શહેરની બહાર ખસેડવા માટે રાજ્ય સરકારે કમર કસી લીધી છે. હાઈકોર્ટના કડક નિર્દેશો, વધતા જતા પ્રદૂષણ પર લગામ કસવા અને આગામી કોમનવેલ્થ ગેમ્સ-2030 (Commonwealth Games-2030)ની ભવ્ય તૈયારીઓને ધ્યાનમાં રાખીને સરકારે 'THRIVE' (Transition for Harmonised Relocation and Inclusive Vibrant Economy) યોજનાની જાહેરાત કરી છે. આ માસ્ટર પ્લાન હેઠળ સરકારે ઉદ્યોગોના પુનર્વસન માટે કુલ 1,700 એકર જમીન ફાળવી છે. સરકારની આ મહત્વાકાંક્ષી યોજના અંતર્ગત અમદાવાદના ઉદ્યોગોને શિફ્ટ કરવા માટે બે મુખ્ય જિલ્લાઓમાં જમીન અનામત રાખવામાં આવી છે. સુરેન્દ્રનગર જિલ્લામાં ૧,૧૦૦ એકર જમીન ફાળવવામાં આવી છે. ખેડા જિલ્લામાં ૬૦૦ એકર જમીન અનામત રાખવામાં આવી છે. આ યોજના હેઠળ જીઆઈડીસી (GIDC) અને ખાનગી જમીન પર ધમધમતા એકમોને આકર્ષક સબસિડી અને પ્રોત્સાહનો સાથે બહાર ટ્રાન્સફર કરવામાં આવશે. ઉદ્યોગોને શિફ્ટિંગ દરમિયાન થનારા આર્થિક નુકસાન અને નાણાકીય બોજને હળવો કરવા માટે THRIVE નીતિમાં વિશેષ જોગવાઈઓ કરવામાં આવી છે. ઉદ્યોગોને છ મહિના માટે પ્રતિ કર્મચારી રૂ. 5,000 ની માસિક વેતન સહાય સબસિડી આપવામાં આવશે. નવા સ્થળે ઈન્ડસ્ટ્રિયલ પાર્ક અને કોમન પર્યાવરણીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર (સામાન્ય પર્યાવરણીય સુવિધાઓ) ઊભી કરવા માટે માતબર કેપિટલ સબસિડી પૂરી પાડવામાં આવશે. એક તરફ સરકાર આ યોજનાને ઉદ્યોગો અને પર્યાવરણ માટે વરદાનરૂપ ગણાવી રહી છે, તો બીજી તરફ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (GCCI) દ્વારા આ યોજના સામે ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે.

### અમદાવાદના શ્રેયસ બ્રિજ નીચે ટ્રાફિક જામથી પ્રજા ત્રાહિમામ: રોજેરોજ હાલાકી છતાં 'ખાખી' ગાયબ

**અમદાવાદ**

અમદાવાદ શહેરમાં ટ્રાફિક નિયમન અને સ્માર્ટ સિટીના દાવાઓની પોલ ખોલતી એક અત્યંત રોષ ભરેલી ઘટના સામે આવી છે. શહેરના વ્યસ્ત વિસ્તાર ગણાતા શ્રેયસ બ્રિજ નીચે છેલ્લા કેટલાક દિવસોથી રોજેરોજ સર્જાતી ટ્રાફિક જામની ગંભીર સમસ્યાથી સ્થાનિક રહેવાસીઓ, રાહદારીઓ અને વાહનચાલકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ છે કે ટ્રાફિક નિયંત્રણ કરવા માટે સરકારી તંત્ર કે પોલીસના બદલે ખુદ આમ જનતા અને વાહનચાલકોને રસ્તા પર ઉતરીને ટ્રાફિક ક્લિયર કરવાની નોબત આવી રહી છે. સ્થાનિક વાહનચાલકો અને રાહદારીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે કે આટલા મોટા અને સંવેદનશીલ જંક્શન પર કલાકો સુધી ટ્રાફિક જામ રહેવા છતાં ટ્રાફિક પોલીસ કેમ ફરકતી નથી? લોકો સવાલો પૂછી રહ્યા છે કે, 'શું માત્ર ક્યારેક જ ટ્રાફિક પોલીસ દેખાશે? જ્યાં રોજ કલાકો સુધી ટ્રાફિકની ભયંકર સમસ્યા રહે છે, ત્યાં પોલીસ કાયમી ધોરણે કેમ તૈનાત નથી થતી?'

### 2 યુવતી સહિત 7ની ધરપકડ

## હંસપુરામાંથી અમેરિકાના લોકોને છેતરતું કોલ સેન્ટર ઝડપાયું

**અમદાવાદ**

અમદાવાદના હંસપુરામાં અમેરિકન નાગરિકો સાથે છેતરપિંડી કરતું કોલ સેન્ટર નરોડા પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યું છે. અમેરિકન નાગરિકોના બેન્ક એકાઉન્ટનો ડેટા મેળવીને બેંકના વકીલ હોવાની ખોટી ઓળખ આપી લોન સેટલમેન્ટ કરવાના બહાને ઈ-મેલ કરતા હતા.

જો કોઈપણ વ્યક્તિ રીપ્લાય આપે તો સસ્તામાં લોન સેટલમેન્ટ કરવાની લાલચ આપી ક્રેડિટ કાર્ડની વિગત મેળવીને અમેરિકન નાગરિકના બેંક ખાતામાંથી પૈસા કાપીને બિટકોઈન સ્વરૂપે મેળવી ભારતીય નાણામાં રૂપાંતરિત કરી દેતા હતા અને આંગડિયા પેઢીથી પૈસા મેળવી લેતા હતા. બે યુવતી સહિત સાત લોકોની પોલીસે ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. ઝોન 4 DCP અતુલ બંસલે કહ્યું હતું કે, આરોપી જીગ્નેશ અગાઉ કોલ સેન્ટરમાં કામ કરી ચૂક્યો છે અને બાકીના લોકોને તેણે 10,000 રૂપિયા માસિક પગાર ઉપર નોકરીએ રાખ્યા હતા. છેલ્લા પાંચથી છ મહિનાથી આ કોલ સેન્ટર ચલાવવામાં આવી રહ્યું હતું. 'મુખ્ય




આરોપીની ટેલિગ્રામથી લીડ મેળવવામાં આવી હતી. અગાઉ શરૂઆતમાં ડેટા એન્ટ્રીનું કામ શરૂ કરાયું હતું, જોકે તેમાં તેની સાથે છેતરપિંડી થઈ હતી. ત્યારબાદ તેણે યુવક યુવતીને નોકરી પર રાખીને કોલ સેન્ટર શરૂ કરી દીધું હતું. બે યુવતીમાંથી એક યુવતી તેની બહેન છે. અંદાજિત 10 લાખ લોકોને તેણે બલ્ક મેસેજ કર્યા હતા, જેમાં અત્યાર સુધીમાં 200થી વધુ લોકો ભોગ બની ચૂક્યા છે અને રૂ.38 લાખની છેતરપિંડી કરાઈ હોઈ શકે છે. ટેલિગ્રામના ગ્રુપ અને ક્રિપ્ટો કરન્સીના જે વોલેટ મળ્યા છે, તેની તપાસ કરવામાં આવશે અને મુખ્ય આરોપી સુધી પહોંચવાની તજવીજ આગળ કરાશે.'

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI